


બૅલેજગતમાં
'વન્ડરમૅન'
ગણાતા
રૂડૉલ્ફ ન્યૂરેવની
એક
વીજ-ઝબકાર
સમી
વિરલ
ઉત્પ્લવન છટા.
જુઓ
આ અંકમાંનું
એનું
ચરિત્ર

સંસ્થાપક
રવિશંકર
રાવળ
વર્ષ
ત્રેપનમું
અંક
નવમો
સપ્ટેમ્બર
૧૯૭૬
સળંગ અંક
૬૩૩

કુમાર

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક

તંત્રી
બચુભાઈ
રાવત



જાપાની ગામની ભાગોળ: જાપાની લિપિની પેઠે તેની ચિત્રકળાનો મૂળ પ્રેરક સ્રોત પણ ચીની હોવા છતાં તેમાં તેની પોતીકી વિશિષ્ટતાઓ તરત જુદી તરી આવે છે. સાદી સચોટતા એ તેનો મુખ્ય ગુણ છે. પૂર્વના દેશોની પદ્ધતિ અનુસાર સામાન્યતઃ કલ્પિત ધ્યાનચિત્રો એમાં દોરાતાં હોવા છતાં એ કળામાં વાસ્તવદર્શી શૈલી પણ છે. તેમાં કુદરત તથા માનવનાં આલેખન વધુ આબેહૂબ બનતાં હોવાથી તે ત્યાં 'ઉકીયો-યે' (દુનિયાનું દર્પણ) નામથી જાણીતી છે, અને 'હોકુસાઈ' તથા 'હીરોશીગે' જેવા સમર્થ કલાસ્વામીઓ તેમાં થઈ ગયા છે. એ શૈલીના આ ચિત્રમાં, પાછળ દેખાતા સરોવરને કાંઠે ઝાડની છાયામાં આવેલી દુકાન આગળ માલનાં ગાડાં આવતાં આલેખ્યાં છે. ચિત્રને કપલે જમણે ખૂણેથી આવતી ગાડાની હારને સમાંતરે ગોઠવાએલાં ઘર તથા દુકાન, ચિત્રને વીંધતી ગોળાકાર કર્ણરેખાવાળું મધુર સંયોજન રચે છે, અને એ પ્રવાહ જ્યાં નીચલે ખૂણે અટકે છે ત્યાં આગળ દુકાનની અંદરની લીલા તેમજ બહાર પાણીના હોજ પાસે કપડાં પલાળતા માણસની પ્રવૃત્તિ દૃષ્ટિને રસમય રીતે કેન્દ્રિત કરે છે. જાપાની ઝાડ અને મકાન, ગાડાં અને પાડા બધાંની લાક્ષણિકતા તેમાં જોવા મળે છે.

સપ્ટેમ્બર ૧૯૭૬ · અંક ૬૩૩

તંત્રી: બચુભાઈ રાવત — ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઇ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ: રૂ.૨૪-૦૦; પરદેશ: રૂ.૪૦ યા પાઉન્ડ ૨ યા ડૉ. ૫-૫૦; છૂટક નકલ: રૂ.૨-૫૦

વાચકો લખે છે...

સ્વ. દેવીપ્રસાદ રાયચૌધરી

થોડાક માસ પહેલાં ભારતના મહાન કલાકાર દેવીપ્રસાદ રાયચૌધરીના નિધન-સમાચાર વાંચી ઊંડા આઘાતની લાગણી અનુભવેલી. 'કુમારે' જાન્યુ '૭૬ના અંકમાં તેમના ચિત્ર અને જીવન દ્વારા 'કુમાર'ને શોભે તેવી શ્રદ્ધાંજલિ અર્પી ગણાય. તેમના શિષ્યની કલમે મહાન કલાકારના જીવનનો પરિચય પ્રાપ્ત થયો. તેમનામાં રહેલી સર્વગુણસંપન્નતા જોઈ ખૂબ જ પ્રભાવિત થયો. 'કુસ્તી અને શિલ્પ' ન સંભવે તેવો સંયોગ છે. આ બધાંમાં તેમની સાદગી ને મર્દાનગી, કાર્ય કરવાની ધગશ અન્ય કલાકારને દિશાસૂચન કે રાહબર બની શકે તેવી છે.

તેમનાં કાર્યાન્વિત શિલ્પો ચિત્તમાં ઊંડું આકર્ષણ જમાવે છે. તેમનાં ચિત્રો જ સ્વયંભૂ સમજૂતી આપતાં લાગે છે. ક્યાંય ન જોયાં હોય તેવાં શિલ્પો 'ભીષણ પરિશ્રમ', 'તરતી સ્ત્રી' અને 'શ્રમજીવી' છે. તેમનાં ચિત્રોમાં રંગ-રેખાનું સુંદર સંયોજન થએલું છે. હમણાં જ 'ઉદાત્ત શિક્ષણ' નામના શૈક્ષણિક સામયિકમાં તેના તંત્રીશ્રી પ્ર. ત્રિવેદીએ દેવીપ્રસાદ રાયચૌધરીનાં થોડાં ચિત્રો આપેલાં જે બહુ જ આકર્ષક અને સ્પષ્ટ હતાં. પરંતુ 'કુમાર'ના જ બ્લૉક હોય પછી તેમાં શું કહેવાનું હોય? તે અંકમાં પ્ર. ત્રિવેદીએ પોતાની આગવી અને રસાળ શૈલીમાં કલાકારનો પરિચય અને અનેક ચિત્રકૃતિઓ સમજાવેલી. જોકે તે ચિત્રો સ્વયં સ્પષ્ટ હોવાથી સમજાવવાં પડે તેમ નથી જ. જ્યાં ચિત્રોને જ વાચા ફૂટતી હોય ત્યાં આપણા શબ્દો તો ઊણા જ રહેવાના ને?

'કુમાર'નાં આટલાં ચિત્રોથી મને નિરાંત થઈ નથી—દેવીપ્રસાદ રાયચૌધરીનાં આટલાં ઉત્તમ ચિત્રો બસ નથી. તેમનાં વધારે ચિત્રો અને તેમાંય શિલ્પો જે મને સવિશેષ સ્પર્શી ગયાં છે તે પ્રકટ કરશો. આશા અસ્થાને તો નથી જ!*

(રાજકોટ) —રવજીભાઈ ડાભરિયા

[એમના રંગીન ચિત્ર સાથે બીજાં ઘણાં શિલ્પ-ચિત્ર અગાઉ 'કુમાર'ના ૩૪૩મા અંકમાં વિસ્તૃત ચરિત્રમાં આવી ગયાં.]

રામને અગ્નિદાહ?

માર્ચ અંકની 'માધુકરી'માં અયોધ્યાની ચર્ચા કરતાં રામના અગ્નિદાહ વિષે અછડતો ઉલ્લેખ છે, તે કયા આધારે થયો? સામાન્ય માન્યતા એવી છે કે રામે સરયૂ નદીમાં જળસમાધિ લીધી હતી.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

ત્રિભુવનદાસ ગજ્જર

જુલાઈ '૭૫ અંકમાં માસની વ્યક્તિવિશેષ તરીકે પ્રથિતયશ ડૉ. ત્રિભુવનદાસ ગજ્જરની ટૂંકી જીવનરેખા પ્રકટ થઈ છે. એમાં એ ગુજરાતી રસાયણશાસ્ત્રીના જીવનમાં બનેલા કેટલા યે જીવનપ્રસંગો માંહેનાં નીચે જણાવેલા એકની નોંધ ન લેવાય ત્યાં સુધી એ અધૂરી લાગે છે. મુંબાઈમાં મહારાણી વિક્ટોરિયાનું આરસનું એક મોટા કદનું બાવલું કોટ વિસ્તારમાં ચર્ચગેટ સ્ટેશન તરફ જતા સરિયામ રાજમાર્ગના ત્રિભેટા પર આવેલા ચોકમાં ઊભું કરવામાં આવ્યું હતું. વીસમી સદીની શરૂઆતના દસકા દરમિયાન એ બાવલાના ચહેરા પર કોઈ ચળવળખોરે વિચિત્ર પ્રકારનાં રસાયણ મિશ્રિત કાળો પદાર્થ લગાડી દઈને ભારતમાં એ સમયે સ્થાપિત અંગ્રેજી હકૂમતને ભયંકર અપમાન પહોંચાડયું હતું, જેને દૂર કરવા માટે એ સમયની ભારતની અંગ્રેજ સરકારે અથાગ પ્રયત્નો કર્યા હતા. ભારતના તો ઠીક પરન્તુ પાશ્ચાત્ય રસાયણશાસ્ત્રીઓની પણ સહાય એ કાળા પદાર્થને દૂર કરવાના કાર્ય માટે લેવામાં આવી હતી, છતાં યે એ બાવલાના મોઢા પર લગાડેલો કાળો રંગ દૂર કરી શકાયો નહોતો. પરિણામે અંગ્રેજ નોકરશાહીની નાસિપાસી અને મૂંઝવણનો કોઈ પાર રહ્યો નહોતો. એવે વખતે ડૉ. ત્રિભુવનદાસ ગજ્જરે તે રંગ દૂર કરવાનું બીડું ઝડપીને દુનિયાભરના રસાયણશાસ્ત્રીઓ જે કાર્ય કરવામાં નિષ્ફળ નીવડયા હતા તે કાર્યને અભૂતપૂર્વ સફળતાપૂર્વક પાર પાડી બતાવ્યું હતું. એવા વિજયી કૃત્યથી તેજોવધ પામેલા કોઈ ખાટસવાદિયાઓએ એ સમયે એવો વિસ્મયકારી ગપગોળો હાંકયો હતો કે એ કાળો રંગ લગાડવામાં ડૉ. ગજ્જરનો ગુપ્ત સહારો હોઈ ને જ તેઓ તેને દૂર કરી શકયા હતા. એ રીતે વહેતા મુકાયેલા એ ગપગોળાને પરિણામે ભારતની અંગ્રેજ નોકરશાહીના ઉચ્ચ અધિકારીઓ પણ વહેમાઈ ને વિમાસણમાં પડી ગયા હતા, એટલે ડૉ. ગજ્જરની જીવનચર્યા પર ચાંપતી નજર રાખવાની ખાસ યોજના કરવામાં આવી હતી. પરન્તુ એ ગપગોળો જ રહ્યો, કારણ કે તેનાં સમર્થન માટે અંશ પણ જરૂરી સાબિતી મળવા પામી નહોતી; છતાં ડૉ. ગજ્જર જીવ્યા ત્યાં સુધી તેમના પ્રત્યેનો અવિશ્વાસ દૂર થવા પામ્યો નહોતો.

સાથેસાથે એ પરિચયમાં સાહિત્યકાર ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી સાથે એક આદર્શ 'કલ્યાણગ્રામ'ની યોજના ઈ. ૧૯૧૨માં ડૉ. ગજ્જરે ઘડી હતી એમ કહેવામાં એક સરતચૂક રહેલી છે. ઈ. ૧૯૧૨ને બદલે ૧૯૦૨ જોઈએ; કારણ કે ગો. મા. ત્રિ. નો સ્વર્ગવાસ તો ઈ. ૧૯૦૭માં થઈ ચૂકયો હતો.

(ગોરેગામ-મુંબાઇ) —ત્રિભુવન વી. હેમાણી

[*પ્રસ્તુત પ્રસંગ અંક ૮૧માં પ્રસિદ્ધ થયેલા એમના વિસ્તૃત ચરિત્રમાં આપેલો છે.]

લતા મંગેશકરના ઉચ્ચારો

જુલાઈ '૭૫નો અંક ફરીથી જોતાં 'વાચકો લખે છે'માં એક વિવેચન 'લતા મંગેશકરના ઉચ્ચારો' બાબત વાંચ્યું. વિવેચકના કહેવા પ્રમાણે લતાજીના ઉચ્ચારો અશુદ્ધ હોય છે.

સંગીતમાં ઘણી વખત શબ્દના ખરેખરો ઉચ્ચાર કરવા જતાં તર્જના બંધારણ ને ગીતની કુમાશમાં વાંધો આવતો હોય છે. ગીત અને સંગીતની રચનામાં કર્કશ અને તીખા શબ્દોને બહુ અવકાશ નથી હોતો. ગીત શ્રવણની અને વાતાવરણની મજા એ ઉડાડી મૂકે છે.

આથી સંગીતકારો પણ કયારેક ગાયકને અમુક શબ્દ 'ગોળ ગોળ' ઉચ્ચારવાની શિખામણ આપતા હોય છે. બે'ક સ્થાનિક કંપોઝર્સ મારા મિત્રો હોઈ હું આ બાબત સ્પષ્ટ કરીને પછી જ લખું છું. લતા મંગેશકરની ખ્યાતિ માત્ર સંજોગ નથી. તેમના અવાજ અને આવડતમાં ખરેખર જાદુ રહેલું છે. જમાનો આખો તેમનો ચાહક છે.

વળી ફિલ્મોમાં કયા પ્રસંગને અનુરૂપ કયા પાત્રના મુખમાં લતાજીનું ગીત મૂકેલું છે તે પણ જોવાનું હોય છે. ગામડી સ્ત્રી પાસે તમે અણીશુદ્ધ, વ્યાકરણવાળી ભાષા ન અપેક્ષી શકો. અન્ય વાચકો પણ મારી સાથે સંમત થશે જ.

(શિવનગર-રાજકોટ-૪) —વિનય ત્રિવેદી

સ્વ. ડૉ. ય. ગુ. નાયક

ડૉ. યશવંતભાઈ જી. નાયકના અવસાનથી આપણે ભારે મોટી ખોટ અનુભવી છે. મારા પિતાશ્રી ડૉ. મોતીભાઈ પટેલ જ્યારે ગુજરાત યુનિવર્સિટી સિંડિકેટના સભ્ય તેમજ એની કેટલીક કમિટીઓના અધ્યક્ષ હતા ત્યારે ચર્ચા માટે મારે ત્યાં ઘણી વાર બેઠકો ભરાતી. એવી કેટલીક મીટિંગોમાં ડૉ. ય. ગુ. નાયક અને ડૉ. વિક્રમ સારાભાઈ પણ આવતા; ત્યારે એ ઉંમરે એમને નજીકથી નિહાળવાની તક સાંપડતી. અહોભાવથી હું એમને જોયા કરતો.

ડૉ. યશવંતભાઈ ભૌતિકશાસ્ત્રમાં ગુજરાતના સૌ પ્રથમ પીએચ. ડી. હતા અને પ્રો. સર સી. વી. રામન જેવા વૈજ્ઞાનિક એમની થીસિસના પરીક્ષક હતા, જેમની તે સારી એવી પ્રશંસા પામેલા, એ ઉપરથી જ એમની વિદ્વત્તાનો ખયાલ આવશે.

ડૉ. નાયક સાચા અર્થમાં વિદ્યાર્થીઓના

માર્ગદર્શક હતા અને કેટલા ય વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસાર્થે પરદેશ જવાનો રસ્તો મોકળો કરી આપેલો. ગરીબ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓ અપાવીને કે પૈસા અપાવીને આર્થિક ચિંતાઓથી મુક્ત પણ કરેલા.

'કુમાર', 'લોકજીવન' સહિત અનેક સામયિકોમાં એમણે વિજ્ઞાન અંગેના સાદી સરળ ભાષામાં લેખો લખ્યા છે અને વિજ્ઞાનવિષયક પુસ્તકોની સમીક્ષા પોતાની રીતે કરી છે. અનેક લોકભોગ્ય વિજ્ઞાન-પુસ્તકો ને પાઠ્ય પુસ્તકો આપીને પોતાની વિદ્યા દીપાવી છે, વિદ્યાઋણ ફેડયું છે અને વિજ્ઞાનની અદકેરી સેવા બજાવી છે. આપણે ત્યાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસાવે એવા વિજ્ઞાન-લેખકો બહુ ઓછા જ છે, ત્યારે એમની વિદાય વિશેષ સાલશે, ખરે જ તેમના જવાથી આપણને વિજ્ઞાનના વિષયમાં એક ઠરેલી કલમના લેખક-વૈજ્ઞાનિકની ખોટ પડી છે.

'કુમારે' એમના લેખો આપીને ઘણી મોટી સેવા બજાવી છે, એટલે કવિતાઓ ને વાર્તાઓનાં પારિતોષિકોની યાદીમાં ડૉ. નાયકનું નામ જોઇને ઘણો આનંદ થએલો. હજુ પણ વિજ્ઞાન અંગેનું પારિતોષિક કે પછી 'કુમાર ચંદ્રક' એમને આપીને વિજ્ઞાન-પ્રેમીઓને આપ સારું એવું પ્રોત્સાહન આપી શકો.

આ પત્ર દ્વારા દેશ તેમજ પરદેશમાં વસતાં એમનાં કુટુંબીજનોને આવી પડેલી આ આપત્તિમાં પૂરી દિલસોજી વ્યક્ત કરું છું. એમનું વિજ્ઞાનમય સારસ્વત જીવન સ્વયં ચિરશાંતિનું અધિકારી છે જ અને એ અનેકને પ્રેરણા આપતું બની રહો!

(અમદાવાદ) —સુશ્રુત પટેલ

થીઓસૉફિકલ સોસાએટી

અંક ૬૨૨માં 'થીઓસૉફિકલ સોસાએટી'નો જે પરિચય આપવામાં આવ્યો છે, એમાં ઉમેરવા જેવી એક હકીકત છે, અને તે આ ધર્મસમાજનો સર્વોપચાર–સમભાવ. રામકૃષ્ણ મિશનની પેઠે થીઓસૉફીએ સામ્યોપચાર–હોમિયોપથીના પ્રચારમાં અગ્રભાગ ભજવ્યો છે. મુંબાઈ ઈલાકાના એક થીઓસૉફિસ્ટ તુકારામ તાત્યાએ ડૉ. વી. એમ. કુલકર્ણીને બળિયાની રસીથી થએલો રસીરોગ (vaccinosis) હોમિયોપથીથી મટાડી એમની જિંદગી બચાવી એટલે એથી આકર્ષાઈ એ આ વિદ્યા શ્રી તાત્યા પાસેથી શીખ્યા અને વધુ અભ્યાસથી પોતાનો વિશેષ વિકાસ કરી મુંબાઈમાં મોટી પ્રૅક્ટિસ જમાવી હતી. મુંબાઈની જાણીતી રૉય ઍન્ડ કંપની એમણે જ સ્થાપેલી, ને મુંબાઈ ઈલાકામાં હોમિયોપથીના અગ્રેસર તરીકે ઘણું જ મહત્ત્વનું પાયાનું કામ કર્યું હતું.

એ જ રીતે નિસર્ગોપચારને ય આ સંસ્થાનો આશ્રય મળ્યો હતો. ડૉ. લિંડલાર અને યુસ્ટેસ માઈલ્સ જેવા અનેક વિશ્વવિખ્યાત નિસર્ગોપચારકો થીઓસૉફિસ્ટો હતા. ઓગણીસમી સદીનાં સામ્યોપચાર અને નિસર્ગોપચારનાં અનેક અમૂલ્ય અને અપ્રાપ્ય પુસ્તકો તેમજ 'Vaccination Inquirer' જેવાં માસિકોની ફાઇલો માટે અભ્યાસીઓને આજે ય થીઓસૉફિકલ સોસાએટીનાં પુસ્તકાલયોનો આશ્રય લેવો પડે છે. નિરામિષાહારની ચળવળને પણ આ સંસ્થા તરફથી વેગ મળ્યો હતો. શ્રી ઍની બિસન્ટ પોતે પણ ચુસ્ત નીરામિષાહારી, જીવચ્છેદન વિરોધી (Antivivisectionist) ને રસીનિષેધક (Antivaccinationist) હતાં. ભારતના મહાન જીવચ્છેદન વિરોધીઓ અને રસીનિષેધકો મહાત્મા ગાંધીજી, ટાગોર, વિવેકાનંદ અને વિનોબા સાથે ઍની બિન્સટનું નામ પણ તમામ વૈદકીય સુધારકોમાં સન્માનનીય લેખાય છે.

(સાનહોઝે અમેરિકા) -રમણલાલ એન્જિનિયર

ભગવતસિંહજીનું ભાષણ

અંક ૬૨૨માં શ્રી ત્રિભુવનભાઈ હેમાણીએ વિશ્વ-આરોગ્ય પરિષદના પ્રમુખ તરીકે સર ભગવતસિંહજીએ આપેલા ભાષણનો જે ઉલ્લેખ કર્યો છે તે ભાષણ મૂળ અંગ્રેજીમાં કે કોઈ ભારતીય ભાષામાં વાંચવા મળી શકે ખરું? જો એ ભાષણ હાલ પ્રાપ્ય હોય તો તે પુસ્તકાલય અથવા ખાનગી ગ્રંથસંગ્રહનું નામ આપી લેખક ઉપકૃત કરશે એવી આશા છે.

'ક્રાંતિકથામાં ગુજરાત' નામની શ્રી વિષ્ણુ પંડયાની લેખમાળામાં 'નડિયાદ પાટાકેસ'નો બિલકુલ ઉલ્લેખ નથી એ જરા નવાઈભર્યું છે. આજ સુધી 'કુમાર'માં પણ એ વિષે કૈં માહિતી પ્રગટ થઈ નથી એ ઘટના વિષે એક સાદ્યંત લેખ કોઈ અધિકારી લેખકની કલમે લખાવી 'કુમાર'માં પ્રગટ કરવા જેવો છે. ઈ. ૧૯૨૦-૨૨ના અરસામાં બનેલા આ કિસ્સાની થોડી જાણકાર વ્યક્તિઓ આજે પણ હયાત છે.

(સાનહોઝે-અમેરિકા) –રમણલાલ ઍન્જિનિયર

વ્રત-ઉત્સવો

૬૩૦મા અંકમાં 'આશાદશમી' પ્રસિદ્ધ થયું તે આંચકો આપે તેવી બીના છે. ઉપર જે કંઈ આપ્યું તેના બચાવનો જાણે પ્રયત્ન કરવામાં આવતો હોય તેવો તેનો છેલ્લો પૅરગ્રાફ છે. 'કુમાર' સાહસ અને પુરુષાર્થને પોષે એવું જ્ઞાન-વિજ્ઞાન સાહિત્ય વિશિષ્ટ રીતે પીરસે છે. ખગોળના ઉત્તમ લેખો આપવાની તેની પરિપાટી છે. તેમાં માસિક રાશિ ભવિષ્ય આપવા માંડે તો આવતી કાલનાં નાગરિકોને સાચો રાહ બતાવવાનું કહી શકાશે?—આજે તો આ અને આવું બધું આધુનિકતાના નામે તેમજ આદ્યને પુનઃપ્રસ્થાપિત કરવાના નામે ઘણું બધું ધતીંગ કહી શકાય તેવું અંધશ્રદ્ધાને પોષક બની રહ્યું છે. 'કુમાર'ને આમાંથી બચાવી લેવા વિનતિ છે.

(કડી) —ભાઈલાલભાઈ પટેલ

અભિનંદન

સર્વ જનતાનું આ 'કુમાર' માસિક ખરેખર અવર્ણનીય તેમ જ અદ્ભુત જ્ઞાન પાઠવે છે. તેમાં જે જાતજાતની જ્ઞાન-વાનગીઓ પીરસવામાં આવે છે તે ખરેખર અજોડ છે. જો 'કુમાર'નું બીજું નામ આપવાનું હોય તો તે 'સર્વજ્ઞાન સંગ્રહપોથી' આપી શકાય.

કુમારના સર્વ સ્ટાફ મિત્રોને તેમની મહેનત બદલ અભિનંદન.

(ભીલોડા) –વસિષ્ઠકુમાર અમૃતલાલ ઉપાધ્યાય

ચાંદનીમાં/રાજેન્દ્ર શાહ

• ગાન •

બીક મુંને રે'તી આ અંજવાળી રાતની:
એકલાં ઉઘાડા આ રાનમાં સોહામણા,
તે નજરું કૈં લાગે એ વાતની...
દૂધિયા તળાવ મહીં વાદળિયો વાન તારો
લ્હેર્યુંની લાંક લેતો જોઉં,
ખળખળતી છોળ આવી અંગ ભીનું ખેંચતી
હું એની ગોહે રે મને ખોઉં;
આ રે નવાણુને ઊંડાણુ ગમે એટલાં
ન તો ય વે ઓછાડ જરી જાતની...
હાલ્યને આઘેરા કોઈ ઝાઝેરો ઘેર લેતા
વડલાની છાંય જેવા બેટમાં,
પાંદડાંની ભેળું રે' ચાંદરણું એમ કાંઈ
આપણે ય રે'શું બે ભેટમાં;
આંખ માંહી ઓરતાનું આંજણુ અંજાય
પછી બીજી તે વાત શી વિસાતની?

અભિસાર/વિનોદ જોશી

• ગાન •

સાંકડી શેરી ને ભીંત્યું આડી રે પડી,
પગલાં મૂંઝાણાં હો રાજ!
પગની મેંદીમાં ઊતર્યું સેંથાનું સિંદૂર...
ડોલે રે ફળીમાં પીપળપાંદ,
શમણાં ભરીને પોકર્યું અંકાશે ચડી
સૂરજ અંજાણા હો રાજ!
હાથમાં દીવો ને ટેરવે અંધારું ઘેઘૂર...
આંખમાં ઊગ્યો રે પૂનમચાંદ,
સામટો હિલોળ્યો સાગર બે ઘડી
વાયરા વીંઝાણા હો રાજ!
છાતીએ છૂંદેલી જૂઈને ફૂટ્યા રે અંકુર...

કહો/ધીરુ પરીખ

• ગાન •

કહો અમારે વૃન્દાવનમાં ક્યાં લગ રૂહેવું?

જેલ મને છોડાવી મેલ્યો ગોકુળ નામે ગામ,
અને પછી કામણમાં બાંધ્યો વૃન્દાવનને ધામ
મોરપિચ્છનું છોગું શિર પર ક્યાં લગ સ્હેવું–કહો

પાય અડકતાં યમુના કેરાં પૂરને ખાળ્યાં આમ,
પછી રાસમાં ઠેકા લેતા પગને નહિ વિરામ,
મુરલીસૂરના પૂર-વમળમાં ક્યાં લગ વ્હેવું?–કહો૦

દેવ દેવ વર્ષોથી કહી પથ્થરમાં પૂરી દીધો,
મારો તો ઇતિહાસ સકલ શબ્દોએ બાંધી લીધો,
ઘટઘટમાં સંભવવું એવું કોને કહેવું?—કહો૦

વચોવચ આપણી/દેવેન્દ્ર દવે

• સૉનેટ •

સજન! અવ તો મીઠાં મીઠાં ભરી શમણાં ભમું,
પલ પલ ગણું—માસે માસે ચણું હૃદયે કશી
પુલકિત થતાં ફૂલો જેવી ફટોફટ લાગણી!

ઉદરમહીં પોઢેલાની કૈં કરું કશી કલ્પના:
બિખરી લટને ચૂમી લેશે હવા હળુ નાચતી!
મૃદુલ કરની મુઠ્ઠી શાં શાં રહસ્ય જગાડશે!
હરણ સમ એ ઊંચાંનીચાં થશે ય ઉતાવળાં
ડગમગ થતી ક્યારે પ્હેલી ધરી પગલી જશું!

અવસર કિચૂડાટે ગાતો થશે, પરી ઝૂલતી
કુતૂહલભરી માંડી વાતો અચાનક ઊડશે!
કલકલ હશે આનંદોની—કલામય ચિત્તમાં
અવ નવલ રંગોની પીંછી રહે ફરતી અહો!

સુરભિત ક્ષણો માણેલી જે થશે રળિયામણી
પ્રતિછવિ ધરી ઝ્હેકી રૂહેશે વચોવચ આપણી!

એકતા

ફાધર વાલેસ

પ્રાર્થના શરૂ થઈ હતી. અમે બધા શાંતિથી બેઠા હતા અને ભક્તિમગ્ન થતા જતા હતા. સર્વધર્મ-પ્રાર્થના બોલાતી હતી. એક બહેન મધુર કંઠે ગાતી હતી, અને પ્રાર્થના જાણીતી હોવાથી એ આપોઆપ મનમાં ઝિલાતી હતી અને મૌન લયથી ઉચ્ચારાતી હતી. પ્રભુ એક જ છે. એનાં સ્વરૂપ અનેક છે. એ જુદે જુદે રસ્તે માનવીઓને પોતાની તરફ લઈ જાય છે, ને માનવીઓ એકબીજાની સાથે લડતાં લડતાં એ એક જ પ્રભુની પાસે પહોંચવાનો પ્રયત્ન કરે છે.

પ્રાર્થનાસભામાં જુદાજુદા ધર્મના લોકો બેઠા હતા. હિંદુઓ, મુસ્લિમો, પારસીઓ, ખ્રિસ્તીઓ, બધા એકીસાથે એકતા, આત્મીયતા, પ્રસન્નતા અનુભવતા હતા. બધાની પ્રાર્થના હતી. બધાનો ભગવાન હતો. અને સાથે મળીને એક જ પ્રભુની ઉપાસના કરવામાં બધા વિશેષ ધન્યતા અનુભવી રહ્યા હતા.

એમાં મનમાં એક વિચાર આવ્યો. સાથે પ્રાર્થના કરતાં ખયાલ આવ્યો કે સાથે પ્રાર્થના કરવાની આ સિદ્ધિ નવી છે. હમણાં હમણાંની છે એમ કહીએ તો ય ચાલે. થોડાં વર્ષ પહેલાં આ પ્રાર્થનાસભા અશક્ય હોત. ત્યારે દરેક જણ પોતપોતાને ઘેર પ્રાર્થના કરતો, અથવા પોતપોતાના મંદિર-મસ્જિદમાં જઈને પ્રાર્થના કરતો. કદાચ શિષ્ટાચારની ખાતર જાહેર પ્રસંગે થોડોક સમય ઠાવકું મોં રાખીને મોઘમ સામાન્ય પ્રાર્થના થવા દેતા. પણ સાચા મનથી, પોતાના દિલના આગ્રહથી, સાથે પ્રાર્થનામાં ભગવાનનો અનુભવ મેળવવાની શ્રદ્ધાથી ભેગા થવું, ભગવાનની આગળ તેમ જ એકબીજાની આગળ દિલ ખુલ્લું કરવું અને એકબીજાનાં પુણ્ય ને સાધના દ્વારા ભગવાન સૌ ઉપર અનુગ્રહ કરશે એવી આશા રાખવી—એ નવો અનુભવ છે, નવી સિદ્ધિ છે.

ધર્મ ધર્મની વચ્ચે અંતર તો રહે છે. મતભેદ હજી છે, અને સંઘર્ષ હજી છે. અને રહેશે. પણ એ અંતર છતાં ધર્મ ધર્મની વચ્ચે કદર, સમજૂતી અને સહિષ્ણુતા વધી ગયાં છે; કારણ કે ધર્મ ધર્મના માણસો ભેગા થઈને એક અવાજે પ્રાર્થના કરતાં શીખ્યા છે.

બીજા ધર્મ માટે ભલે ગમે તે પૂર્વગ્રહ હોય. પણ હવે એ ધર્મનો સાધક મારી બાજુમાં આત્મીય પ્રાર્થનામાં બેઠો છે. એમાં એનું દિલ સહજ ભાવે પ્રભુની આગળ ખુલ્લું થાય છે—એટલે મારી આગળ પણ ખુલ્લું થાય છે. એના જીવનની પવિત્રતા હું જાણતો હતો, ને હવે એના હૃદયના ઊંડાણની ઝાંખી થાય છે: એની ભક્તિ ને એની શ્રદ્ધા, એની સાધના ને એની શરણાગતિ, એનું સાચું દિલ, એનું પુણ્ય જીવન, એનો ઉત્કૃષ્ટ ધર્મ. એ ઉમદા મિત્ર, એ સાચા ભક્ત, એ સહસાધકમાં એના ધર્મનાં મને પ્રત્યક્ષ, શુદ્ધ, પાવનકારી દર્શન થયાં છે. પછી એ ધર્મને હું ઊતરતો કેવી રીતે માનું? એના અનુયાયીઓને માટે મોક્ષનાં દ્વાર કેમ બંધ કરું? મારો પૂર્વગ્રહ હજી કેમ ઊભો રહેવા દઈ શકું? ના. એ મિત્રમાં મેં એનો જીવંત ધર્મ જોયો છે, ને તેથી એ ધર્મ માટે હવે મારા દિલમાં માન છે, કદર છે, મમત્વ છે.

જુદા ધર્મના પંડિતો મળે તો ઝગડે. જુદા ધર્મના ભક્તો મળે તો મિત્રો બને. અને હાલ તો ભક્તો મળવા લાગ્યા છે. ધર્મ તો અનુભવનો વિષય છે, તર્કનો નહિ. તર્ક આવે ત્યાં બુદ્ધિ ચાલે, અને બુદ્ધિ ચાલે ત્યાં બીજાની બુદ્ધિ પણ ચાલે, ને બેની વચ્ચે સંઘર્ષ થવાનો સંભવ રહે. શાસ્ત્રાર્થ ચાલે. પંડિત પંડિતને હરાવે. અને ખરી હાર થાય ધર્મની ભાવનાની. પણ હવે શાસ્ત્રાર્થોને બદલે પ્રાર્થનાસભાઓ યોજાય છે. દલીલને બદલે ભજન ચાલે છે. બુદ્ધિ કરતાં હૃદય બોલે છે. અને હૃદય બોલે ત્યાં સગાઈ બંધાય.

એક વાર મેં એક ધર્મના ગુરુને બીજા ધર્મના ભક્તને આ આશીર્વાદ આપતા સાંભળેલા: 'તમારું જીવન શુદ્ધ અને પવિત્ર છે એ મેં જોયું છે. થોડાં વર્ષ પહેલાં જો તમે મારી પાસે આવ્યા હોત તો હું એવો આશીર્વાદ આપત કે, હવે આવતે ભવે મારા ધર્મમાં જન્મ લઈને મુક્તિ પામજો. પણ એટલામાં મારી પોતાની આંખો ખૂલી છે, એટલે હવે જુદો આશીર્વાદ આપું છું. હવે એ આશીર્વાદ આપું છું કે તમે આ જ જન્મે તમારા ધર્મમાં રહીને મુક્તિ પામો. મોક્ષનાં દ્વાર સૌને માટે ખુલ્લાં છે.'

એ આશીર્વાદમાં ધર્મ ધર્મ વચ્ચેની સમજૂતીનું સાચું બીજ છે. દરેક માણસ આ જ જન્મે પોતાના ધર્મમાં રહીને મોક્ષ પામી શકે. એ સહજ અધિકાર સર્વધર્મ-સમભાવનો પાયો છે. અને એ ભાવના, એ જાહેરાત, અરે ખુદ એ શબ્દ—સર્વધર્મ સમભાવ—આપણા યુગનાં જ છે. કળિયુગમાં અનેક આફતો છે, પણ આફતો આવે ત્યારે માણસો એક થાય, ભગવાનને સંભારે અને એક ભગવાનના સ્મરણથી એકબીજાની નજીક આવતા થાય. હજી અંતર છે, પણ એ અંતર ઘટી ગયું છે એ એક આશાસ્પદ સિદ્ધિ છે.

જુદાજુદા ધર્મના લોકોની સાથે દિલથી પ્રાર્થના કરવી એ આપણે માટે સહજ બની ગયું છે. એ સહજ બની ગયું છે એટલે કદાચ એનું મહત્ત્વ આપણે સમજતા નથી અને એનો પૂરો લાભ લેતા નથી. આપણે સૌ સાથે મળીને બહારથી પ્રાર્થના બોલીએ એ સારું છે, પણ હવે એમાં ભાવ લાવવો જોઈએ, દિલ લગાડવું જોઈએ, ભાન કરાવવું જોઈએ કે આ અનેક હૃદયમાંથી નીકળેલી અને એક ભગવાન તરફ જનારી એક જ પ્રાર્થના છે. સર્વધર્મ-સમૂહપ્રાર્થનામાં બેઠાં બેઠાં જાગ્રતિપૂર્વક એ વિચાર કરીએ અને એ લાગણી અનુભવીએ કે મારી પ્રાર્થના મારા ભાઈની છે, અને એની પ્રાર્થના એ મારી પણ છે. એટલે કે એક પ્રાર્થના છે, કારણ કે એક ભગવાન છે. એ લાગણી, એ ખાતરી, એ ભાન, એ અનુભવ અતિ કીમતી છે. અને એ સિદ્ધિ આપણા યુગમાં સુલભ બની ગઈ છે એનો પૂરો લાભ લઈએ. □

જો: તમે અસંતોષી રહેતા હો—તમારા કામ માટે નહિ, પણ તમે જે રીતે એ કરતા હો તે અંગે

— તમે નિઃસ્વાર્થ અને નિખાલસ ભાવે બીજામાં રસ લેતા હો

— તમે માનતા હો કે કોઈ કામ અશક્ય નથી

— તમે 'અગત્ય' અને 'ક્ષુલ્લક'ની વચ્ચેનો ભેદ સમજતા હો

— તમે જે કંઈ કહો તે સમજી-વિચારીને કહેતા હો

— તમે તમારી પ્રામાણિકતા અને સાફ દાનત પુરવાર કરી શકતા હો

— તમે સ્વીકારેલા સિદ્ધાંત કે આદર્શનો બચાવ કરવાની હિંમત ધરાવતા હો

— તમે હારવાની અણી પર હો ત્યારે યે તમારી બંદૂકની નાળ તાકી રાખી શકતા હો


— તમે તમારી પાસેથી અપેક્ષિત હોય એ કરી છૂટવા તૈયાર હો, એટલું જ નહિ, એથી યે કંઈક વિશેષ કરી બતાવતા હો

તો તમે સામાન્ય કરતાં કંઈક વધુ ઊંચી કક્ષાએ રહી શકશો—ટકી શકશો.

બૅલેજગતનો 'વન્ડરમૅન'

રુડૉલ્ફ ન્યૂરેવ

લેખક · સુનીલ કોઠારી



પારી(સ)માં સનસનાટી મચાવનાર તરુણ નર્તક રુડૉલ્ફ ન્યૂરેવ અને કિરોવ બૅલે કંપનીના અન્ય સભ્યો લંડન જઈ રહ્યા હતા. તેમને વિદાય આપવા બૅલે-રસિયા પારી(સ)વાસીઓ હારતોરા ને ફૂલ ગજરા લઈ છેક એર પોર્ટ લગી આવ્યા હતા. તે દિવસનાં છાપાંઓમાં સરસ મોટાં મથાળાં બંધાએલાં: 'રશિયાના નર્તકોએ પારી(સ)ના કલા જગત પર મેળવેલી સરસાઇ', 'તરુણ નર્તક રુડૉલ્ફ ન્યૂરેવ—બૅલેજગત-નો સ્પુટનિક', 'ન્યૂરેવનાં મંત્રમુગ્ધ કરનારાં અદ્ભુત નૃત્યો!' વગેરે


**સ્થળ: પારી(સ)નું લ બુર્જે એર પોર્ટ; સવારના ૧૦
તારીખ ૧૭મી જૂન ૧૯૬૧.**

વાતાવરણમાં એર પોર્ટ પર હોય તેવી ધમાલ હતી. ન્યૂરેવ કૉફી પી મિત્રો જોડે વાતો કરતો હતો ત્યાં નર્તકવૃંદના વડાએ તેને એક ખૂણે લઈ જઈ જણાવ્યું: 'મૉસ્કોમાં કોઈ રાજકીય અતિથિ સમક્ષ તમારે નૃત્યો રજૂ કરવાનાં છે. એટલે લંડન ન જતાં તમારે મૉસ્કો પાછા જવાનું છે!' ન્યૂરેવ ખળભળી ઊઠયો. ચોવીસ વર્ષના આ ક્રાંતિકારી ગણાતા તરવરિયા નર્તકને કાર્યક્રમના આ અણધાર્યા ફેરફાર બદલ વહેમ પડયો. સાથીદારોની રજા લેવાને બહાને તેણે મિત્રોને આ વાત કહી. કેટલીક નર્તકીઓ—બૅલેરિનાઓ આંસુ સારવા લાગી. ઘણાએ આશ્વાસન આપ્યું. પરંતુ ન્યૂરેવની શંકા દૃઢ થવા લાગી. એક વાર જો તે મૉસ્કો પાછો ગયો તો પછી ફરી કદી એ રશિયા બહાર પગ નહિ મૂકી શકે!

'સ્વૉન લેઈક'ના જાદુગરની વીંઝાતી પાંખ જેવું રશિયન વિમાન 'ટ્રાપોલોવ' એર પોર્ટ પર દેખાયું. તેમાં બેસી રશિયા પાછા ફરવું કે 'સ્વૉન-લેઈક'ની નાયિકા જેમ જાદુગરના હુકમને અવગણીને સ્વાતંત્ર્ય માટે મરણિયો પ્રયત્ન કરવો?' નાની વયે લખેલી અસાધારણ આત્મકથામાં ન્યૂરેવે તે પળે મનમાં ચાલેલા તુમુલ યુદ્ધને વ્યક્ત કર્યું છે! 'પક્ષીએ તો સ્વૈરવિહાર કરવો જ જોઇએ અને મુક્ત હવામાં ઊંચાં અને ઊંચાં ઉડ્ડયનો કરી નવાં આભ તાગવાં જોઈએ!'

વીજ-ઝબકાર જેવાં પોતાનાં અદ્ભુત ઉત્પ્લવનો જેમ સ્વદેશની પ્રતિબંધિત સીમાઓ કુદાવી જઇને એણે પશ્ચિમી તખ્તા પર સનસનાટીભર્યો પ્રવેશ કર્યો, ને સમગ્ર બૅલે-જગતમાં કલા અને પ્રતિષ્ઠાનાં ઉચ્ચોચ્ચ શિખરો સર કર્યાં, કાતિલ ગરીબી છતાં પણ એણે ધ્યેયચ્યુત થયા વિના પોતાની નૃત્યોપાસના જારી રાખી વીસ વર્ષની વય થતાંમાં તો ઈર્ષાજનક કીર્તિ મેળવી, અને દેશત્યાગ કરી એ મુક્તપણે નૃત્યજગત પર છવાઈ રહ્યો.


પળભરમાં તેણે નિર્ણય કરી લીધો. પોતાની એક મિત્ર ફ્લારાની વિદાય લેવાની મંજૂરી માગી. ન્યૂરેવે અત્યંત નાટયાત્મક રીતે પોતાના સમગ્ર જીવનને નવો જ વળાંક આપતું પગલું ભર્યું. તેની મિત્ર એર પોર્ટ પર જ હતી. વીજળી ગતિએ તેને સંકેત કરી ન્યૂરેવે પોતાના નિર્ણયની તેને જાણ કરી. ફ્લારાએ ફ્રેન્ચ પોલીસ અમલદારોને ન્યૂરેવના નિર્ણય વિષે જણાવી રક્ષણ માગ્યું. પેલા અમલદારો પળભર ખંચાયા, પરંતુ રાજકીય સંરક્ષણ માગતા આ પ્રતિભાવંત નર્તકની મદદે ધાયા. ન્યૂરેવે તેમના તરફ ચપળ ગતિએ દોડી જઈ રુદ્ધ શ્વાસે કહ્યું: 'મારે ફ્રાન્સમાં રહેવું છે. રશિયા પાછા નથી જવું, મને રક્ષણ આપો.' બન્ને અમલદારો તેને બાવડેથી પકડીને એર પોર્ટના પોલીસ વિભાગના કમરા તરફ લઈ ગયા. ન્યૂરેવ પર નજર રાખતા રશિયન અધિકારીઓ ચીલઝડપે થતી આ દોડ-



▷ ન્યૂરેવ બૅલેમાં એની એક લાક્ષણિક અદામાં.

આ અંકના પૂઠા પર ચપળ પ્રાણી સમ છલાંગ ભરતા ન્યૂરેવની એક વિરલ છટા.





△ માર્થા ગ્રૅહામ દિગ્દર્શિત એક આધુનિક શૈલીના 'બૅલે લ્યુસિફર'માં ન્યૂરેવ. (જમણી બાજુ) વૉશિંગ્ટન હૉટેલના પ્રાંગણમાં આ પરિચયલેખના લેખક સુનીલ કોઠારી પાસે ભારતીય નૃત્ય મુદ્રાઓ સમજતા ન્યૂરેવ. △

ધામનો અર્થ સમજે તે પહેલાં તો ન્યૂરેવ બંને અમલદારોના રક્ષણ નીચે એમના દફતરમાં પ્રવેશી ચૂકયો. રશિયન અધિકારીએ હોહા કરી મૂકી, પરંતુ ફ્રેન્ચ અમલદારોએ નિષ્પલક નેત્રે સ્વસ્થ ઉત્તર વાળ્યો : 'આ ફ્રાન્સની ભૂમિ છે. અહીં આ રશિયન અમારુ રક્ષણ માગે છે અને તે અમે તેને આપવા તૈયાર છીએ.' આવા રક્ષણ આપવાના (defection) પ્રસંગે વ્યક્તિને એક કમરામાં આત્મનિર્ણયને માટે પાંચ મિનિટ એકાંત આપવામાં આવે છે. ન્યૂરેવને જણાવવામાં આવ્યું કે જો તેને રશિયા જવું હોય તો બીજે દરવાજેથી કશી પણ ધાંધલ વિના ટોપોલોવ વિમાનમાં લઈ જવામાં આવશે, ને ફ્રાન્સમાં રહેવું હશે તો તે નિર્ણય રશિયન અધિકારીને જણાવવામાં આવશે. એણે ભય રાખવાનું કોઈ કારણ નથી.

ન્યૂરેવની છાતી ધડકધડક થતી હતી. જે દેશમાં પોતે અદ્વિતીય કીર્તિને વર્યો, જ્યાં પોતાના પિતા સમા નૃત્યગુરુ પુશ્કિને એને આ નૃત્યશિક્ષણ આપ્યું, જ્યાં પોતાની ત્રણ બહેનો, માતાપિતા, મિત્રો, રાજકીય સુખાકારી, નર્તક તરીકેની નિશ્ચિત આજીવન નિર્વિઘ્ન કારકિર્દી સલામત હતી, તેને ત્યજી તેણે પશ્ચિમ યુરોપમાં નવું જીવન શરૂ કરવાનું હતું. પરંતુ બધા વિચારો હઠાવી તેણે પારી(સ)માં રહેવાનો નિશ્ચય કરી લઈ તેની જાણ કરી.

વિશ્વભરમાં ન્યૂરેવના આ ડિફેકશન–દેશત્યાગ–ના પગલાના સનસનાટીભર્યા સમાચાર વાયુવેગે પ્રસરી ગયા. રશિયાની દંતકથાનાં પાત્રો સમી કીર્તિ રળનારી પાવલોવા અને તેવા જ સુપ્રસિદ્ધ નિજિન્સ્કી જેવા કળાકારોની કક્ષાનો આ યુવાન નૃત્યકાર રાતોરાત મુક્ત જગતનો નાગરિક બની બેઠો! કૉમ્યુનિસ્ટ રશિયાને છોડી યુરોપમાં ન્યૂરેવે અનિશ્ચિત ભાવિ જીવન શરૂ કર્યું. પરંતુ તેની વિલક્ષણ કળા જોઈ વિવેચકોએ સમસ્ત નૃત્યવિશ્વમાં ઉદીયમાન નવોદિત તારક તરીકે તેને કયારનો ય બિરદાવ્યો હતો. તેનાં નૃત્યપ્રદર્શનો હવે માત્ર રશિયામાં જ સીમિત ન રહેતાં સર્વ કોઈ તેને જોઈ શકે તેવી શકયતા ઊભી થઈ હતી.


સત્તરમી જૂન (૧૯૬૧)ની તે સવારે ન્યૂરેવે રશિયા તરફ પૂંઠ કરી ત્યારથી તેણે ફરી પાછું વાળીને જોયું નથી. નૃત્યજગતમાં તેણે કળાનાં ઉન્નત શૃંગો સર કર્યાં છે. આજના ટેકનોક્રૅટિક યુગમાં ન્યૂરેવનો ચહેરો ટૅલિવિઝન પર વિશ્વભરમાં ઝબકી ચૂકયો છે! બૅલેના ઇતિહાસમાં નિજિન્સ્કી તો દંતકથાનું પાત્ર જ રહેવાનો, કારણ તેની કળાની કોઈ દસ્તાવેજી ફિલ્મ બની નથી. જ્યારે સારે નસીબે ન્યૂરેવનાં નૃત્યો 'ઍન ઇવનિંગ વિથ રૉયલ બૅલે', 'રોમિયો–જુલિયેટ', 'આઈ ઍમ અ ડાન્સર' ઇત્યાદિ ફિલ્મોમાં કાયમને માટે મઢાઈ ચૂકયાં છે. તેમાં યે છલ્લી ફિલ્મમાં તો માત્ર પ્રશિષ્ટ બૅલે જ નહિ, પરંતુ આધુનિક (મૉડર્ન) નૃત્ય પ્રકારનાં તેનાં નૃત્યો અને સાંપ્રત નૃત્યસંકલનાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. 'એડ સલિવાન શો' અને ડિક કૅવેટ સાથેનો તેનો સ્મરણીય ટેલિવિઝન ઈન્ટરવ્યુ, એ બે બીજા વધારાના રૅકૉર્ડ છે, જે જોઇને ભવિષ્યની પ્રજા તેના જીવંત વ્યક્તિત્વને ગમે ત્યારે પ્રત્યક્ષ કરી શકશે. એક અંદાજ છે કે નિજિન્સ્કીના જીવનગાળામાં કુલ્લે જેટલી વ્યક્તિઓએ તેને જોયો હશે તેનાથી અનેકગણી સંખ્યામાં લોકોએ ન્યૂરેવનો 'એડ સલિવાન શો' ટેલિવિઝન પર એકી વખતે જોયો હતો!

ન્યુરેવની ઉંમર અત્યારે ૩૮ વર્ષની છે. ચોવીસ વર્ષની વયે જ્યારે તેણે એર પોર્ટ પરથી કૂદકો મારી પશ્ચિમ યુરોપમાં નાટયાત્મક પ્રવેશ કર્યો ત્યાર સુધીમાં નાની વયથી તે ચોવીસ વર્ષ લગીમાં તેણે અનેક દુ:ખો, ભૂખમરા, વિફળતાઓ, ઝેરીલી ઈર્ષા, હાડમારીઓ, જીવનસ્વપ્નની સિદ્ધિની હતાશા એમ કંઈ કંઈ રંગો જોઈ નાખ્યા હતા. એક સન્નિષ્ઠ કલા-ઉપાસક અને નિસર્ગદત્ત બક્ષિશ મેળવી ચૂકેલા કળાકારને જીવનમાં આ બધી કસોટીને અંતે સફળતા વરે જ છે તે ન્યાયે તેના જીવનમાં અંતે સફળતાના રંગો ફેલાયા હતા.

ઈ. ૧૯૩૮ની ૧૭મી જૂને તેની માતા પોતાના પતિ હેમલ જોડે રહેવા વ્લાડીવૉસ્ટૉક જઈ રહી હતી. ગાડી જ્યારે બૈંકાલ સરોવરને કાંઠે સડસડાટ પૂરવેગે ધસી રહી હતી ત્યારે ચાલુ ગાડીમાં ન્યૂરેવનો જન્મ થયો હતો. પિતા વ્લાડીવૉસ્ટૉકમાં સૈનિકોને રશિયન ક્રાંતિ, કમ્યુનિસ્ટ પક્ષનું મહત્ત્વ અને રશિયન ઇતિહાસ શીખવતા હતા. બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું ત્યાં લગી તેના પિતા એક આર્ટીલરી બૅટલિયનમાં હતા અને તે બૅટલિયન જ્યાં જતી ત્યાં ન્યૂરેવનાં કુટુંબીજનોનું ભાવિ પણ ઘસડાતું જતું. ત્રણ બહેનો પછી ન્યૂરેવનો જન્મ થયો હતો. ઊફા નામે ગામે અત્યંત ગરીબાઈમાં ન્યૂરેવની માતાને શિરે તે સૌને ઉછેરવાની જવાબદારી આવી પડી હતી. બાળપણની સ્મૃતિઓમાં જો સૌથી વધુ તીવ્ર કોઈ સ્મૃતિ ન્યૂરેવને સતાવતી રહી હોય તો તે ભૂખમરાની છે. ઊફાના છ છ મહિનાના દારુણ, કાતિલ ઠંડીના, પ્રકાશ અને ખોરાક વિનાના દિવસોની યાદ તે કયારેય વિસરી શકતો નથી. મા બરફીલા રસ્તાઓ ખૂંદી બટાટા લાવતી અને તેના પર અઠવાડિયા લગી આખું કુટુંબ નભતું.

ત્યારે તેમની આસપાસ એકેય કુટુંબ એવું નહોતું કે જેમાંના કોઈનો પુત્ર, ભાઈ, પતિ કે પિતા યુદ્ધમાં ખપી ગયો ન હોય. ન્યૂરેવ સમજણો થયો ત્યારે તેનું વિશ્વ આ સર્વનાશી વિશ્વવિગ્રહથી ગ્રસ્ત હતું. પછી એ સંસ્કારો પુખ્ત વયે યોગ્ય સંદર્ભમાં ન્યૂરેવ જોતાં શીખ્યો, પરંતુ





△ આધુનિક નૃત્યશૈલીનાં મહાન પુરસ્કર્તા માર્થા ગ્રૅહામ (ડાબી બાજુ) અને માર્ગો ફોન્ટેઈન વચ્ચે ન્યૂરેવ: 'મૉડર્ન ડાન્સ' અને પ્રશિષ્ટ બૅલેનું અભૂતપૂર્વ મિલન. જમણી બાજુ: પોતાના હસ્તાક્ષર સાથે લેખકને આપેલી છબિ. △

તેના કારી ઘા તેના કુમળા મગજ પર ઘણાં વર્ષો લગી તાજા રહ્યા હતા.

જે નાના ઘરમાં તેઓ રહેતાં ત્યાં એક રેડિયો હતો. તે પરથી વહેતા સંગીતના સૂરોમાં ન્યૂરેવ ખોવાઈ જતો. ચારે બાજુની ભીષણતા વચ્ચે એ સંગીત જ એનું એકમાત્ર આશ્વાસન હતું. ત્યારે ન્યૂરેવને કલ્પના પણ નહોતી કે તેમાંથી તેના સમગ્ર જીવનનું કેન્દ્ર બની બેસનારી નૃત્યકળાનો નાદ તેને લાગશે!

શરૂમાં જ્યારે તેને શાળામાં મૂકવામાં આવ્યો ત્યારે અત્યંત ગરીબ અવસ્થાને કારણે તેની પાસે પહેરવાને પૂરતાં કપડાં પણ નહોતાં. મોટી બહેન લીડાનું ફ્રૉક પહેરીને તેને નિશાળે જવું પડેલું. વર્ગનાં બીજાં બાળકોએ ત્યારે તેની ભારે મજાક ઉડાવેલી. પરંતુ ન્યૂરેવે તેની પરવા કરી નહોતી. બીજાની દાદાગીરીને તે વશ થઈ શકે તેવું તેના સ્વભાવમાં જ નહોતું. જો કોઈ તેને અડપલું કરતું તો પગ પછાડતો, નસકોરાં ફુલાવી છલાંગ મારતો અશ્વની જેમ એ રોષથી ધગધગી ઊઠતો. તેનું તાર્તાર લોહી જરા વારમાં ઊકળી ઊઠતું.

સાત વર્ષની નાની વયે નૃત્યકળાએ તેના જીવનમાં પ્રવેશ કર્યો. સરળ બશ્કીર સંગીતના તાલે એને લોકનૃત્યની પ્રથમ તાલીમ મળી. ને ત્યારથી તેના રક્તના કણેકણમાં ત્વરિત સંચાર પ્રસરી ગયો. તેનું અંગેઅંગ એક અનનુભૂત અનુભવથી ચંચળ બની ગયું. પરંતુ ત્યારે ય તેને કલ્પના નહોતી કે તેનાં તન મન અને સમસ્ત પ્રાણનો કબજો લઈ લે તેવી નૃત્યકળાની ઉપાસનામાં તેના શેષ જીવનનાં વર્ષો વિતાવવાની ઘડી આવી ચૂકી હતી! જે કોઈ તેના લોકનૃત્યના લહેકા જોતાં તે સૌ એક અવાજે કહેતાં: 'આને તો લેનિનગ્રાડની શાળામાં મૂકવો જોઈએ!'

એ બોલવું કેટલું સહેલું હતું! પૈસાના અને બે ટંક પેટ ભરી ખાવાના ચે સાંસાંવાળા એ દિવસોમાં રાજ્યની શ્રેષ્ઠ નૃત્યશાળામાં જવાનું સ્વપ્ન પણ તે કઈ રીતે સેવી શકે? પણ ન્યૂરેવની વિલક્ષણ પ્રતિભા પારખનાર ઉડેલ્ટસોવા નામે એક વૃદ્ધ નર્તન-શિક્ષિકા બાઈએ તેને ઘણું પ્રોત્સાહન આપ્યું. તે તેને પાવલોવા અને ડીઆધીલેવે સર્જેલા બૅલે ઇતિહાસ વિષે અનેક વાતો કહીને તેની કલ્પનાને ઉશ્કેરતી. ન્યૂરેવની ટેકનિક અને તેનાં ઉત્પ્લવનો (elevation-jumps) જોઈ તેની શ્રદ્ધા દઢ થતી કે ભવિષ્યમાં ન્યૂરેવનાં ચમત્કારિક નૃત્યો જોઈ લોકો મોંમાં આંગળાં નાખી જશે. તેણે ન્યૂરેવને ઊફામાં વેઇટોવિચ નામે એક ઉત્તમ શિક્ષકના માર્ગદર્શન હેઠળ મૂકી તેના ભાવિને ઘડવાની શરૂઆત કરી.

નૃત્ય પાછળની આ ઘેલછાને કારણે ન્યૂરેવ શાળાંત પરીક્ષામાં નાપાસ થયો. પણ ઊફા ઓપેરા કંપનીએ તેની શક્તિઓ પીછી નર્તક તરીકે તેને નોકરીએ રાખી લીધો. અહીં બૅલે, ઓપેરા, લોકનૃત્યો ઇત્યાદિમાં નાના મોટા પ્રસંગે નૃત્યો રજૂ કરતાં કરતાં, થોડા પૈસા એકઠા કરી ન્યૂરેવે મૉસ્કોમાં 'બશ્કીર કલાનો દાયકો' મહોત્સવમાં ભાગ લેવા જવાની તક સાધી. પરિણામે ઊફા જેવા નાના કસ્બાના નર્તક તરીકે જીવન વિતાવવાનો તબક્કો પૂરો થયો અને ન્યૂરેવે વિખ્યાત બોલ્શોય બૅલે કંપનીમાં નૃત્યાભ્યાસ માટે દાખલ થવા અરજી કરી. તેની આશ્ચર્યકારક પ્રગતિ ને વિશિષ્ટતા લક્ષમાં લેતાં એને સીધો જ અભ્યાક્રમના આઠમા ધોરણમાં પ્રવેશ આપવામાં આવ્યો! ન્યૂરેવના હર્ષની સીમા ન રહી. પણ શાળામાં તો તે માત્ર અભ્યાસ કરી શકે. મૉસ્કોમાં રહેવાની ને જીવનની બીજી જરૂરીઆતો માટે શું? એ માટે એની પાસે કોઈ સગવડ નહોતી. એટલે લેનિનગ્રાડમાં કિરોવ બૅલેની રેસિડન્શ્યલ શાળા હોવાથી ત્યાં શિક્ષણ લેવાનો તેણે વિચાર કર્યો. નાના કસ્બાનો આ તરવરિયો તાર્તાર ગામડિયો યુવક વિશ્વભરમાં શ્રેષ્ઠ ગણાતી બૅલે–નર્તનની એ શાળામાં પૂર્ણ આત્મવિશ્વાસપૂર્વક પ્રવેશ્યો અને ત્યાંના શિક્ષક કોમેરેડ ચેલ્કોવની મુલાકાત માટે સમય માગ્યો. જેને તેણે ચેલ્કોવ માટે પૂછ્યું તે પોતે જ ચેલ્કોવ હતા! ન્યૂરેવે બિનજરૂરી આવેશપૂર્વક અને કંઈક અંશે ઉગ્ર કહી શકાય તેવી છટાથી ઊફા ઓપેરા કંપનીના કળાકાર તરીકે પોતાની ઓળખ આપી કિરોવ બૅલેશાળામાં વધુ અભ્યાસ માટે દાખલ થવાની ઇચ્છા જાહેર કરી. તેને ચકાસણી માટે એક અઠવાડિયા પછીનો સમય આપવામાં આવ્યો. આ પરીક્ષામાં પોતે સફળ થશે તેવી ન્યૂરેવને શ્રદ્ધા હતી.

પરીક્ષક હતી કૉન્સ્ટ્રાવિટ્સ્કાયા નામે કિરોવની એક ઉત્તમ શિક્ષિકા. તેણે ન્યૂરેવનાં બેએક પદચલનોમાં જ એની શક્તિઓ પીછી લીધી, ને ન્યૂરેવે જ્યારે બૅલેનાં રાબેતા મુજબનાં પદચલનો પૂરાં કર્યાં ત્યારે તે ઊઠીને તેની પાસે ગઈ અને આખો ય વર્ગ સાંભળે તેમ મોટેથી શબ્દો છૂટા પાડી કહ્યું: 'તું કાં તો અત્યંત તેજસ્વી નર્તક બનશે અથવા તને નૃત્ય કેમ કરવું તે ક્યારેય નહિ આવડે!—અને સાંભળી લે કે મોટેભાગે તો તને નૃત્ય આવડશે જ નહિ!'

પરંતુ નૃત્ય-જગતના ઇતિહાસે કૉન્સ્ટ્રાવિટ્સ્કાયાની બીજી આગાહી ખોટી ઠેરવી. ન્યૂરેવના પુરુષાર્થે તેની પહેલી આગાહી જ સાચી પાડી. કૉન્સ્ટ્રાવિટ્સ્કાયાનો કટાક્ષ ન્યૂરેવના હૃદયમાં તીર પેઠે ખૂંચ્યો હતો. તેણે મહેનત કરવામાં પાછું વાળીને ક્યારે ય જોયું નહિ, એટલું જ નહિ પણ આત્મનિર્ણયપૂર્વક એવી તો આકરી સાધના આરંભી કે થોડા જ કાળમાં કિરોવની આખીય શાળા તેની પ્રતિભાથી સ્તબ્ધ થઈ ગઈ! સદ્ભાગ્યે બૅલેના મહાગુરુ પુશ્કિને તેને પ્રેમપૂર્વક આવકાર્યો અને તેની પ્રતિભા

પાંગરે તે રીતે તેને શિક્ષણ આપવું શરૂ કર્યું. પ્રત્યેક વિદ્યાર્થીની પ્રતિભા પૂર્ણપણે પ્રકાશે તે સમજનાર આ ગુરુના હાથ નીચે શીખતાં ન્યૂરેવે કલ્પનામાં પણ ન આવે તેવી અદ્વિતીય પ્રગતિ સાધી.

કિરોવમાં વર્ષાન્તે ઉત્તમ વિદ્યાર્થીઓને લગભગ નવ બૅલેમાં પ્રમુખ ભૂમિકાઓ આપવામાં આવે છે. એ પ્રસંગ આવ્યો ત્યારે કિરોવના રંગમંચ ઉપર ઉત્તમ પોશાકોમાં સજ્જ થઈ પોતે એવી ભૂમિકાઓ ભજવવાની પોતાની મહત્ત્વાકાંક્ષા પાર પડશે તે માની શક્યો નહિ. બૅલેના રસિયા અને સહેજ પણ ક્ષતિ થાય તો તે નોંધી ટીકા કરી શકે તેવા જાગ્રત પ્રેક્ષક સમુદાય સમક્ષ નૃત્ય કરી પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવાની આ ઉત્તમ તક બદલ ન્યૂરેવ તેના ગુરુ પુશ્કિનનો સદાય ઋણી રહ્યો છે. તેણે પોતાનાં અદ્‌ભુત નૃત્યોથી તમામ શિક્ષકો, સાથીદારો ને જનતાનાં હૈયાં જીતી લીધાં એટલું જ નહિ, મૉસ્કોમાં 'લ કોરસૅર' દ્વંદ્વનૃત્યમાં ભાગ લઈ તેણે સફળતાના ચરમ બિંદુનો સ્પર્શ કર્યો. તેનો આ વિરલ પ્રયોગ જોઈ મૉસ્કોવાસીઓ ગાંડાતૂર થઈ ગયા ને તેમણે 'વન્સમોર' 'વન્સમોર'-ના નાદથી બોલ્શોય થીએટરના ગુંબજને ગજવી મૂક્યો. તેણે ફરી નૃત્ય કર્યું અને તે પછીના તાળીઓના ગડગડાટને તે હજી ય ભૂલ્યો નથી.

આવી અભૂતપૂર્વ સફળતાને કારણે તેને સમસ્ત રશિયામાં ઉત્તમ ગણાતી બૉલ્શૉય અને કિરોવ મંડળીઓએ પોતાનાં જૂથમાં જોડાવા માટે આમંત્રણ આપ્યાં. ન્યૂરેવે કિરોવ બૅલે કંપનીનો પ્રસ્તાવ સ્વીકાર્યો. અત્યંત સુખના એ દિવસો હતા. રશિયાની માનીતી અને મહાન નર્તકી કુડિન્સ્કાયાએ સામેથી ચાલીને બૅલેમાં તેની જોડે પ્રમુખ ભૂમિકા ભજવવા માગણી કરી! ન્યૂરેવ આ સ્વપ્ન છે કે સત્ય છે તે સમજી શક્યો નહિ. કિરોવના નિયત અભ્યાસક્રમનાં વર્ષો કરતાં બહુ જ ટૂંકા ગાળામાં અભ્યાસ પૂરો કરી ન્યૂરેવે વિક્રમ તો સર્જ્યો હતો, એ ખરું પરંતુ તેની કળાની અભૂતપૂર્વ શક્તિથી આકર્ષાઈને બૅલેરીનાઓમાં શ્રેષ્ઠ તેવી કુડિન્સ્કાયા તેની જોડીદાર બનવા ઇચ્છે તે ઘટના ભલભલાને માટે ગૌરવપ્રદ બની રહે તેવી હતી.

અને આ બધું બન્યું ત્યારે ન્યૂરેવની ઉંમર હજી તો માંડ વીસ વર્ષની જ હતી! તેની આવી સફળતાને કારણે સ્વાભાવિક રીતે જ તેના સાથીદારોમાં ઈર્ષ્યા પ્રકટી. અદેખાં, ખારીલાં, તેની સફળતા ન સાંખી શકનારાં તત્ત્વોએ ભંભેરણી આદરી, સત્તાવાળાઓને ન્યૂરેવને તેના નાના કસ્બા ઊફામાં મોકલી આપવા માટે સૂચવ્યું. અંતે ઊફા ઓપેરા કંપની પ્રત્યેનું ઋણ તો તેણે ફેડવું જ જોઈએ એવા ફતવા બહાર પડાવી તેને કિરોવમાંથી દૂર કરવાનાં ચક્રો ગતિમાન થયાં. પણ ન્યૂરેવ ગાંજ્યો જાય તેમ નહોતો તેણે વળતી ધમકી આપી કે રાષ્ટ્રીય કીર્તિ વરેલા કળાકાર તરીકે તે સદાને માટે કિરોવનો ત્યાગ કરીને મૉસ્કો જઈ બોલ્શોયનો પ્રમુખ કલાકાર થવાનું પસંદ કરશે. પરિણામે સત્તાવાળા ગભરાયા અને ન્યૂરેવની કિરોવ કંપનીમાં પૂરા માનમરતબા સાથે પુનઃ પ્રતિષ્ઠા થઈ!

છતાં શરૂના છ મહિના ન્યૂરેવે ખૂબ આફતમાં કાઢ્યા હતા. થીએટર જોડે સંકળાએલી વ્યક્તિઓને ત્યારે 'કલેકૂટિવ'માં રહેવું પડતું. તેને જે કલેકૂટિવમાં મૂકવામાં આવ્યો હતો ત્યાં ટ્રક ડ્રાઈવરો, મજૂરો વગેરે રહેતા. રેલવેમાં જેમ બર્થ હોય તેમ એક નાના ઓરડામાં લગભગ આઠેક વ્યક્તિઓને એક ઉપર એક એવી પથારીઓમાં પડ્યા રહેવું પડતું. આવા વાતાવરણમાં ન્યૂરેવનો કલાકાર આત્મા ગૂંગળાઈ ઊઠ્યો. નવાં નૃત્યસંકલનો વિષે એ ત્યાં કલ્પના કરી શકતો નહિ. એમાં વળી લૅરિન્શાના બૅલેના રીહર્સલમાં તેના પગને ઈજા થઈ. આથી તો ન્યૂરેવની હતાશાનો પાર રહ્યો નહિ. પરંતુ સારા નસીબે નૃત્યગુરુ પુશ્કિન તેને પોતાના આવાસ પર લઈ ગયા અને સારસંભાળ કરી. આ પિતૃવાત્સલ્યના આધારે જ ન્યૂરેવ કિરોવમાં ટકી શક્યો હતો.

રશિયામાં યુવાનો કૉમ્સોમોલ મીટિંગોમાં ભાગ લે તેવો એક સામાન્ય નિયમ છે. આ મીટિંગોમાં રાજકીય પ્રશ્નોની ચર્ચા થતી હોય છે. કળાકાર તરીકે ન્યૂરેવને રાજકીય બાબતોમાં રસ નહોતો. તેણે કૉમ્સોમોલ થવાનું સ્વીકાર્યું નહિ. જો કોઈ વ્યક્તિ કમ્યુનિસ્ટ પાર્ટીનો સભ્ય ન બને—કૉમ્સોમોલ ન બને તો તેનો અર્થ એટલો જ કરવામાં આવતો કે સમાજ માટે તે વ્યક્તિ પર ભરોસો રાખી શકાય નહિ. તેની હિલચાલ શંકાસ્પદ ગણાય અને વિદ્રોહી તત્ત્વ તરીકે તેની ગણના થાય.

આ બધું ન્યૂરેવની વિરુદ્ધ જતું હતું. આ દરમિયાન તેને પૂર્વ જર્મનીમાં એક સરકસ કંપની સાથે બૅલે માટે પ્રવાસે મોકલવામાં આવ્યો. તે પણ એક સાધારણ બસમાં અને અત્યંત ઠંડીના દિવસોમાં. ન્યૂરેવના વ્યક્તિસ્વાતંત્ર્યને દાબવા માટે આ બધું સત્તાવાળાઓ જાણી જોઈને કરતા હતા તે ન્યૂરેવ સહેલાઈથી સમજી શક્યો હતો. આવા દબાણોથી તેની ગૂંગળામણનો પાર ન રહ્યો. રશિયામાં પરદેશની નૃત્યમંડળીઓ નૃત્યો રજૂ કરવા આવે તો ન્યૂરેવ તે જોવાનું ચૂકે નહિ. તેના કળાકારોને પણ મળે, ને રશિયા બહાર કયા નવતર પ્રયોગો થાય છે તે જાણવા ઉત્સુક રહે. આ બધું સત્તાવાળાઓને પસંદ ન હતું. ન્યૂરેવને પરદેશ પ્રવાસ કરી પોતાના નૃત્યજગતને વિસ્તારવાની ભારે આકાંક્ષા હતી પરંતુ તેને એ માટે વીસા આપવામાં આવતો નહિ. એવામાં કિરોવના બૅલે વૃંદને પારી(સ) જવાનું ઠર્યું. ન્યૂરેવને આશા પણ નહોતી કે તેમાં તેને જગા મળશે. પરંતુ પ્રવાસના એકાદેક માસ પૂર્વે જ તેને જણાવાયું કે તેણે આ પ્રવાસમાં જવાનું છે, એટલું જ નહિ, કેટલાંક બૅલેમાં મુખ્ય ભૂમિકાઓ પણ ભજવવાની છે. ન્યૂરેવના આનંદનો પાર રહ્યો નહિ.

પારી(સ) આવી ન્યૂરેવ તેના પ્રેમમાં પડી ગયો. તેના પ્રયોગોને વાર હતી એટલે તેણે પારી(સ) પગ તળે કાઢી નાખ્યું. યહૂદી મેનુહિનનો કાર્યક્રમ પણ તે સાંભળી આવ્યો. લુવ મ્યૂઝિયમમાં તો તેણે કલાકોના કલાકો વિતાવ્યા અને જ્યારે તેણે નૃત્યો રજૂ કર્યાં ત્યારે તો પારી(સ)ના લોકો ગાંડાતૂર થઈ ગયા! છાપાંઓએ મોટાં મથાળાં બાંધી એને બિરદાવ્યો. પરિણામે એના અનેક પ્રસંશકો તેને મળવા આતુર બન્યા. કેટલાક એના મિત્રો બન્યા. એમાં ફ્રાન્સના સાંસ્કૃતિક ખાતાના મંત્રીના પુત્ર વિન્સેન્ટ માલરોની વાગ્દત્તા ક્લારા સાથે પણ તેને મૈત્રી થઈ. તેઓ બંને નિયમિત મળતાં, સાથે હરતાંફરતાં. પરંતુ ન્યૂરેવ પર ચાંપતી નજર રાખવામાં આવતી. તેને સૂચનાઓ આપવામાં આવતી કે તેણે ક્લારાને મળવું નહિ ફ્રેન્ચ મિત્રો જોડે બહાર જવું નહિ. ક્લારાએ ન્યૂરેવનો પરિચય સ્થાનિક બૅલેવૃંદો સાથે કરાવ્યો હતો. તેમાં માર્કીદ ક્યુવાસ બૅલે કંપનીના રેમ્યુ લારેન સાથે પણ. ન્યૂરેવને પ્રામાણિક વિચારભેદ છતાં, સારી મૈત્રી બંધાઇ ગઈ. પ્રતિબંધો છતાં ન્યૂરેવના આવા મનસ્વી વર્તાવની શિક્ષારૂપે તેને પાછો મૉસ્કો મોકલી દેવાનું નક્કી થયું. પારી(સ)-થી લંડન જતાં ન્યૂરેવને આ અંગે ગંધ સરખી ન આવે તેની પૂરી કાળજી રખાઈ હતી. એના પ્રત્યેના આવા વલણથી ન્યૂરેવ ચારે બાજુથી ભીંસ અનુભવી રહ્યો હતો. એને તો મુક્ત જીવન, નૃત્યોનાં અનેક સ્વરૂપો, પ્રયોગો વગેરે જોવાં જીવવાં હતાં. અને અંતે એણે દેશત્યાગ કર્યો.

જે દહાડે એક ખાનગી નિવાસમાં, ગજવામાં માત્ર ૫૦ ફ્રાન્ક સાથે ન્યૂરેવે પારી(સ)માં નવું જીવન શરૂ કર્યું ત્યારે તેની પાસે પોતાના ભાવિ અંગે કોઈ ચોક્કસ યોજના નહોતી. ક્લારાએ માર્કીદ ક્યુવાસ બૅલે કંપનીના રેમ્યુ લારેનને ભલામણ કરીને તાત્કાલિક તે મંડળીમાં ન્યૂરેવને પ્રમુખ ભૂમિકાઓ માટે કરાર કરાવી આપ્યા. અને પછી તો ન્યૂરેવનાં નૃત્યોથી ઘેલી બનેલી પારી(સ) નગરીએ તેને લાડ લડાવવામાં કશું બાકી ન રાખ્યું. શરૂમાં એ ઘણો વ્યગ્ર રહેતો. રશિયા પાછા ફરવા માટે તેના પર અનેક પ્રકારનાં દબાણ લાવવામાં આવતાં. પત્રકારો પણ એને તંગ કરવાનું ચૂકતા નહિ. આ બધાંથી તે ટેવાએલો નહોતો, એટલે શરૂનો ગાળો ઘણો કપરો નીવડ્યો હતો.

છતાં આ દરમિયાન ટેલિવિઝન માટે પણ એની એક ફિલ્મ ઊતરી ચૂકી હતી, ને પશ્ચિમના બૅલે જગતમાં એક નવોદિત તેજસ્વી તારક તરીકે તેનો મહિમા ચારેકોર પ્રસરી ગયો હતો. એક સવારે લંડનની જાણીતી નૃત્યાંગના ડેઈમ માર્ગો ફોન્ટેઈનનો ફોન આવ્યો: એક 'ચેરીટી ગાલા' માટે તેની જોડે ન્યૂરેવને ભૂમિકા ભજવવા નિમંત્રણ મળ્યું! વયમાં મોટી પરંતુ અત્યંત પ્રતિભાશાળી, ઉદારમના સમજુ આ બૅલેરિનાએ મૈત્રીનો હાથ લંબાવ્યો. અને આ બંને નૃત્ય કલાકારની ઐતિહાસિક 'પાર્ટનરશિપ' શરૂ થઈ. લંડનના બૅલે-ઇતિહાસમાં માર્ગો—ન્યૂરેવે સનસનાટી જગાવી. એ જોડીને સાથે નૃત્યો કરતી જોવી એ જીવનનો એક ધન્ય લહાવો ગણાવા લાગ્યું. બન્નેની ઉત્કૃષ્ટ કળાએ બૅલેને જાણે નવું કૌવત બક્ષ્યું.

ત્યાર પછીના ન્યૂરેવના વિક્રમો જગજાહેર છે. તેના ઉદાર માનસને કારણે તેણે આધુનિક નૃત્યોની તાલીમ પણ લીધી. અમેરિકામાં તેનાં નૃત્યોને અભૂતપૂર્વ આવકાર મળ્યો. પશ્ચિમના બૅલે જગતની અનેક ઉમદા બૅલેરિનાઓએ એની સાથે 'પાર્ટનરશિપ' કરી છે. પરંતુ આ સર્વમાં ટોચરૂપ, ગયે વર્ષે તેણે અને માર્ગો ફોન્ટેઇને આધુનિક નૃત્યની મહાન પુરસ્કર્તા માર્થા ગ્રેહામના દિગ્દર્શન હેઠળ 'લ્યુસિફર' બૅલેમાં ભાગ લીધો તેથી તો આખું વિશ્વ જાણે દંગ થઈ ગયું. કારણ એમાં માત્ર ન્યૂરેવે જ નહિ, માર્ગોએ પણ આધુનિક નૃત્યશૈલી અપનાવી હતી.

માર્થા ગ્રેહામની મંડળીનાં પચાસ વર્ષની ઉજવણી નિમિત્તે ન્યૂ યૉર્કમાં એક અનન્ય સમારંભ યોજાયો હતો. માર્થા ગ્રેહામની મંડળીની નાણાંભીડ ભાંગવા ઉત્તમ કલાકારોએ તેમાં પોતાની સેવાઓ આપી હતી. ન્યૂ યૉર્કના યુરિસ થીએટરમાં બ્રોડવે પર ૧૯મી જૂને મિસિસ ફૉર્ડ પણ હાજરી આપી હતી અને કળાજગતના મોટા ભાગનાં પ્રતિભાશાળી કળાકારો ત્યારે હાજર રહ્યાં હતાં. સદ્ભાગ્યે એ પ્રસંગે 'લ્યુસિફર' બૅલે જોવાની મને પણ તક મળી હતી એશિયા સોસાએટીનાં શ્રીમતી બીઆટ્રિ ગૉર્ડને મને ત્યાં જવા માટે વ્યવસ્થા કરી આપી હતી

મેં લંડનમાં જુલાઈ ૧૯૬૯માં પહેલી વાર ન્યૂરેવ અને માર્ગો ફૉન્ટેઈનને 'ધ સ્લીપિંગ બ્યુટી' બૅલેમાં જોયાં હતાં. હજુ પણ ન્યૂરેવના એ પ્રવેશનું દૃશ્ય હું વિસરી શક્યો નથી. તેના પ્રવેશ પૂર્વે ઑર્કેસ્ટ્રાનું સંગીત રેલાતું હતું. વાતાવરણમાં એક અદ્ભુત સંચાર થતો અનુભવી શકાતો હતો. એમાં એકાએક વીજળીના ઝબકાર જેમ છટાપૂર્વક ન્યૂરેવે રંગમંચ પર પ્રવેશ કર્યો! ઉત્પ્લવન સાથેના એના એ દમામદાર પ્રવેશને પ્રેક્ષકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લઈ કૉવેન્ટ ગાર્ડનની છત ગજાવી દીધી હતી.

એ પછી ગયે વર્ષે ન્યૂ યૉર્કમાં 'લ્યુસિફર'માં અને વૉશિંગ્ટનમાં કેનેડી સેન્ટરમાં માર્ગો ફોન્ટેઈન અને બીજા બે કળાકારો સાથેનાં તેનાં નૃત્યો જોયાં. મેં કલ્પના પણ કરી નહોતી કે હું તેની મુલાકાત લઈ શકીશ અને તે પણ લગભગ બેએક કલાક નિરાંતે મારી સાથે ગાળશે. પરંતુ મેં જ્યારે વૉટરગેઈટ હોટેલ પર ન્યૂરેવને ફોન કર્યો ત્યારે બહુ જ સરળતાપૂર્વક તેણે મળવાની હા પાડી અને અમે બૅલે જગતની અનેક વાતો કરી. મેં લેનિનગ્રાડની તેની વિશ્વવિખ્યાત શાળાની મુલાકાત લીધી હતી એ વાત કરી ત્યારે તે ઘણો ગળગળો થઈ ગયો હતો. તેણે કશા જ અહંકાર વિના મારા પ્રશ્નોના જવાબો આપ્યા હતા. મને એ વાર્તાલાપ દરમિયાન ક્યારેય તેનાં ગુમાન કે ઘમંડની છાયા સુધ્ધાં જણાઈ નહિ.

લઘુકથા

મૂંઝવણ

અશ્વિન દેસાઇ (વાઘલધરા)

'ભૂપતભાઈ, તમારા સમીરને કોઈ સારા ડૉક્ટરને બતાવો. થોડાથોડા દિવસે આમ તાવ આવે એ એની ઉંમર પ્રમાણે ઠીક ન કહેવાય. આ ઉંમરે કોઈ રોગ ઘર કરી બેઠો' તો...' બાજુવાળા મહેશભાઇએ ભૂપતભાઈના ઘરમાં પગ મૂકતાં જ તાકીદનું સૂચન કર્યું.

'ભાઈ, તમારી વાત તો સાચી, પણ આ ટૂંકા પગારમાં ઘરનું ગાડું જેમતેમ ગબડાવું છું ત્યાં સારા ડૉક્ટરની ફીની રકમ કેવી રીતે ફાજલ પાડી શકું? ભગવાને ઘણે વર્ષે તમારી બેનનો ખોળો ઉજાળ્યો છે તો, હવે એને ભરોસે જ બધું છોડી દીધું છે.'

'ચાર-પાંચ મહિના પર જ નાકાવાળા અવિનાશભાઈ એક મહિનાના વાયદે પચાસ રૂપિયા લઈ ગયા હતા. પૈસા જોઈતા હતા ત્યારે આ ઘરનો ઉંબર ઘસી નાખ્યો; અને પૈસા હાથમાં આવ્યા પછી અહીં આવે તો અવિનાશભાઈને? તમારા ભાઈને કેટલી યે વાર કહ્યું—જાઓ, ઉઘરાણી કરો. અત્યાર સુધી એમને પૈસા પાછા આપવાની સહેજે શરમ ન હોય તો આપણને શાની?' કહેતાં નીરુબેન ગુસ્સામાં ને ગુસ્સામાં રસોડામાં ચાલ્યા ગયાં.

'આ તમારી બેનને તો શું કહેવું? અવિનાશભાઈ તો છે દિલનો ચોખ્ખો માણસ. એમની પાસે સગવડ થશે તો એ કંઈ બાકી રાખે એવા માણસ નથી. એ પણ બીચારા......'

'બસ, એમને મન બધા જ બીચારા. બધું જ ભગવાન ભરોસે. જોઈ તમારા અવિનાશભાઈની દિલની ચોખ્ખાઈ, અને જોયો તમારો ભગવાન! કાલ પૈસાની ઉઘરાણી કરો.' નીરુબેને કોપ ઠાલવતાં કહ્યું.

બીજે દિવસે અવિનાશભાઈ ભૂપતભાઈને ત્યાં આવ્યા: 'તમારા પૈસાએ તો મારી ઇજ્જત રાખી. પણ વચ્ચે હું એવો ફસાઈ ગયો હતો કે વાયદા પ્રમાણે પૈસા ન આપી શક્યો. એટલે જ, તમારે ઘેર આવતાં પગ ઊપડતો ન હતો. આ તો મને ખબર પડી કે તમારો સમીર માંદો જ રહે છે. લો આ તમારા પૈસા, અને બાકીના પણ તમારી પાસે જ રાખો. જ્યારે સવડ થાય ત્યારે આપશો તો યે ચાલશે; પણ સમીરને સારા ડૉક્ટરને બતાવી દો. તમારો સમીર એ મારો પણ ખરો જ ને?'—સોની નોટ ભૂપતભાઈના હાથમાં મૂકતાં અવિનાશભાઈ બોલ્યા.

અને નીરુબેન અને ભૂપતભાઈ એકમેકની સામે જોઈ રહ્યાં. □

ભારતમાં બાલાસરસ્વતી, બિરજુ મહારાજ, કુચીપુડીના સમર્થ પ્રદર્શક વેદાન્તમ્ સત્યમ્ અને કથકલીના કલામણ્ડલમ્ કૃષ્ણન્ નાયર જેવા મહાન કલાકારોને મળતાં ને તેમની સાથે કળાના પ્રશ્નોની ચર્ચા કરતાં જેવો મધુર અનુભવ થયો છે તેવો જ અનુભવ ન્યૂરેવને મળીને થયો. તેણે માર્ગો ફૉન્ટેઈન જોડે પણ પરિચય કરાવ્યો અને પોતે પણ ક્યારેક ભારત આવી શકે ને આપણાં નૃત્યો જોઈ શકે તેવી આશા વ્યક્ત કરી. મને આપણી 'મુદ્રાઓ' વિષે પૂછ્યું અને પોતે શરૂમાં 'લા બાયાદેર' નામે બૅલેમાં ભાગ લીધો હતો તેમાં દેવદાસીની વાત આવે છે તે વાત વિગતે કરી. આ મુલાકાત હું ક્યારેય ભૂલી શકીશ નહિ.

નૃત્યજગતમાં આજે ન્યૂરેવની ગણના 'વન્ડરમૅન' તરીકે થાય છે. તેનાં ઉત્પ્લવનો, ચપળ પ્રાણી સમ છલાંગો દર્શકોને ગાંડાતૂર કરી મૂકે છે. તેના વ્યક્તિત્વનું જાદુ વ્યાખ્યાબદ્ધ કરી શકાય તેમ નથી. જ્યારે તે રંગમંચ પર પ્રવેશ કરવાનો હોય ત્યારે તોખાર અશ્વોની હણહણાટી જાણે પ્રેક્ષકો સાંભળતા હોય તેવું લાગે છે. બે પાંખાળા અશ્વ જેવી તરલ ગતિએ તે રંગમંચ પર ઘૂમી વળે છે. તેની ટેકનિકલ શ્રેષ્ઠતા બેમિસાલ (અનુ. પૃ ૩૪૭)

સંધ્યાના રંગ

ધખતો મધ્યાહ્ન વીત્યા પછી ને તિમિર ઊતર્યાં પૂર્વેની એક કથા

લેખક • અશ્વિન પી. શાહ

ખૂણામાંથી લાકડી શોધતાં વૃદ્ધને સહેજ વાર લાગી. મોટા દીકરાનાં બાળકો ઘણી વાર તેનાથી ઘોડો ઘોડો રમતાં. આજે એટલે જ તે શોધતાં સહેજ સમય લાગ્યો. આમ તો વૃદ્ધ દરેક વસ્તુ માટે બહુ ચોક્કસ. લાકડી શોધી, પગમાં એમની ઉંમરનાં પગરખાં ચડાવી બહાર નીકળ્યા. સાંજનો એ જ સમય; અંગ પર એ જ ધોતી ને એ જ ઝભ્ભો; હાથમાં એ જ લાકડી ને પગમાં એ જ જોડા.

છેલ્લા કેટલા ય સમયથી વૃદ્ધના ઝભ્ભાના અંદરના ખિસ્સામાં એક રૂપિયો એમણે સાચવી રાખ્યો છે : લૉટરીની ટિકિટ લેવા. પણ આ ઉંમરે લૉટરીવાળાની દુકાને કોઈ જોઈ જાય તો ? અરે, ખુદ લૉટરીવાળાને પણ નવાઈ લાગે કે આ ઉંમરે ? એ વિચારે વૃદ્ધે આજ સુધી ટિકિટ લીધી નથી. ઝભ્ભાના ખિસ્સાને તળિયે રૂપિયો એમ ને એમ સચવાઈ રહ્યો છે.

વૃદ્ધના પગ મગજના હુકમ વગર રેલવે-સ્ટેશન તરફ વળ્યા. પરાનું રેલવે સ્ટેશન, એટલે બહુ ઘોંઘાટ નહિ. એમાં યે ગાડીનો વખત ન હોય તો મંદિર જેવી શાંતિ અનુભવી શકાય. વૃદ્ધને આ જગ્યા વધુ પસંદ હતી.

આજે પણ ટિકિટ લેવાના વિચારને એક બાજુ ધકેલી વૃદ્ધ સ્ટેશને પહોંચ્યા અને ટિકિટ–બારીના ડાબા હાથના બાંકડે બેઠા. રોજ તેઓ આ બાંકડે જ બેસતા. હમણાં પેલા રમેશના પિતા વાડીલાલ આવશે. હવે એ તો 'લાલ'માંથી 'કાકા' થઈ ગયા છે. પછી ધીમી ઉધરસ ખાતા ભગાકાકા આવશે. હજુ પણ તેમની દુકાન પર 'ભગવાનજી લાલજી'નું બોર્ડ છે. ઉધરસ અને સમયની કરચલીથી તે ભગાકાકાના નામે બોલાવાય છે. તો પણ આપણા વૃદ્ધ તો એમને 'ભગો' જ કહે છે. અને વાડીકાકાને પણ તે તો 'વાડુ' જ કહે છે : 'ઉંમર વધી તેથી કંઈ દોસ્તી તો મટી નથી ગઈ ને ?' કહી ઘણી વાર ભગા અને વાડુનાં સંબોધનનું અનુસંધાન નાનપણની દોસ્તી સાથે વૃદ્ધ બતાવતા.

'આવ ભગા. આજે કાંઇ બહુ મોડો ?' વૃદ્ધે બાંકડા પરની જગ્યા સાફ કરતાં કહ્યું. ભગાકાકાએ લાકડીને બાંકડા પર રાખી. ધોતિયાના છેડાથી બાંકડા પરની ધૂળને ખંખેરી : 'તને તો ખબર છે ને, મારા ઘરની ? દીકરાની વહુ સાથે બોલવાનું થાય છે. આજે ય એ જ મોકાણ હતી.'

'ભગા, એક વાત કરું. મારું માન, અને તું મારી જેમ રહેતાં શીખી જા. નહિ કોઈ વાતની લપછપ, નહિ કશી—'

'એ ન બને. તારી અને મારી સ્થિતિમાં આભ–જમીનનો તફાવત છે. જવા દે, ફરી એ ને એ જ રામાયણ.' કહી ભગાકાકાએ વાતને ટાળી દીધી. આમ તો ત્રણેયમાંથી કોઈ પારકા જેવું રાખતું નહિ; તો પણ ઘરના રોજરોજના કંકાસની વાત રોજ તો થતી નહિ જ.

'લ્યો મારા બાપલા : મોં મીઠું કરો.' દૂરથી જ વાડીકાકાએ ખિસ્સામાંથી સાચવીને બે પેંડાનું પડીકું કાઢી બંને વૃદ્ધ તરફ ધરી દીધું : 'આજે મારા લગ્નને ચાર દસકા પૂરા થયા.' સહેજ ભીની આંખને લૂછી વાડીકાકાએ ખુલાસો કર્યો.

ત્રણેયની પત્ની વખત થયે સ્વર્ગે સિધાવી ગએલી. એની ખોટ ત્રણેયને ડગલે ને પગલે ડંખતી. વૃદ્ધને ઘણી વાર એકલતામાં પત્ની બહુ સાંભરી આવતી. દીકરો ને વહુ કંઈ કહેતાં નહિ, ઘરમાં કંઈ બોલાચાલી પણ થતી નહિ, બધા દીકરાનાં ને વહુનાં મોંફાટ વખાણ કરતાં, છતાં વૃદ્ધને કંઈક અતડાપણું તો લાગ્યા કરતું, ને વૃદ્ધનું દિલ જમીન પરથી ઊપસી આવેલા પોપડા જેવો અનુભવ કરતું. મન અને દિલ જ્યારે બેકાબૂ બનતાં ત્યારે વૃદ્ધથી જીવનપથ પર પાછું વળી જોવાઈ જતું : હાથના રૂમાલની ડિઝાઈનથી માંડી રીંગણાના શાકમાં મને દહીં જોઈએ જ છે, ત્યાંસુધીની વિગત તેના હૈયામાં કોતરેલી રહેતી. હમેશાં હસતી ને હસતી. કોઈ વાર તે કહેતી : 'વકીલ સાહેબ, જો જો કોઈ નિર્દોષ શૂળી પર ન ચડી જાય. ભગવાન કદી આપણને માફ નહિ કરે.' પત્ની બહુ ભણેલી ન હતી, તો યે લગ્નજીવન કેટલું સુખી હતું ! પ્રભુ પ્રત્યેની પત્નીની અનહદ ભક્તિ. એટલે જ વૃદ્ધે લૉટરીની ટિકિટ લેવાનો વિચાર કરેલો. લૉટરી લાગી જાય તો એક સરસ મજાનું મંદિર બંધાવવાની વૃદ્ધને મનીષા હતી —પ્રેમાળ પત્નીની યાદમાં; તેની ઇચ્છા પૂર્ણ કર્યાના સંતોષ માટે.

વાડીકાકાના પેંડાને વૃદ્ધ અને ભગાકાકા મોંમાં મમળાવવા લાગ્યા. 'ભગા, પત્ની હોય છે ત્યારે કટકટ લાગે છે, ને નથી હોતી ત્યારે...' વાડીકાકા ગળગળા થઈ ગયા. વૃદ્ધે સમયસૂચકતા વાપરી વાતને વળાંક આપી દીધો. ફરી ત્રણે ય રાજકારણ, બજારની વધઘટ, આજનું ભણતર અને બેકારીની વાતોમાં ખોવાઈ ગયા.

'નમસ્તે વાડીકાકા.' કોઈ જુવાને છટાથી હાથ ઊંચો કરી વાડીકાકાને સંબોધ્યા. '઼ઓ હો ભરત ! તારામાં તો બહુ ફેરફાર થઈ ગયા છે ને શું ? ઑફિસમાં બધા મજામાં ?'

'કાકા નોકરી છોડયે તો છ મહિના થઈ ગયા. અત્યારે ટ્રાન્સપોર્ટનો ધંધો કરું છું.' 'ઘરે બધાં મજામાં ?'

'બસ, બધાં મજામાં. ચાલો કાકા, ત્યારે રજા લઉં.'

'ખબર છે તને ?' વાડીકાકાએ વૃદ્ધને ઉદ્દેશીને કહ્યું : 'આ અમારી ઑફિસમાં કલાર્ક તરીકે સર્વિસ કરતો. આમ તો કેવો વિવેકી ને શાણો લાગે છે. પણ તેના બાપને ઘરમાં ઝગડાથી કમોતે મરવું પડેલું, ઝેર ખાઇને.'

વૃદ્ધથી હવે રહેવાયું નહિ. તેના જીવને અકળામણ થવા લાગી : 'ચાલો, વધારે મોડું થાય છે તો પ્રભુની માળા નથી થતી.' કહી વૃદ્ધ ઊભા થઈ ગયા. ત્રણે જણ છૂટા પડચા. તેમની ચાલમાં વનને પસાર કર્યાનો થાક જણાતો. અને લાકડી હોવા છતાં ટેકા વગર ચાલવાનો તેમનો મક્કમ પ્રયત્ન અજાણ્યાનું પણ ધ્યાન ખેંચી રહેતો.

એકલા પડતાંની સાથે ભગાકાકા ઘરના વિચારોમાં ખોવાઈ જતા : 'વહુને માથે ન ચડવા દઈશ. જો એમાં કચાશ રાખીશ તો ભગા, સમજી લેજે, તારું આવી બન્યું.' એવું રોજ તેમની સાઠ વર્ષની બુદ્ધિ તેમને સમજાવતી. જ્યારે વાડીકાકાને છોકરા માટે જ અફસોસ થતો : 'જેમતેમ ઘર ચલાવી તેને મોટો કર્યો, ભણાવ્યો, ઠેકાણું પાડચો, તો પણ આજે જે તે શબ્દો સાંભળવા પડે એ શું કહેવાય ! ગઈકાલે તો વળી વૃદ્ધાશ્રમનું નામ લઈ જેમતેમ બોલતો હતો. સારું છે, હજુ પેલા બે પાસે મારાથી આ વાત બોલી જવાઈ નથી, નહિ તો...'

જ્યારે વૃદ્ધ તો વાડીકાકાના પેલા કલાર્કના વિચારમાં ખોવાઈ ગએલા. વૃદ્ધથી મનોમન બોલી જવાયું : 'પ્રભુ, આ ઘડપણ શા માટે આપ્યું ? નથી શાંતિથી તારું નામ લઈ શકાતું, નથી શાંતિથી જીવી શકાતું. આજે મનને કંઈક શાંતિ હતી ત્યાં આ...ગઈ કાલે વળી જૂનો પડોશી શાંતિ મળી ગએલો : 'શું શાંતિ, તું તો કંઈ દેખાતો જ નથી. આજકાલ ક્યાં છો ?' વૃદ્ધે શાંતિકાકાને દેખતાંવેંત પૂછેલું.

'તમે પણ ખરા છો ! જીવનના છેલ્લા દિવસોમાં ક્યાં જવાનો હું ?! છોકરાઓ જાત્રા કરાવતાં કરાવશે, અત્યારે તો વૃદ્ધાશ્રમ ભેગો કરી દીધો છે.' ને પછી બહુ સહજતાથી વૃદ્ધાશ્રમની વાત શાંતિકાકાએ કહી. વાત પૂરી કરી જવાનીનું સ્મિત પણ કરી લીધું. 'આમ તો મેં જ નિર્ણય લીધેલો. માત્ર છોકરાઓએ હસતા મોંએ એ નિર્ણય (અનુ. પૃ. ૩૪૭)

ભારતીય મંદિરોનાં વિવિધ અંગ

[૨]


લેખક · હરિપ્રસાદ સોમપુરા

તોરણ

ભારતીય સ્થાપત્યમાં ગુજરાતનાં તોરણો દેશમાં જ નહિ વિદેશમાંય અનોખાં ગણાય છે. સોલંકીયુગ દરમિયાન ગુજરાતભરમાં આવાં સંખ્યાબંધ તોરણો બંધાયાં હતાં, પણ એમાંથી આજ સુધી ટકી શકેલાં તોરણોમાં વડનગરનું તોરણ મુખ્ય છે. એ પછી એની બરોબરી કરી શકે એવું, પણ એનાથી થોડા નાના કદનું એક તોરણ દેલમાળમાં છે; ને એક બીજું તોરણ કપડવણજમાં છે, પણ તેનું શિલ્પ કંઈક ઊતરતી કક્ષાનું છે. રુદ્રમહાલયનું તોરણ વડનગરના તોરણ જેટલી ઊંચાઈ ધરાવે છે, પણ બંનેનું શિલ્પ ભિન્ન હોવાથી એ બેની સરખામણી થઈ શકે તેમ નથી. વડનગર શ્રેણીનાં બીજાં બે તોરણોના ભગ્ન અવશેષો મોઢેરાના



કીર્તિસ્તંભ તરીકે રચાયેલું
કપડવણજનું તોરણ




△ (૧) હિંડોલક, (૨) ઇલ્લિકા અને (૩) ગવાક્ષુકા પ્રકારનાં તોરણ. સ્થળ અને કાળના ભેદે એના શોભનખચિત વૈવિધ્યપ્રચુર અનેક પ્રકારો વિકસ્યા છે.

સૂર્યમંદિર પાસે ઊભા છે. તદુપરાંત શામળાજીમાં હરિશ્ચન્દ્રની ચોરીનું તોરણ, આસોડા-દેવડાનાં બે નાનાં ભગ્ન તોરણો, મહેસાણા પાસે આખોજ અને ધોળકાના મલાવ તળાવનાં ભગ્ન તોરણો, વિજયનગરનાં પોળોનાં જંગલોમાં સૂર્યમંદિરનું તોરણ, આ બધાં તોરણોની સૃષ્ટિમાં વડનગરનું તોરણ ઉત્કૃષ્ટ ગણી શકાય તેવું છે. 'ગુજરાતનો ભવ્ય ભૂતકાળ' (પૃષ્ઠ ૨૨૫)માં ડૉ. હરિલાલ ગૌદાની ઉપર્યુક્ત વાત નોંધતાં લખે છે કે 'દુનિયાના શિલ્પના ઇતિહાસમાં ગુજરાતનાં તોરણો એક આગવું અંગ છે. આવાં તોરણો જયસ્તંભ અથવા તો કીર્તિસ્તંભ તરીકે બંધાએલાં પણ હોવાં જોઈએ.' ગુજરાત બહાર, સાંચીનો સ્તૂપ જ્યાં છે ત્યાં બે સ્તંભો ઉપર ભિન્ન આકાર-શૈલી ધરાવતું એક પ્રવેશદ્વાર છે. એને 'ત્રિતાલ તોરણ' કહે છે. આકાર પ્રમાણે આ તોરણોને વિવિધ નામો આપવામાં આવ્યાં છે. સાંચીનો અવશેષ ત્રણ આડા પાટથી આવૃત્ત હોવાને કારણે એને ત્રિતાલ તોરણ કહ્યું છે.

ગુજરાત-રાજસ્થાનમાં ત્રણ પ્રકારનાં તોરણો જોવા મળે છે: 'ઇલિકા', 'ગવાક્ષુકા' અને 'હિંડોલક' (આંદોલક પ્રકારનું) તોરણ. બહુધા તે દેવસ્થાનની ચોકીઓમાં, મંડપમાં કે પ્રવેશદ્વારે જોવા મળે છે. ગુજરાતમાં ત્રણે ય પ્રકારનાં તોરણો રેતિયા પથ્થર (સૅન્ડ સ્ટોન)માં કંડારવામાં આવે છે. કેટલીક જગ્યાએ પોરબંદરના ચૂનાયુક્ત પથ્થર (લાઈમ સ્ટોન)-માંથી પણ તોરણો કંડારાય છે. બહુધા ધ્રાંગધ્રાના કે હિંમતનગરના પથ્થરમાંથી આવાં તોરણો કંડારવાનો રિવાજ છે. ક્યારેક તિવરી કે જોધપુરી લાલ પથ્થરમાંથી પણ આવાં તોરણો કંડારાય છે.

રાજસ્થાનમાં મોટે ભાગે આરસમાંથી જ તોરણો કંડારવાનો રિવાજ છે. આરસમાં કંડારેલાં તોરણો એ પથ્થરની કુમાશને કારણે સુંદર લાગે છે. એનો સફેદ રંગ ઝીણા પોગળમાં થએલી બારીક નકશીથી ઓર સોહે છે. એટલે જ આબુ, દેલવાડાનાં અને કુંભારિયાજીનાં મંદિરનાં તોરણો વિશેષ સૌન્દર્યયુક્ત લાગે છે. સૅન્ડ સ્ટોનના પોગળ (પથ્થરના કણો) મોટા હોવાને કારણે એમાં સૂક્ષ્મ કંડારણ ઘણું મુશ્કેલ બને છે. ઉપરાંત, તેને આરસ જેવો ચળકાટયુક્ત ઓપ આપી શકાતો નથી. માધ્યમ (પથ્થર)ની આવી મર્યાદા છતાં, આજે દેશ-વિદેશમાં ગુજરાતનાં તોરણો પ્રસિદ્ધ છે, તે તેના કલા-કૌશલને કારણે જ.

સાદી જ રીતે કહેવું હોય તો કહી શકાય કે બે સ્તંભો ઉપર એક છજું હોય, એના ઉપર કલાત્મક ગેબલ હોય, અને, છજાની નીચે બે સ્તંભોને જોડતી અર્ધગોળાકર રચના એ તોરણ.

આવાં તોરણો ગામ કે મંદિરના પ્રવેશદ્વાર તરીકે બાંધવામાં આવે. મંદિરના મંડપ કે ચોકીનાં તોરણોમાં છજાનું કામ પાટ કરે. એની ઉપર કલાત્મક ગેબલ ન હોય, તેથી બે સ્તંભોમાંથી પ્રગટ થતું તોરણ પાટને અડકી જાય ને ત્યાં જ તેની સમાપ્તિ થાય.

પરંતુ, પ્રતોલ્યારૂપ તોરણમાં છજાનો ઉપરનો અલંકૃત હિસ્સો હોય જ. તે જ તેની શોભા છે. મંદિરના પ્રવેશદ્વારે આવાં છજાયુક્ત, ગેબલવાળાં તોરણો હોય છે. સોમનાથના નવા મંદિરનું પ્રવેશદ્વાર આવા હિંડોલક પ્રકારના તોરણથી સોહે છે. ત્યાં છજા ઉપરના મધ્ય ગેબલમાં બ્રહ્મા-વિષ્ણુ મહેશની મૂર્તિઓ કંડારવામાં આવી છે.

મંડપમાં કે ચોકીઓમાં આવું હિન્ડોલક પ્રકારનું તોરણ હોય તો પણ તેને ગેબલ કે છજું ન હોય, કારણ કે મંદિરનો પાટ અહીં તોરણના મધ્યભાગને સ્પર્શે છે. આબુ-દેલવાડામાં ઇલિકા અને હિન્ડોલક પ્રકારનાં તોરણો વિશેષ જોવા મળે છે. ગવાક્ષુકાયુક્ત તોરણ તદ્દન સાદું હોય છે. તેથી તેને મંદિરની ચોકીઓમાં કંડારવામાં આવે છે. મુંબાઈમાં કિંગ્સસર્કલના જૈન મંદિરની ચોકી આવા ગવાક્ષુકાયુક્ત તોરણવાળી છે.

આ ત્રણેય પ્રકારનાં તોરણો મકરમુખમાંથી જ પ્રગટ થતાં કંડારવામાં આવે છે. ઇલિકા તોરણ પાટના મધ્યભાગ સુધી ક્રમશઃ ઊંચે ચડતું જાય છે, જ્યારે હિન્ડોલક પ્રકારનું તોરણ સાગરના તરંગની જેમ ઊંચોનીચો વળાંક લઈને મધ્યભાગને સ્પર્શે છે, પણ ગવાક્ષુકા તોરણ અર્ધગોળાકાર સ્વરૂપે મધ્યભાગને જઈ મળે છે. આ તોરણમાં એની ભિન્ન પ્રકારની સાદગીભરી અલંકૃતિ જોવા મળે છે. આ તોરણો મંદિરના મંડપના સ્તંભોને પાટને જોડતી અલંકૃત રૂપે કંડારવામાં આવે છે, જ્યારે ગેબલયુક્ત તોરણો મંદિરના પ્રવેશદ્વાર તરીકે કંડારવામાં આવે છે. એમાં બહુધા અતિ અલંકૃત એવું હિન્ડોલક પ્રકારનું તોરણ જ કંડારાય છે. ક્યારેક એમાં ઇલિકા પ્રકાર પણ પ્રયોજાય, પરંતુ ગવાક્ષુકા તો ક્વચિત જ.

ગેબલયુક્ત તોરણમાં સ્તંભ અને તોરણની અલંકૃતિ તો બહુધા એની એ જ રહે છે, પરંતુ ગેબલ ઉપરની શિલ્પાકૃતિઓમાં ફેરફાર જોવા મળે છે. જેમ કે સોમનાથ-મંદિરમાં ગેબલમાં મધ્યભાગે શિવ કંડાર્યા છે (કારણ કે તે શિવમંદિર છે) અને શિવની આજુબાજુ બ્રહ્મા અને વિષ્ણુ છે. જો બ્રહ્માનું મંદિર હોય તો મધ્યભાગે બ્રહ્મા અને આજુબાજુ શિવ અને વિષ્ણુ આવે, તેમજ સ્તંભની ઉપર સરસ્વતી-સાવિત્રી આવે. રામમંદિરના ગેબલમાં રામ-લક્ષ્મણ, જાનકી ઉપરાંત હનુમાન પણ કંડારવામાં આવે. એવી જ રીતે લક્ષ્મી-નારાયણના મંદિરમાં તેને લગતા દેવો જ ગેબલમાં કંડારાય. આમ મંદિરમાં પ્રવેશમાં જ ખબર પડી જાય કે તે કોનું મંદિર છે. કોઈ કારણોસર મંદિરનો નાશ થઈ ગયો હોય તો પ્રવેશદ્વાર મારફતે ખબર પડી જાય કે તે કોનું મંદિર હતું. આમ, ગેબલ એ એક દેવ-પ્રતીક બની રહે છે.

ગેબલની શિલ્પાકૃતિ સિવાય સમગ્ર તોરણમાં કોઈ બાહ્ય ફેરફાર જોવા મળતો નથી. આકારની દૃષ્ટિએ તો સામાન્ય જનને એમ જ લાગવાનું કે બે સ્તંભો વચ્ચે એક તોરણ છજાને જોડાએલું છે. પણ સૂક્ષ્મતાથી જોનારને તેના આંતરિક શોભનના ફેરફાર તુરત નજરે ચડી આવશે.

મકરમુખમાંથી પ્રગટતા તોરણની બાહ્ય બાજુએ દેવાંગના કે નૃત્યાંગનાઓનાં સ્વરૂપો કંડારાય છે. આમ દેવમંદિરમાં ગેબલ (અનુ. પૃ. ૩૪૩)

શક્તિનો એક નવો સ્રોત (એમ.એચ.ડી.) # મૅગ્નેટો-હાઇડ્રો-ડાયનૅમિક્સ

લેખક - ડૉ. સુશ્રુત પટેલ

જળવિદ્યુતશક્તિ (Hydro electric power), ઉષ્માશક્તિ (Thermal power) અને નાભિકીય વિખંડન દ્વારા નાભિકીય શક્તિ (Nuclear power)—આ ત્રણ પદ્ધતિઓ દ્વારા વીજળી મેળવાય છે. પણ વૈજ્ઞાનિકો જાણે છે કે શક્તિનાં આ બધાં પરિબળો ઉપર દીર્ઘકાળ સુધી મદાર બાંધી ન શકાય. આ પરિસ્થિતિમાં વૈજ્ઞાનિકો સામે બે વિકલ્પ રહે છે: શક્તિના હજુ સુધી નહિ શોધાએલા નવા જ સ્રોત શોધવા, તેમજ આજનાં ઉપલબ્ધ ઉપકરણોની કાર્યક્ષમતા વધારવાના પ્રયત્નો કરવા. આ બીજા પ્રકારના પ્રયત્નોમાં હમણાંહમણાં 'સર્વોત્કૃષ્ટ ઊર્જા' તરીકે અમેરિકા અને રશિયાના વૈજ્ઞાનિકોએ જેનું મહત્ત્વ સ્વીકાર્યું એ છે: એમ. એચ. ડી.; 'મૅગ્નેટો-હાઇડ્રો-ડાઇનૅમિક્સ' (Magneto-hydro-dynamics); અર્થાત્ ડાયનેમો વગરની વિદ્યુત શબ્દના આ ત્રણ પ્રથમાક્ષરો (MHD) આજકાલ શક્તિને ક્ષેત્રે એક નવી દિશાના માર્ગદર્શક બની રહ્યા છે.

તેલ, ગૅસ કે કોલસાની માત્રા જેટલી શક્તિ પેદા કરી શકે એથી દોઢ ગણી અધિક વીજળી આ પદ્ધતિથી પેદા કરી શકાય છે. આપણા દેશમાં કોલસાની ખોટ નથી. ગૅસ પણ વિપુલ પ્રમાણમાં મળી આવ્યો છે. આવા સંજોગોમાં આ નવી પદ્ધતિ બહુ લાભપ્રદ નીવડવા સંભવ છે. આ જ કારણથી ભાભા પરમાણુ સંશોધન કેન્દ્રે આવતાં કેટલાંક વર્ષો દરમ્યાન લેસર સંગલન (laser fusion), યુરેનિયમ સંવૃદ્ધિ (uranium enrichment) અને નાભિકીય ધડાકા (nuclear explosives) ઉપર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરવાની સાથેસાથે આ ક્ષેત્રે પણ એક ઘનિષ્ઠ-સંશોધન-યોજના ઘડી કાઢી છે. રશિયાના સહકારથી ૨૫ મૅગાવૉટ ક્ષમતાયુક્ત આવું એક જેનરેટર સ્થાપવાનો નિર્ણય લેવાયો છે, અને એ માટે 'ભારત હેવી ઇલેક્ટ્રિકલ્સ'ના સીમાક્ષેત્ર હેઠળના ટ્રીચી ખાતે પ્રાયોગિક ધોરણે આવા જેનરેટરને ઓપ અપાઈ રહ્યો છે.

જ્યારે આપણે કોલસો, તેલ કે પ્રાકૃતિક ગૅસનો ઉપયોગ વિદ્યુત બનાવવામાં કરીએ છીએ ત્યારે એમાં રહેલી શક્તિનો બહુ ઓછો ઉપયોગ કરી શકીએ છીએ, અને બહુધા તો વ્યય જ વધુ કરીએ છીએ. દા. ત. પાવર-હાઉસમાં વપરાતા કોલસા કે તેલની આશરે ૩૫% જેટલી રાસાયણિક શક્તિ જ વીજશક્તિમાં રૂપાંતરિત કરી શકાય છે—બાકીની ૬૫% શક્તિ વેડફાય છે! આનું કારણ સમજવું હોય તો પ્રથમ તો આપણે આવાં બળતણમાંથી વીજળી કેવી રીતે મેળવાય છે એ જોવું જોઈએ.

આવાં બળતણોમાં સંગ્રહીત શક્તિને આપણે 'રાસાયણિક શક્તિ'ના નામે ઓળખીએ છીએ. એને બાળવાથી 'ઉષ્મા શક્તિ' રૂપે એ સાંપડે છે. પછી એનાથી પાણીની વરાળ બનાવાય છે, જે ટરબાઈનને ફેરવે છે. અર્થાત્ ઉષ્મા શક્તિ યાંત્રિક શક્તિમાં રૂપાંતરિત થાય છે. ટરબાઇનની સાથે સંકળાએલું જેનરેટર આ યાંત્રિક શક્તિને વિદ્યુત-શક્તિમાં ફેરવે છે. આમ કોલસા, તેલ કે ગૅસમાંની રાસાયણિક શક્તિ ઉષ્મા-શક્તિ અને યાંત્રિક-શક્તિમાંથી પસાર થયા પછી જ વીજ-શક્તિમાં છેવટે રૂપાંતરિત થાય છે. વચ્ચેની આ બે અવસ્થાઓમાં શક્તિનો ઘણો હ્રાસ થાય છે, જેને પરિણામે બળતણમાં છુપાએલી રાસાયણિક-શક્તિને વીજ-શક્તિમાં પૂરેપૂરી ફેરવી શકાતી નથી.

આ ઉપરાંત, એક બીજો મુદ્દો તે બળતણનું ઉષ્ણતામાન છે; કારણ કે કોલસા કે તેલની ભઠ્ઠીમાં ૩૦૦૦ અંશ સેન્ટીગ્રેડ ઉષ્ણતામાન પેદા કરવું બહુ અઘરું તો નથી, પરંતુ ટરબાઈનના પંખા (blades) બહુ ઊંચા ઉષ્ણતામાને ઓગળી જાય. અને ખરું પૂછો તો ૬૦૦ અંશ સેન્ટીગ્રેડથી અધિક ઉષ્ણતામાને એ બિનકાર્યક્ષમ બની જતા હોય છે. આ કારણો અને મર્યાદાને લઈને રાસાયણિક-શક્તિ વધુમાં વધુ ૪૫% જેટલી જ વીજ-શક્તિમાં રૂપાંતરિત કરી શકાય છે, એથી વધુ નહિ.

શક્તિની અવસ્થાઓનાં રૂપાંતર દરમિયાન થતો શક્તિનો આ હ્રાસ રૂઢિગત પદ્ધતિઓમાં તો ઉપર્યુક્ત કારણોને લઈને અનિવાર્ય છે. માટે જો આ અનિવાર્ય વ્યય રોકવો હોય તો કોઈક નવી વ્યવસ્થા શોધવી જોઈએ. આ વિચારસરણીએ એમ.એચ.ડી. જેનરેટરને જન્મ આપ્યો છે.


હકીકતે આ વિચાર નવો નથી. અને ભલે આજે રશિયાએ આ ક્ષેત્રે છેલ્લા દશકામાં પોતાની શ્રેષ્ઠતા સિદ્ધ કરી હોય તો પણ આ અંગે સૌ પ્રથમ વિચારનાર તો બી. કાર્લોવાઇટ (B. Karlovite) નામનો એક અમેરિકન હતો, જેણે છેક ઈ. સ. ૧૯૪૦ની આસપાસ પોતાના ખયાલને પ્રત્યક્ષરૂપ આપવા પ્રયત્ન કરેલો.

'હાઇડ્રો-ડાયનૅમિક્સ' આપણે દ્રવ્ય-ગતિવિજ્ઞાન તરીકે ઓળખીએ છીએ. અને વિજ્ઞાનની જે શાખામાં ચુંબકીય ક્ષેત્રમાં વહેતા વિશિષ્ટ પ્રવાહીઓનું અધ્યયન આવરી લેવાતું હોય, એને 'મૅગ્નેટો-હાઇડ્રો-ડાયનૅમિક્સ' કહે છે. ઘણીવાર એ મૅગ્નેટોગૅસ-ડાયનૅમિક્સ (MGD), કે મૅગ્નેટોપ્લાઝ્મા-ડાયનૅમિક્સ (MPD) યા પછી મૅગ્નેટોફ્લ્યુઈડ-ડાયનૅમિક્સ (MFD) જેવા નામે પણ ઓળખાય છે.


ચુંબકીય-ક્ષેત્ર માત્ર વીજભારથી આવેશિત કણો ઉપર જ અસરકર્તા હોવાને કારણે આમાં વપરાતું પ્રવાહી વીજ-વાહક જ હોવું જોઈએ. આ મહત્ત્વના તફાવતને બાદ કરતાં બાકી બધી રીતે પરંપરાગત જેનરેટર (કે ડાયનેમો) જે સિદ્ધાંત ઉપર કાર્ય કરે છે, એ જ સિદ્ધાંત ઉપર-એટલે કે માઈકલ ફૅરાડે પ્રેરિત વીજ-પ્રવાહ, (induced current)ના સિદ્ધાંત ઉપર જ એમ. એચ. ડી. જેનરેટર કાર્ય કરે છે. હા, એમાં ધૂમતા ચાલતા કોઈ ભાગ નથી હોતા, અથવા કહો કે યાંત્રિક શક્તિ જેવી વચ્ચેની અવસ્થા માટે એમાં કોઈ સ્થાન નથી હોતું. એટલે કે ઉષ્મા-શક્તિ સીધેસીધી જ વીજ-શક્તિમાં ફેરવાઈ જાય છે. આ કારણે એમ. એચ. ડી. જેનરેટરની મદદથી રાસાયણિક-બળતણમાંની આશરે ૫૫% જેટલી શક્તિ વીજ-શક્તિમાં ફેરવી શકાય છે. જ્યારે આજના પ્રચલિત ઉષ્મા-વીજઘરોમાં કોલસા તથા તેલની વધુમાં વધુ ૩૦ કે પછી બહુ બહુ તો ૩૫% જ રાસાયણિક-શક્તિને વીજ-શક્તિમાં ફેરવવાની ક્ષમતા હોય છે.

આધુનિક 'પાવર-હાઉસ'માં શક્તિશાળી વીજચુંબકો ધરાવતા વિરાટ જેનરેટરો હોય છે, જે મોટાં પાંખિયાંવાળાં જંગી ચક્રો (ટરબાઈન)થી ચાલે છે. જ્યારે આ પાંખિયાં ઉપર એક બાજુથી ધોધરૂપે પાણી ફેંકાય છે, કે પછી કોઈ પણ વિધિ દ્વારા પાણીને ગરમ કરીને મેળવાએલી વરાળ છોડાય છે, ત્યારે આ ટરબાઈન અત્યંત વેગથી ધૂમે છે. આ ધૂમતાં ટરબાઈન હજારો આંટા વીંટેલા તારનાં ગૂંચળાં (આર્મેચર) સાથે જોડાએલાં હોઈ, એને પણ ફેરવે છે. આ આર્મેચર વીજચુંબકો દ્વારા સર્જાએલા ચુંબકીય ક્ષેત્રમાં ગોળગોળ ધૂમે છે ત્યારે ફેરાડેના નિયમ મુજબ વીજળી ઉદ્ભવે છે. પણ જણાયું છે કે આવી વ્યવસ્થામાં એક પ્રકારની યાંત્રિક મર્યાદા નડે છે, જેને લીધે પ્રત્યેક સેકન્ડે ૫૦૦ ફીટથી વધુ ધૂમવાની ઝડપ આંબી શકાતી નથી.


એમ. એચ. ડી. જેનરેટરમાં આયનીકૃત વાયુ (પ્લાઝ્મા) પ્રયોજાય છે. ડાયનેમોમાં ધૂમતા તાંબાના તારને બદલે આયનીકૃત વાયુ વાપરી-



◁ શક્તિનું વીજશક્તિમાં રૂપાંતર થાય તે દરમિયાનના વિવિધ તબક્કા દર્શાવતા તુલનાત્મક આલેખ. (૧) સામાન્ય રીતે જેમાં વિવિધ બળતણોની શક્તિનું વિદ્યુત શક્તિમાં રૂપાંતર થાય તે દરમિયાનના તબક્કા. તથા (૨) બળતણ કોષમાંથી સીધેસીધી વિદ્યુત-શક્તિમાં પલટાતી શક્તિના તબક્કા. તેની નીચેની બે આકૃતિમાં પહેલી આકૃતિ સામાન્ય ટર્બોજેનરેટરનું કાર્ય દર્શાવે છે. તેમાં ગૅસ, પાણી કે વરાળના બળે ચાલતા ચક્ર (ટર્બાઈન)ને ગતિ આપી તેના દ્વારા વીજ-ઉત્પાદક ડાયનેમો કે જેનરેટરને ચલાવીને વીજળી પેદા કરવાની સામાન્યરીતે હાલ બધે વપરાતી રીતનું કાર્ય દર્શાવ્યું છે. બીજી આકૃતિમાં એમ. એચ. ડી. જેનરેટરના કાર્યનું સૈદ્ધાંતિક રૂપ દર્શાવ્યું છે. છેક નીચેની ત્રીજી આકૃતિમાં એમ. એચ. ડી. જેનરેટરનું કાર્ય વિગતે દર્શાવ્યું છે.




સામાન્ય ટર્બો-જનરેટર



એમ.એચ.ડી. જનરેટર

એમ.એચ.ડી. M.H.D. જનરેટર



વિદ્યુતક્ષેત્રનું નિર્માણ થાય છે, જે બીજી તરફ રાખેલા ઇલેક્ટ્રોડમાં વીજધારા (કરંટ) રૂપે ઝીલાય છે. અલબત્ત, સેકન્ડના સોમા ભાગથી વધુ લાંબા નહિ એવા ઝડકારરૂપે આ વીજધારા સાંપડે છે, પણ એનું સાતત્ય જળવાઈ રહે એ માટેનાં સંશોધનો હજી ચાલુ છે. અને રશિયાએ આ ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ મેળવી હોવાનું મનાય છે.

હાલમાં જે પદ્ધતિથી આ પ્લાન્ટ ચાલે છે એને 'ઓપન સાઈકલ' (Open cycle) જેનરેટર કહે છે. પચીસ મેગાવૉટ ક્ષમતા ધરાવતો 'યૂ-૨૫' નામનો આવો એક પ્લાંટ મૉસ્કોમાં ૧૯૭૧ની સાલથી સફળતાપૂર્વક કામગીરી બજાવી રહ્યો છે. આપણે ત્યાં સ્થપાનારો પ્લાન્ટ બહુધા આ જ પદ્ધતિએ કાર્ય કરવાનો છે, એટલે એના વિષે સમજી લઈએ.

એ અને આ વાયુને જો તીવ્ર વેગે ચુંબકક્ષેત્રમાં રાખેલ ઇલેક્ટ્રોડ્સની વચ્ચેથી પસાર થવા દઈએ તો આ સમગ્ર વ્યવસ્થા એમ. એચ. ડી. જેનરેટર બની જાય છે, વળી, એમાં ધૂમતાં તારનાં ગૂંચળાંને બદલે મુક્ત ને અતિ તપ્ત વાયુ હોઈ, યાંત્રિક મર્યાદા નડતી નહિ હોવાથી અસાધારણ શક્તિ સાંપડે છે.

આ માટે પ્રથમ તો કોલસા (કે ગૅસ)ને એક દહન-કક્ષમાં લગભગ ૨૦૦૦ અંશ સેન્ટીગ્રેડ જેટલા ઊંચા ઉષ્ણતામાને તપાવવામાં આવે છે. પછી આ ગરમ વાયુમાં સોડિયમ, પોટૅશિયમ અથવા તો કૅલ્શિયમ ધાતુઓના સૂક્ષ્મ પાઉડરનું 'ઉમેરણ' કરાય છે. આ તત્વો 'ઉમેરણ પદાર્થ' (Seed material) કહેવાય છે. અલ્પ માત્રામાં કરેલું આ ઉમેરણ અવાહક વાયુને વીજવાહક બનાવે છે. પ્રવાહી સ્વરૂપે લીથિયમ ધાતુ પણ આ માટે પ્રયોજી શકાય. વાયુમાં મુખ્યત્વે નિયૉન ઉપરાંત હિલિયમ, આર્ગોન, ક્રિપ્ટન, ઝિનૉન (Xenon) વગેરે જેવા નિષ્ક્રિય વાયુઓ પણ વાપરી શકાય. તો વળી, વધારામાં આ માટે અણુશક્તિને પણ જોતરી શકાય. ટૂંકમાં, કોઈ પણ બળતણ વાપરી શકાય.

એ પછી પ્લાઝમા-ગૅસને અત્યંત દબાણે અને તીવ્ર વેગે એક નાળચા (નૉઝલ)માં થઈને જેનરેટરના ચુંબકોની વચ્ચેથી પસાર કરાતાં

રશિયાના આ 'યૂ-૨૫' જેનરેટરનું મૂળ બળતણ તો પ્રાકૃતિક ગૅસ છે, પણ એને સ્થાને આપણે કોલસાને બાળીને કામ લેવાના છીએ. (કેટલાકને મતે આ બરાબર નથી, પણ એ ચર્ચા અહીં અપ્રસ્તુત છે.) આ ગૅસને દહન કક્ષામાં ૧૨૦૦ (જરૂર પડે તો ૫,૦૦૦) અંશ સેન્ટીગ્રેડ ઉષ્ણતામાને ઑક્સિજન સાથે ભેળવીને તપાવવામાં આવે છે. પછી પોટૅશિયમનાં સંયોજનો (જેમ કે પોટૅશિયમ કાર્બોનેટ) એમાં ઉમેરીને એક ટોટીવાળા નાળચામાંથી પસાર કરીને પ્રતિ સેકન્ડે ૮૫૦ મીટર જેટલો વેગ અને ૬૩ વાયુમંડળ જેટલું દબાણ પેદા કરવામાં આવે છે. ચુંબકક્ષેત્રમાંથી પસાર થયા બાદ પોટૅશિયમનાં આ સંયોજનો અલગ તારવી લેવાય છે; તો વિશિષ્ટ વિધિ મારફત ગંધક જેવાં દૂષિત તત્વો પણ આખરે દૂર કરી દેવાય છે. જેનરેટરમાંથી બહાર આવતો આ વાયુ આમ પ્રદૂષણ રહિત તો હોય જ છે, ખાસ્સો ગરમ પણ હોય છે. એનો ઉપયોગ પાણીની વરાળ કરવામાં થાય છે, જેનાથી પાછાં ટરબાઈન-જનરેટર ચલાવીને પ્રચલિત પદ્ધતિ દ્વારા આશરે ૫૦ મેગાવૉટ જેટલી વધારાની વીજળી મેળવાય છે. આમ કુલ(૨૫+૫૦=)૭૫ મેગાવૉટ વિદ્યુત મળે છે.

ઉપર્યુક્ત 'ઓપન સાઈકલ' પદ્ધતિ સૌથી વધુ વિકસિત અને એથી પ્રચલિત છે, પણ આ ઉપરાંત 'બંધ સાઈકલ' (Closed cycle) અને

પ્રવાહી ધાતુ પદ્ધતિ (Liquid metal system) તરીકે ઓળખાતા પ્લાન્ટ અંગે પણ સંશોધનો થઈ રહ્યાં છે. આ પ્લાન્ટમાં બળતણનું પુનઃ પુનઃ અભિસરણ કરાવાય છે. આનો મોટામાં મોટો ફાયદો એ છે કે એમાં વપરાતી પ્રવાહી ધાતુની વીજ વહન કરવાની ક્ષમતા વાયુ કરતાં દસ લાખ ગણી વધુ છે. તો સામે પક્ષે મોટો ગેરફાયદો એ છે કે પ્રવાહીને સતત ગતિમાં રાખવાની અટપટી વ્યવસ્થા કરવી પડે છે.

એવું ગણી કાઢવામાં આવ્યું છે કે ૫૦૦ મેગાવૉટ કે એથી ઉપરનો એમ. એચ. ડી. પ્લાન્ટ નાખવાનો પ્રારંભિક ખર્ચ એટલી જ ઉત્પાદન-શક્તિવાળા પ્રચલિત પ્લાન્ટ કરતાં બે થી ત્રણ ગણો ઓછો આવે છે. જો કે દહનકક્ષની બનાવટ ઉચ્ચ ઉષ્ણતામાને પીગળી કે ખવાઈ ન જાય એવી ધાતુની બનેલી હોવી જોઇએ. હાલમાં આ માટે મેગ્નેશિયા ને ઍલ્યુમિનિયમ વપરાય છે. થોરિયમ, હાફનિયમ અને બેરિલિયમ ધાતુના ઑક્સાઈડ તેમ જ બોરોન નાઈટ્રાઈડ વાપરવા અંગેના પ્રયોગો પણ ચાલે છે. તો વળી, ઇલેક્ટ્રોડ બનાવવામાં પણ ખાસ ધ્યાન આપવું જોઈએ. હાલમાં કાં તો તાંબાના, સ્ટેઈનલેસ સ્ટીલના, નિકલ ધાતુના મિશ્રણના, ટંગસ્ટનના, મોલીબ્ડેનમના કે પ્લૅટિનમના બનાવાય છે, કે પછી સ્ટેબિલાઈઝ્ડ ઝિર્કોના અને સ્ટ્રૉન્શિયમ-ડોપ્ડ લૅન્થેનમ ક્રોમાઈટ જેવા ઉષ્મસહ પદાર્થો (refracting materials)ના એ બનાવાય છે. આ બધાંને લઇને સારો એવો ખર્ચ થાય છે.

વળી, પ્રબળ ચુંબકક્ષેત્ર પેદા કરવા માટે અનેક સંશોધનો થવાં બાકી છે, કારણ કે ચુંબક જેમ વધુ શક્તિશાળી એમ શક્તિની ઘટ્ટતા પણ વધુ. રૂઢિગત વીજચુંબકો અને પ્રમાણિત પદાર્થો પ્રયોજીને બહુ બહુ તો બે ટેસલા (એટલે કે ચુંબકીય બળરેખાઓની સંખ્યાની ઘટ્ટતા દર્શાવતો મેટ્રિક પદ્ધતિનો એકમ) જેટલું ચુંબકીય ક્ષેત્ર જન્માવી શકાય. આ શક્તિ જેનરેટરમાંથી જ મેળવાતી હોઈ, પ્લાન્ટની ચોખ્ખી ઊપજ કમ થઈ જાય છે. વળી, એમ. એચ. ડી. જેનરેટરના કુલ ખર્ચમાં ૧૦ થી ૧૫% જેટલો હિસ્સો તો આ ચુંબકો માટેનો જ હોય છે; એટલે ઓછી શક્તિએ, વધુ શક્તિશાળી છતાં કિંમતમાં સસ્તાં ચુંબક મેળવવાના પ્રયત્નો થાય છે; જેમાં અતિસંવાહક (super conductors) ચુંબકો વાપરવાના અખતરા નોંધપાત્ર છે, કારણ કે એ શક્તિના બહુ નજીવા વપરાશે ૬ ટેસલા જેટલું ચુંબકત્વ બક્ષે છે.

'યૂ-૨૫'થી ઉત્સાહિત થઇને રશિયામાં ૧૨૫ મેગાવૉટ ક્ષમતાયુક્ત વિરાટ જેનરેટર બનાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે. અમેરિકાનાં કેટલાંક એકમોએ આવાં ૧૦ થી ૩૦ મેગાવૉટ ક્ષમતાયુક્ત જેનરેટરો બનાવ્યાં છે. તો જાપાન, પશ્ચિમ જર્મની, ઇંગ્લૅંડ, ફ્રાન્સ અને પોલૅન્ડે પ્રાયોગિક એક થી બે મેગાવૉટ ક્ષમતા ધરાવતાં જેનરેટરો તૈયાર કર્યા છે.

એમ. એચ. ડી. રૉકેટ-ઍંજિન પણ તૈયાર કરવામાં આવ્યાં છે. વાસ્તવમાં ૩૦, નવેમ્બર ૧૯૬૪ના રોજ મંગળ ગ્રહ તરફ મોકલાએલા સોવિયટ અંતરીક્ષ યાન ઝૉન્ડ-૨ (Zond-2)માં આવા છએક જેટલાં પ્લાઝમા પ્રકારનાં ઇલેક્ટ્રિક રૉકેટ-ઍંજિન બેસાડેલાં હતાં.

ઘૂમતા ભાગોના સદંતર અભાવના પરિણામે રહેતી યાંત્રિક સરળતા, કાચા બળતણ તરીકે અવેજીમાં વિવિધ પ્રકારનાં બળતણ વાપરવાની અનુકૂળતા, ગરમી-શક્તિને ૫૦ થી ૬૦% વીજ-શક્તિમાં ફેરવવાની ક્ષમતા, પ્લાન્ટમાં ઝાઝી ગરમી પેદા ન થવી જેથી પ્લાન્ટને ઠંડો રાખવા માટે પાણીના જથ્થાની બિનઆવશ્યકતા, ઉષ્મા, રેડિયો વિકિરણ તેમજ ધુમાડા જેવાં દૂષણોથી વંચિત, એરોસ્પેસ જેવા ઉદ્યોગોમાં એનો આડકતરો ઉપયોગ કરવાની સંભાવના વગેરે બાબતોને લક્ષમાં લેતાં એમ. એચ. ડી. જેનરેટર અન્ય પ્રચલિત વીજઉત્પાદનની પદ્ધતિઓને મુકાબલે આદર્શ અને હિતકર વીજઉત્પાદન-વ્યવસ્થા સાબિત થએલી છે. તો પણ એ એક તદ્દન નવી જ ટૅકનોલૉજી છે અને અનેક સંશોધનો દ્વારા હજુ તો ઘણાબધા અવરોધો વટાવવાના છે. તેમ છતાં ય પ્લાઝમા વિજ્ઞાનને ક્ષેત્રે આપણા વૈજ્ઞાનિકોએ જ્યારે ઠીક ઠીક પ્રગતિ સાધી છે, ત્યારે આ નવી શાખા ખેડવામાં અને એને આત્મસાત્ કરવામાં કાંઈ ઝાઝી તકલીફ પડવાની નથી. અને જો આમ થશે તો દેશમાં વિદ્યુત-ઉત્પાદન ક્ષેત્રે ઘણી મોટી સિદ્ધિ હાંસલ કરી કહેવાશે. □

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૬૮

સોમ રોગ

સોમ રોગ પ્રદર જેટલો વ્યાપક નથી. પરંતુ જે બહેનોને તે થાય છે તે ખૂબ મૂંઝાય છે. આ રોગમાં પાણી જેવો સ્રાવ સતત થયા જ કરે છે. હકીકતમાં એ પેશાબ નથી પણ જલીય ધાતુ છે.

કેટલાક ચિકિત્સકો સોમ રોગને પ્રદર માને છે. રોગી પોતે પણ આવી ભૂલ કરે છે, કારણ કે 'સફેદ પાણી પડવાનું' બંનેમાં સમાન બને છે. પરંતુ શ્વેતપ્રદરનો સ્રાવ ભારે, ચીકણો, સહેજ પીળાશ પડતો, ઘટ્ટ અને વેદના કરનાર છે; જ્યારે સોમ રોગનો સ્રાવ સ્વચ્છ, ગંધ અને રંગ વગરનો, માત્ર પાણી જેવો હોય છે. સૌથી મોટો તફાવત એ છે કે પ્રદર યોનિમાર્ગનો રોગ છે અને સ્રાવ પણ યોનિમાર્ગે જ થાય છે, જ્યારે સોમ રોગમાં મૂત્ર માર્ગે પાણી ઝમે છે જે પીડાકર નથી.

સોમ રોગ થવાનાં મુખ્ય પાંચ કારણો છે: ૧ અતિ-સંભોગ; ૨ અધિક શોક, ૩ વધારે પડતો પરિશ્રમ, ૪ ઝાડાની ચાલુ ફરિયાદ અને ૫ ધીમા ઝેરનું ભક્ષણ.

લક્ષણ

મૂત્રમાર્ગેથી નિર્મળ, શીતળ, સ્વચ્છ, રંગ અને ગંધ વગરનો સ્રાવ સ્ત્રીની અનિચ્છા છતાં મોટા પ્રમાણમાં ઝમ્યા કરે છે. આ સ્રાવ દુખાવો કરતો નથી, તેથી યોનિપ્રદેશમાં સ્થાનિક ઉપદ્રવ, વેદના, દાહ કે રાગ કરતો નથી. રોગી બેચેન રહે છે. માથું ખાલીખાલી લાગે છે. મોઢું અને તાળવું સુકાય છે. આળસ અને બગાસાં આવે છે. ચામડી સુકાઇ જાય છે. રોગીને બકવાટ કરવાની ટેવ પડે છે; તે અસંબદ્ધ બોલે છે. ખાવાનું ભાવતું નથી. શક્તિ હણાઇ જાય છે. શરીર સુકાઈ જાય છે. આંખો ઊંડી ઊતરી જાય છે. મોઢા ઉપરની કાંતિ જતી રહે છે. સતત થાક અનુભવાય છે. પગ તૂટે છે. આંખે અંધારાં આવે છે. ને આના પરિણામે રોગી જીવનમાં હતાશા અનુભવે છે.

ઉપચાર

૧) પાકેલા કેળામાં આમળાંનો રસ, મધ અને સાકર મેળવી દૂધ સાથે પીવું. ૨) તાજા સરકામાં એલચીનો દાણો મેળવી પીવું. ૩) આમળાના ઠળિયાને પાણીમાં વાટી સાકર અને મધ સાથે પીવું. ૪) ઓછા પાણીવાળી ખાટી છાશમાં નાગકેશર ચૂર્ણ મેળવી પીવું. ૫) કાળી મૂસળી, ખારેક, જેઠીમધ અને ભોંયકોળાના ચૂર્ણનું મધ-સાકર સાથે સેવન કરવું. ૬) કુંવાડિયાના મૂળને ચોખાના ધોવરામણમાં વાટી સવારે પી જવું. ૭) દીવેલનો હળવો રેચ લેવો. ૮) પાકેલા કેળામાં ચીરો કરી તેમાં આમળાં તથા હળદરનું ચૂર્ણ ભરી ૨ કલાક રાખી ખાઈ જવું. ૯) ખોરાકમાં માત્ર છાશ-ભાત જ ખાવાં. ૧૦) સાત્ત્વિક ખોરાક, માનસિક શાંતિ અને શારીરિક આરામ કરવો. ૧૧) બ્રહ્મચર્ય પાળવું.

વૈદ્ય નવીનભાઇ ઓઝા

પ્રાચીન સિક્કા ૨૧

લેખક
ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી



△ સ્પલપતિ દેવનો ચાંદીનો સિક્કો. એમાં અગ્રભાગ પર લાંબા ભાલાવાળા અશ્વારોહીની અને પૃષ્ઠ ભાગે ઝૂલવાળા નંદિની આકૃતિ છે. બીજો સિક્કો કાશ્મીરનરેશ હર્ષદેવનો ચાંદીનો છે. એના અગ્રભાગ પર અશ્વારોહીની અને પાછળ દેવીની આકૃતિ છે.

ઉત્તર ભારતના અનુ-ગુપ્તકાલીન સિક્કા

ગુર્જર-પ્રતીહાર વંશના રાજાઓ રાજસ્થાન તથા કનોજમાં રાજ્ય કરતા હતા. તેઓમાં ભોજ સહુથી પ્રતાપી હતો. એ 'મિહિર' તથા 'આદિવરાહ' તરીકે પણ ઓળખાતો. એના ચાંદીના સંખ્યાબંધ સિક્કા મળ્યા છે. અગ્રભાગ પર વરાહની આકૃતિ હોય છે ને પૃષ્ઠ ભાગ પર 'શ્રીમદાદિવરાહ' એવો લેખ હોય છે; લેખની નીચે સાસાની ઢબનો અગ્નિકુંડ પણ જોવા મળે છે.

પંજાબમાં શિવ નંદિ ચિહ્નવાળા તાંબના સિક્કા પ્રચલિત હતા.

કાશ્મીરમાં ૮મી સદીમાં કર્કોટવંશ સત્તારૂઢ થયો. એમાં ઊભેલા રાજાની તથા બેઠેલાં દેવીની આકૃતિઓ ઓળખી ન શકાય એટલી બેઢંગ હોય છે. આ સિક્કા મુખ્યત્વે તાંબાના છે. એમાં ૧૨ ટકા સોનાનું કે ૧૫ ટકા ચાંદીનું મિશ્રણ કરેલું હોય છે. પછી ઉત્પલ વંશ સત્તા પર આવ્યો. એના સિક્કા ચિહ્નો ઓળખી શકાય તેવી સારી ઢબના છે. આગળ જતાં રાણી દિદ્દાની સત્તા પ્રવર્તી (ઈ. સ. ૯૮૦). એના સિક્કાના અગ્રભાગ પર અશ્વારૂઢ શાસકની આકૃતિ અને પૃષ્ઠભાગ પર લક્ષ્મીની આકૃતિ તથા 'શ્રી દિદ્દા' લેખ હોય છે.

કાશ્મીરનરેશ હર્ષદેવ (ઈ. સ. ૧૦૮૯-૧૧૧૧)ના સોનાના તથા ચાંદીના સિક્કા આ સિક્કા-શ્રેણીમાં સુંદર છાપ પાડે છે. પૃષ્ઠભાગ પર બેઠેલાં દેવીની આકૃતિ સ્પષ્ટ દેખાય છે. વળી, કર્ણાટકના સોનાના સિક્કાના જેવા અગ્રભાગ પર ગજની આકૃતિ અને પૃષ્ઠભાગ પર લેખ ધરાવતા સિક્કા કાશ્મીરની આ લાંબી એકવિધ સિક્કા-શ્રેણીમાં નવી ભાત પાડે છે.

નવમી સદીમાં ગંધારમાં શાહી વંશના રાજાઓએ ચાંદીના અને તાંબાના નવા પ્રકારના સિક્કા પડાવ્યા. એમાં અગ્રભાગ પર લાંબા ભાલાવાળા અશ્વારોહીની આકૃતિ અને પૃષ્ઠભાગ પર ઝૂલવાળા બેઠેલા નંદિની આકૃતિ તથા રાજાના નામનો લેખ ધરાવતા સિક્કા ખાસ નોંધપાત્ર છે. સ્પલપતિદેવે શરૂ કરેલી આ શ્રેણીમાં સામંતદેવના સિક્કા ઘણા મહત્ત્વના છે. એ સમસ્ત ઉત્તર ભારતમાં પ્રચલિત હતા. તોમાર, ગાહડવાલ, ચાહમાન, પ્રતીહાર વગેરે વંશોના રાજાઓએ આ પ્રકારના સિક્કા પડાવ્યા. આ પ્રકાર બારમી-તેરમી સદી સુધી ઉત્તર ભારતમાં લોકપ્રિય રહ્યો.

ત્રણચાર સદીના લાંબા ગાળા બાદ સોનાના સિક્કા પુનઃ પ્રચલિત થયા. એનાં પગરણ ત્રિપુરીના કલચુરિ રાજા ગાંગેયદેવે (ઈ. સ. ૧૦૧૫-૧૦૪૦) કર્યાં. એના અગ્રભાગ પર બેઠેલાં ચતુર્ભુજ લક્ષ્મી અને પૃષ્ઠભાગ પર ત્રણ પંક્તિઓમાં 'શ્રીમદ્ ગાંગેયદેવ' લેખ દેખા દે છે. આવા સિક્કા ચાંદીના, બિલન(ચાંદી-તાંબાનું મિશ્રણ)ના તથા તાંબાના પણ મળે છે. ગાંગેયદેવના નામના સિક્કા એના મૃત્યુ બાદ પણ એકાદ સૈકા સુધી પડાયા લાગે છે. માળવાના પરમાર રાજાઓ, જેજાકભુક્તીના ચંદેલ રાજાઓ, ગાહડવાલ રાજાઓ, ચાહમાન રાજાઓ અને બયાનાના યદુવંશી રાજાઓએ આ સિક્કા-પ્રકાર અપનાવ્યો.


આમ ૧૧મી-૧૨મી સદીમાં સિક્કાના બે મુખ્ય પ્રકાર પ્રચલિત હતા: (૧) અશ્વારોહ-નંદિ પ્રકાર અને (૨) લક્ષ્મી પ્રકાર. પછી દિલ્હીના સુલતાનોએ પણ આ પ્રકાર અપનાવેલા. બારમી સદીમાં રતનપુરના કલચુરિ રાજાઓ ગજ પર આક્રમણ કરતા સિંહની કે હનુમાનની આકૃતિ અને બસ્તરના નાગ રાજાઓ ગર્જના કરતા વાઘની આકૃતિ અગ્રભાગ પર અપનાવી પૃષ્ઠભાગ પર રાજાના નામનો લેખ મુદ્રાંકિત કરતા.

શતરંજના કોયડા

સુરેશ શાહ

આપણે 'ગ્રાસહોપર' Grasshopper નામે નવું મહોરું જોયું. હવે આપણે એક બીજું નવું મહોરું જોઇએ. એનું નામ છે Pao. બાજુની આકૃતિમાં પાંચ ઊંધા કાળા હાથી બતાવ્યા છે તે Pao છે. તેની ચાલવાની અને સામા પક્ષનું મહોરું મારવાની ચાલ જુદી છે. તે હાથીની જેમ ચાલે છે અને હાથીની ચાલની જ ચાર દિશામાં સ્વપક્ષી કે વિપક્ષી મહોરા પરથી કૂદીને તે પછીના કોઇ પણ ખાના પરના વિપક્ષી મહોરાને મારી શકે છે. દા. ત. જો b1 પરથી સફેદ વજીર શેહ આપે તો c5 (c6 નહિ) પરનું Pao c2 પર આવી શકે. પણ ધારો કે વજીર c2 પર આવીને શેહ આપી શકે તેમ હોત તો c6 (c5 નહિ) પરનું Pao તેને મારી શકત. Paoની આ ચાલ બરાબર સમજાય તો પછી આ ઉકેલ સહેલો છે.

C. P. King-Farlow



બે ચાલમાં મ્હાત

(a5, a6, a7, c5 અને c6 પર કાળા Pao છે)

ઉકેલ: ચાવીની ચાલ: 1 Qg8.

ધમકી 2 Qh7.

વિકલ્પો: 1..., Pb6; 2 Sd6
1..., Pb5; 2 Qd5
1..., Pd6; 2 Qg6
1..., Pd5; 2 Qg5
1..., Pao×f6; 2 Sg7

a7 પરના Pao ને b7 પર કાબૂ મેળવવો હોય તો બેમાંથી એક પ્યાદાને ચાલવું રહ્યું. બન્ને પ્યાદાંની મળીને થતી ચારે ચાલ પછી જુદાંજુદાં Paoનો એવાં ખાનાં પરથી કાબૂ ઊઠી જાય છે કે જ્યાં મ્હાત શક્ય બને. Pawn Interference બતાવતાં આ ચાર વિકલ્પો સુંદર છે. છેલ્લા વિકલ્પમાં f6 પર આવેલું Pao પોતાના રાજાને જવાની જગ્યાએ આવે છે તેથી જ મ્હાત શક્ય બને છે. આ Self-block (આપ-ફસામણ)વાળો વિકલ્પ છે.

જુલાઈ માસના અંકમાં શતરંજના કોયડાની આકૃતિમાં a8 ખાના પર સફેદ 'નાઈટ રાઈડર' (આકૃતિમાં ઊંધો ઘોડો) દર્શાવ્યો છે ત્યાં (સીધા મોંનો) 'ઘોડો' જોઇએ તથા તેની નીચેના લખાણમાં a6 ખાના પર સફેદ ગ્રાસહોપર છે તેના બદલે d6 પર ગ્રાસહોપર એમ હોવું જોઇએ.

રેખાંકન 'શિવ'

'વિનોદ'ની નજરે [૬]

ઈશ્વર પેટલીકર

લેખક · વિનોદ ભટ્ટ



કેટલાક માણસો આપણને સાવ નજીવા કારણસર ગમે છે યા નથી ગમતા. જેમ કે હિટલર-કટ મૂછવાળો માણસ સજ્જન હોવા છતાં ય મને આકર્ષી શકતો નથી. જ્યારે અમુક માણસો કારણ વગર કે પછી બહુ નાના કારણસર જ ગમી જાય છે. પેટલીકર મને આવા જ એક કારણે ગમી ગયા છે. પોતે વાર્તાલેખક કેવી રીતે બન્યા એને વિષે ઘણાં વર્ષો પૂર્વે તેમણે એક લેખ લખેલો, જેમાં એમણે બાળપણમાં વાંચેલાં પુસ્તકોની વાત આવે છે. સત્યેન્દ્રપ્રસાદ સાંકળેશ્વર મહેતા નામના એક લેખકનાં લખેલાં પુસ્તકો 'કાળરાત્રીનું ખૂની ખંજર' અને 'તરુણ તપસ્વિની' પેટલીકરે નાનપણમાં વાંચેલાં ને એનાથી તે ઘણા પ્રભાવિત પણ થએલા. આ બન્ને પુસ્તકો મેં યે કિશોરાવસ્થામાં વાંચેલાં. વાંચવાની શરૂઆત જ લગભગ આ પુસ્તકોથી કરેલી. આ પુસ્તકો પર હું બહુ મુગ્ધ થઈ ગએલો. મને ગમેલાં એ બન્ને પુસ્તકો પેટલીકરને ય ગમ્યાં, ને એટલે પેટલીકર મને ગમ્યા. આપણા ટેઈસ્ટના માણસો જગતમાં હોય છે ખરા એવા આનંદ ને ગર્વથી પેટલીકર સાથે મનોમન દોસ્તી બાંધી બેઠો. એમને મળ્યા વગર, પૂછ્યા વિના.

પછી તો મળવાનું ય બન્યું, વખતોવખત. મળ્યા પછી પહેલી છાપ એ પડી કે આ માણસની અટક પેટ...લીકર હોવા છતાં તેનું પેટ લીક નથી થતું. લીક થવાની વાત તો બાજુએ રહી, એના પેટનું પાણી ય હાલતું નથી એવો સ્વસ્થ આ માણસ છે. ખૂબ જ સ્વસ્થ માણસ તરીકે તે પંકાએલા છે. તાટસ્થ્યની તેમણે એટલી તો ઉપાસના કરી છે કે પોતાનો ચહેરો પણ તટસ્થ–નિર્લેપ–બનાવી દીધો છે. હર્ષ કે શોકનો ભાવ એમના મોં પર ક્યારેય જોવા નહિ મળે. આ બધાથી જાણે તે પર થઈ ગયા હોય એવા દેખાય છે. સાઠ વર્ષની ઉંમરે ય—ધનિકો પોતાનાં કાળાં નાણાં છુપાવી શકે છે એમ—તે પોતાના સફેદ વાળ છુપાવી શક્યા છે. બેઠી દડીનું શરીર, કાળી ઘેરી ભ્રમર, એવી જ કાળી ફ્રેમનાં ચશ્માં, ચાસ પાડેલા ખેતર જેવું રેખાઓવાળું મોટું કપાળ, મોટા ભાગે ખુલ્લું રહેતું મોં, બાળક જેવા અવાજવાળું દંતપંક્તિ દર્શાવતું નિર્દોષ હાસ્ય એટલે પેટલીકર. તે ચરોતરના પાટીદાર છે એવું એમની પાસેથી બે, ને વધુમાં વધુ પાંચેક વાક્યો સાંભળો એટલામાં તમને ખબર પડી જ જાય.

એ ભણતા હશે ત્યારે પેટલી ગામમાં નળ નહિ આવ્યા હોય, એટલે 'ળ'—નળનો 'ળ' બોલતાં નહિ ફાવવાથી 'ળ'ને બદલે 'ર' બોલે છે—પુષ્કળને પુષ્કર ને ગોળીને ગોરી કહે છે. (ગાંધીજીને 'ગોરી' વાગી'તી). તે 'પાંચ'ની જગ્યાએ 'પઁાચ' ને 'હિસાબ'ની જગ્યાએ 'હિશાબ' બોલે ત્યારે એ ઉચ્ચારોમાંથી ચરોતરની ધરતીની સોડમ આવ્યા કરે. એક વખત એચ. કે. આર્ટ્સ કૉલેજના કોઈ શ્રમ-શિબિરમાં તે બોલવા ગએલા. આઠ-દસ તોફાની બારકસોએ કાગળ પર એકથી સો સુધી આંકડા લખી નાખેલા. પેટલીકરે બોલવાનું શરૂ કર્યું ત્યારથી વાક્યની શરૂઆતમાં વચ્ચે કે છેવટે 'એ રીતે' બોલે ત્યારે આંકડા પર 'ટિક' કરતા જાય. પેટલીકર પોણો કલાકમાં પંચાણું વખત 'એ રીતે' બોલેલા. પછી આગળ ગણવાનું એ લોકોએ થાકીને છોડી દીધેલું. પહેલી વાર મારે તેમની સાથે બોલવાનો પ્રસંગ પડ્યો ત્યારે તે બોલેલા : 'પછી હું ત્યાં ગયો; એ રીતે.' મને મનમાં થયું કે તે કેવી રીતે ગયા હશે? પણ લાંબા પરિચયે જાણ્યું કે 'એ રીતે' એ તેમનો તકિયા-કલામ છે. જો કે તે બોલે છે એવું લખતા નથી, ને લખે છે તેવું બોલતા નથી. એમને માટે એ અઘરું છે. એ મૅટ્રિક સુધી જ ભણ્યા છે એટલે ઉચ્ચતર શિક્ષણ વિષે ઉમળકાથી ચર્ચા કરી શકે છે, નિષ્પક્ષપણે કરી શકે છે.

પેટલીકરનું મિત્ર-વર્તુળ એમને 'તાળા-કૂંચીવાળા' તરીકે પિછાને છે. કોઈ તાળું ખૂલતું ના હોય, જામ થઈ ગયું હોય, ચાવી લાગુ ના પડતી હોય કે પછી ચાવી ખોવાઈ ગઈ હોય ત્યારે કંટાળીને આપણે જેમ તાળા-કૂંચીવાળાને મદદ માટે બોલાવીએ છીએ, એમ સમાજના પ્રશ્નો ને સમસ્યાઓમાં અટવાઈ ગએલાઓ પેટલીકરનું શરણું શોધે છે. એમની આગળ પ્રશ્નો મૂકે છે, મૂંઝવણ ઠાલવે છે. પેટલીકર બધું શાંતિથી સાંભળે છે. એમના જેવો ધીરજવાળો શ્રોતા—ધીર પુરુષ—જડવો મુશ્કેલ છે. સામેનાને સાંભળતી વખતે મનમાં એ કશુંક ગોઠવતા હોય છે : આ તાળાને કઈ કૂંચી માફક આવશે?—બે આની માપની, ચપટી કે ગોળ? વગેરે વિચારે છે. પ્રશ્નની નાજુકાઈ જેમ વધારે તેમ કળની વધારે જરૂર. બેચાર કૂંચીઓ લાગુ પાડવાનો પ્રયાસ કરવા છતાં ય જો ઠેકાણું ના પડે તો પછી પેટલીકર પોતાની 'માસ્ટર કી' કાઢશે. માસ્ટર કી એટલે સમાધાનકારી રસ્તો : બન્ને પક્ષોને માફક આવે એવો. જોકે એક વાત છે : પેટલીકરનું વલણ પ્રેમીઓ તરફ કૂણું રહેવાનું. એ લોકોને અન્યાય ના થાય એની તે ખાસ કાળજી રાખવાના. રોમિયો-જુલિયેટને જો પેટલીકર ભેટી ગયા હોત તો તે મર્યા એ રીતે રીબાઈને ના મર્યાં હોત ને શેક્સપીઅર આ નાટક ના લખત ને વિદ્યાર્થીઓ બાપડા બચી જાત. ખેર!...પણ પેટલીકર માત્ર ગોરનું જ કામ નથી કરતા, તે મૅરેજ-કાઉન્સેલનું કામે ય કરે છે. ઘર મંડાવવામાં ય મદદ કરે છે.

પેટલીકરનું કામ સલાહ આપવાનું હોઈ વકીલો એમના પર નારાજ પણ થતા હશે કદાચ—કેસ એ લોકો સુધી જતા રોકે છે એટલે. સળગતા પ્રશ્નોને ત્યાં જ ઓલવી નાખીને તે ફાયર-બ્રિગેડવાળાનું કામ કરે છે. ક્યારેક એથી ઊલટું કામ પણ કરે છે. કેટલાક સળગતા પ્રશ્નોને તે વધુ સળગાવે છે, સળગતા રાખે છે—લખાણો દ્વારા. છતાં આ માણસ ગાંઠની ખીચડી ખાઈને આડેધડે બધાને સલાહો નથી આપતા. સલાહનું મૂલ્ય તે સમજે છે એટલે ગમે તેને સલાહ આપવા ધસી જતા નથી. જે કોઈ પૂછે

એને પૂછે એટલું જ કહેવાનું. પોતાનું કામ સલાહ આપવાનું છે એની એમને ખબર છે; એટલે લીધેલી સલાહ કોઈ ના માને તો એ બાબત માઠું પણ નથી લગાડતા. સાચું પૂછો તો એમનામાં એવી મમત્વવૃત્તિ જ નથી.

ઘણી વાર મનમાં પ્રશ્નો થાય કે આવું બધું કરવામાં પેટલીકરને શું મળતું હશે? કદાચ કોઈ બે ગાળે ય ભાંડી જતું હશે. 'પંચાતિયાનાં છોકરાં ભૂખે મરે' જેવો ઘાટ ય ક્યારેક થયો હશે. પટલાઈ એ કદાચ તેમના લોહીના સંસ્કાર હશે કે પછી એક 'હૉબી' હશે. આવું બધું કરવાથી મનને સંતોષ થતો હશે. (કોઈક વાર વાર્તાઓ ય મળતી હશે આમાંથી,—જીવતી વાર્તા.)

પણ આ બધું કરવા પાછળ કોઈ પણ અપેક્ષા કામ કરતી હોય એમ હું નથી માનતો. પેટલીકર કોઈનીય પાસેથી કશી અપેક્ષા રાખે એ વાતમાં માલ નહિ. એમને જે કંઈ મળ્યું છે એ બધું અનપેક્ષિત જ છે, આકસ્મિક જ છે. એમને રણજિતરામ સુવર્ણચન્દ્રક મળ્યો છે. ઈનામો પણ મળ્યાં છે. તેમની ષષ્ઠિપૂર્તિ પણ ઊજવાઈ રહી છે. આ બધું સ્વાભાવિક ક્રમમાં જ બનતું લાગે છે. પેટલીકર એના માટે દોડતા હોય, વલખતા હોય, કેડી હોય, મૅનોવર કરતા હોય એવું નથી બન્યું. જે મળે છે એ પ્રેમથી સ્વીકારી લે છે. નથી મળતું એ ભલે ના મળે. એની ખેવનાય કોને છે! ચલચિત્રોની 'પ્રાઈઝ ઍવાર્ડિંગ કમિટી'ના એ ચેરમૅન છે. આ વાત પણ તેમણે ખોળામાં આવી પડી ત્યારે જ સ્વીકારી. સિનેમાઓ જોવાનો બહુ શૉખ નો'તો, પહેલાં. હવે જુએ છે—પરાણે જોવાં પડે છે (ખાસ કરીને ગુજરાતી). છતાં કંઈ પૂછવા જેવું લાગે તો રાધેસ્યામ શર્મા જેવા ફિલ્મના જાણકારને પૂછતાં નાનમ પણ નથી અનુભવતા. તમારી સાથે એ કવિતા બાબત ક્યારેય ચર્ચા નહિ કરે. 'એમાં મને બહુ ગતાગમ ના પડે' એવું નિખાલસતાપૂર્વક કહીને છૂટી પડશે. દંભ નહિ કરે.

પેટલીકર શાળામાં ભણતા ત્યારે તેમનું ગણિત બહુ પાકું હતું. (એવું એ કહે છે.) નફા-તોટાના દાખલા તે ફટાફટ માંડી દેતા. પણ એ નફા-તોટાનું ગણિત એ જીવનમાં ઉતારી શક્યા હોય એમ લાગતું નથી. પૈસાનો હિસાબ ક્યારે ય તેમણે માંડયો નથી. પૈસાની સામે કશું મૂક્યું નથી. વીસ વર્ષ અગાઉ 'કસોટી' હરીફાઈમાં પરીક્ષક તરીકે આપણા કેટલાક ધુરંધર સાહિત્યકારોએ ઝુકાવેલું. પેટલીકરને પણ આ હરીફાઈમાં જોડાવા માટે મહિને રૂપિયા પાંચસોની ઑફર થએલી. આવડી મોટી રકમ જોઇને ગમે તેવાની દાઢ સળકી ઊઠે; પણ પેટલીકરે વિવેકપૂર્વક ના પાડી દીધી. હરીફાઈના સંચાલકો તો ઘડીભર તેમની સામે આંખો ફાડીને જોઈ જ રહ્યા. એમાંના એકે સલાહ પણ આપી: 'આટલી મોટી રકમ ગુમાવવા જેવી નથી, પેટલીકર...'

'આમાં મારું ક્યાં કશું છે તે મારે ગુમાવવાનું હોય?' તેમણે કહ્યું: 'મારે મન કસોટી હરીફાઈ એ જુગાર છે. જુગારના પૈસામાં મને રસ નથી.'

'આટલા બધા સાહિત્યકારો આમાં ભાગ લે છે—'

'એ લોકો જુગાર નહિ ગણતા હોય, હું ગણું છું'. પેટલીકરે કહ્યું.

નવલકથાઓ લખવાનું તેમણે છેલ્લાં ઘણાં વર્ષોથી છોડયું છે. એમણે ધાર્યું હોત તો ચાલુ રાખી શક્યા હોત. પૈસા ય મબલખ મળત. પણ પોતાની જાતને વારંવાર 'રીપીટ' કરવામાં તે નથી માનતા. એ દયાળુ સજ્જન જીવદયામાં માને છે ને તેથી જ પ્રજા પર કલમનો કોરડો બહુ નથી વીંઝતા. પેટલીકરના મતે આપણે બધા જ ધૃતરાષ્ટ્રની જેમ અંધ છીએ. સત્ય જોઈ શકતા નથી, સમજી શકતા નથી. એમના અભ્યાસનો વિષય માણસ છે. માણસને તે પુસ્તકની જેમ વાંચવા કોશિશ કરે છે. અમુક પુસ્તકોની જેમ, માણસો ય એમને મોઢે થઈ ગયા છે—ગોખાઈ ગયા છે. રાવજીને નોકરી જોઈતી'તી. પણ તેનો ચહેરો તદ્દન બેફિકરો. નોકરી કરવા જાણે જન્મ્યો જ ના હોય તેવો. શેઠને 'ઓબ્લાઈજ' કરવા જ નોકરી કરતો હોય તેવો ચહેરા પરનો કાયમી ભાવ પેટલીકરે વાંચી લીધેલો. તેમણે રાવજીને કહી જ દીધું: 'તું તારે શેઠને મળ્યા વગર છાનોમાનો હું કહું ત્યાં કામે લાગી જા. બનતાં સુધી શેઠની નજરે પડતો જ નહિ. તને જોશે તો ના પાડશે...' ને પછી તો ચીમનભાઈ પટેલ (માલિક 'સંદેશ')ને ય કહ્યું: 'આને રાખ્યા વગર છૂટકો જ નથી આપણો.'

પેટલીકર બૅલૅન્સ્ડ માણસ છે. સારાનરસાનો વિચાર કરી શકે છે. સાચી વાત કહેતાં ખચકાટ પણ નથી અનુભવતા. એમનો આગ્રહ સત્ય માટેનો હમેશાં હોવા છતાં સત્યને કડવી રીતે રજૂ કરવાનું તે અનિવાર્ય નથી લેખતા. કોઈ પણ પ્રકારના પૂર્વગ્રહથી દોરવાયા સિવાય, શુદ્ધબુદ્ધિથી, આક્રમક થયા વગર, સામેનાનું ગૌરવ જાળવીને, નિર્ભીકપણે સત્ય કહેવાની કળા પેટલીકરને બહુ સારી રીતે આવડે છે. સાથે સત્ય હોય એ બધું જ બોલી નાખવાનો ઉત્સાહ પણ તે બતાવતા નથી. (એ કામ એમના વતી પીતામ્બર પટેલ કરે છે.)

પેટલીકર કોઈને રાજી કરવા કશું કરતા નથી. ને નારાજ થશે એ બીકે ક્યાંય અટકતા નથી. બીજા કેટલાક લેખકોની જેમ, ઉમાશંકરની 'ગુડ બુક'માંથી નીકળી જવાની બીક પણ તે રાખતા નથી. ચીમનભાઈ પટેલ (નવનિર્માણ ફેઈમ) સામે, કાન્તિલાલ ઘીઆને ટેકો આપીને 'ગુજરાતે ગુજરાતીપણું બતાવવું જોઈએ' એવી ઉમાશંકરે પ્રજાને હાકલ કરી ત્યારે તેમની સામે પેટલીકરે 'ઉમાશંકરે ઉમાશંકરપણું બતાવવું જોઈએ.' એવા મથાળાવાળો લેખ પણ લખેલો. 'ઉમાશંકરની ભક્તિ મૂકોને, હવે!' એવું ઉમા-ભક્ત મિત્રોને કહેવાનું ય તે ચૂકતા નથી. છતાં એચ. કે. હૉલમાં ઉમાશંકરની એન્ટ્રી વખતે બીજા મિત્રોની સાથે એમનેય ઊભા થઈ જતા મેં જોયા છે. કદાચ શિસ્ત કે યુનિફૉર્મિટીને કારણે ય આવું કરતા હોય. પૂછવું પડે.

તે પોતાના મિત્રો તો શું વિરોધીઓ (વિચારના સંદર્ભમાં) પ્રત્યે ય પૂર્વગ્રહ કે દ્વેષ નથી રાખતા. મતભેદને મનભેદ સુધી જવા દેતા નથી. મોરારજીભાઈ દેસાઈ જ્યારે નાયબ વડાપ્રધાન પદે હતા ત્યારે તેમની સામે કદાચ સૌથી વધારે જલદ લખાણો પેટલીકરે લખ્યાં હશે. પછી એકાએક મોરારજીભાઈ સત્તા પરથી નીચે આવી ગયા, નાયબ વડાપ્રધાન પદેથી રાજીનામું આપી દીધું, ધરતી પર આવી ગયા. એ અરસામાં મેં એક લેખ લખેલો—મારી કૉલમ 'ઇદમ્ તૃતીયમ્' માટે. ચીમનભાઈ પટેલ ('સંદેશ')ને લેખ આપ્યો. તેમણે વાંચ્યો. સહેજ હોઠ ફરકાવી લેખ તેમણે સામે બેઠેલા પેટલીકરને વાંચવા આપ્યો. મને તો ગળા સુધી ખાત્રી હતી કે પેટલીકર કહેશે કે છાપી નાખો.' પણ એને બદલે પેટલીકર એક જ વાક્ય બોલ્યા: 'પડેલાને પાટુ ના મરાય.' પેટલીકર જેવો કોઠાડાહ્યો, ખેલદિલ ને રાગદ્વેષથી પર હોય એ માણસ જ આવું કહી શકે, વિચારી શકે.

તેમનામાં રહેલી હાસ્યવૃત્તિ તેમનાં લખાણો દ્વારા બહુ જોવા નથી મળતી. (આના માટે જીવન પ્રત્યેની વધુપડતી સિન્સિયારિટી જવાબદાર હોય કદાચ.) પણ પીતામ્બર પટેલ જેવા ક્યારેક અડફેટે ચડી જાય તો ગમ્મત સૂઝે ખરી. (પેટલીકરને જ નહિ, ગમે તેને સૂઝે). એચ. કે. હૉલ પરથી સાંજના એ ને પીતામ્બર નીકળતા'તા. વરસાદ ઝરમર ઝરમર વરસતો'તો. તે પીતામ્બરને જોઈ રાજી થઇને મોટા ફોરે પડવા માંડયો. પીતામ્બરે પેટલીકર સામે જોઈને નર્વસ અવાજે પૂછયું: 'પેટલીકર, રિક્ષા કરી લઇશું?'

'રિક્ષા મળશે?' પેટલીકરે સામે પૂછયું. 'કેમ?'

'તમે રિક્ષા કરવા તૈયાર થાઓ ત્યારે મળે ખરી?' બોલીને પેટલીકર ખડખડાટ હસી પડયા.

પેટલીકર મંદિરમાં ક્યારે ય નથી જતા. સાથેનો કોઈ મિત્ર મંદિરમાં જતો હોય ને કહે કે 'ચાલો', ત્યારે તે કહે કે 'તમે જઈ આવો, હું ઊભો છું, બહાર.' સાચી વાત છે. ઈશ્વર પાસે એમને ક્યાં કશું માગવું છે તે અંદર જાય?'...ને સાચું પૂછો તો એ ખુદ ઈશ્વર જ છે. ઈશ્વરને ક્યારે ય મંદિરમાં જતો તમે જોયો છે?...એ રીતે! □

જેમાં હવે ફેલુદા એકસાથે અનેક રહસ્યનો ઘટસ્ફોટ કરે છે

ગણેશમૂર્તિની ચોરી

સત્યજિત રાયની એક બંગાળી રહસ્યકથા ઉપરથી • અનુવાદક : સુકન્યા ઝવેરી

ફેલુદા એકી ટશે દશાશ્વમેધ ઘાટ ભણી તાકી રહ્યો હતો. અમારી નજર પણ એ બાજુ ગઈ. દૂરથી એક બજરો તરતો ઘાટ તરફ આવતો હતો. તેના પર એક બત્તી જલતી હતી. બજરો મોટો હતો. ઉપર ચારપાંચ જણા હતા. આટલે દૂરથી કોઈ ઓળખાતું નહોતું.

'દુર્ગામાઈકી જય!' બીજી એક પ્રતિમા ઘાટ પર આવી રહી હતી. પગથિયાં પરથી તેને ઉતારતા હતા. પેટ્રોમૅક્સના પ્રકાશમાં વચ્ચે વચ્ચે પ્રતિમા ઝગમગી ઊઠતી હતી. દૂરથી પણ ઓળખવામાં અગવડ ન પડી: આ તો ઘોષાલની પ્રતિમા! ફેલુદા સાથે અમે પણ પથ્થરની જેમ ઊભા ઊભા વિસર્જન જોઈ રહ્યા. વિરાટ પ્રતિમા બજરા ઉપર ચડી ગઈ. બજરો ઊંડાં પાણી તરફ આગળ વધવા માંડ્યો. પ્રતિમા પાણીમાં પધરાવ્યા પછી જોયું કે પ્રતિમા એક વાર ડૂબકી મારી ઉપર આવી અને ચતી થઈ બજરાની પાછળ અદૃશ્ય થઈ ગઈ. થોડી વાર પછી ધુબાકો સંભળાયો.

મછલીબાબાને પહેરાવેલી ગલગોટાની માળાઓ હવે તરતી તરતી અમારી સામેથી વહી જતી હતી. જે મોટો બજરો દૂરથી નદીને કાંઠે કાંઠે વહી રહ્યો હતો. તે અત્યારે દશાશ્વમેધ છોડીને અમારી તરફ આવતો હતો. અરે! આ તો મગનલાલનો બજરો! મગનલાલનો વિશાળ દેહ હવે બજરા પર દેખાતો હતો. સાથે બીજા ચાર જણ હતા.

ફેલુદાનો જમણો હાથ તેની કમર પર હતો. ડાબા હાથમાં હજુ લાઠી પકડેલી હતી. પ્રકાશ ઓછો થઈ ગયો હતો, છતાં હું એમની લાઠીની એક ગાંઠની નીચે વાળેલી, ડાબા હાથની મૂઠી જોઈ શકતો હતો. જોતાં જ મારા હૃદયના ધબકારા વધી ગયા! મારું ગળું સુકાઈ રહ્યું હતું. મારી નજર એ ડાબા હાથ પરથી હું હટાવી શકતો નહોતો. ફેલુદાના ડાબા હાથની ટચલી આંગળીનો નખ લાંબો હતો. કાબુલીવાલાના ડાબા હાથની ટચલી આંગળીનો નખ કાપેલો! ફેલુદાના ડાબા હાથના કાંડા પાસે એક મસો છે. કાબુલીવાળાના ડાબા હાથના કાંડા પાસે કશું ન હતું. આ માણસ ફેલુદા તો નહોતો! કોણ આવીને ઊભું હશે આ કાબુલીવાલાનો વેશ પહેરીને અમારી પાસે?

બજરો અમારી સામેના બુરજ પાસેથી ચાલ્યો આવતો હતો. અહીંથી બુરજ લગભગ પચીસ ગજ દૂર હતો. બજરો હજુ એની યે લગભગ પચીસ ગજ ઉત્તરે હતો. અંતર ઘટતું જતું હતું. હવે કાબુલીવાલાએ અમને પેલી કોટડીમાં પેસી જવા ઈશારો કર્યો. લાલમોહનબાબુએ પોતે પહેલાં અંદર જઈ મારો હાથ ઝાલી મને ખેંચી લીધો. કોટડી એક હાથથી વધારે ઊંડી નહોતી, અમે અહીંથી બધું જ જોઈ શકતા હતા. જોકે અમને બહારના લોકો નહોતા જોઈ શકતા.

બજરો હવે ઊભો રહેવાની તૈયારીમાં અટકું અટકું થઈ રહ્યો હતો. ત્યાં બુરજની બરાબર પાછળ પાણીમાં કંઈક હલતું જણાયું, અને એક માણસનું માથું પાણીની ઉપર આવ્યું. લાલમોહનબાબુએ મારા કોટની બાંય જોરથી પકડી! ત્યાં તો એક માણસ બજરા પરથી લગભગ ચૂપચાપ પાણીમાં કૂદી પડ્યો! માણસ નહિ, છોકરો—રુકુનો દોસ્ત સૂરજ! સૂરજ તરતો તરતો બુરજ તરફ આગળ વધ્યો.

બુરજની પાછળથી પાણીમાંથી માણસનું માથું વધુ ઊંચે આવવા માંડ્યું, અને ખભા સુધી બહાર આવી ગયો. આ શું? સ્વપ્ન કે સત્ય? આ તો મછલીબાબા! તેમણે બે હાથે કંઈક જોરથી પકડી રાખ્યું હતું. સૂરજ તેની જ તરફ આગળ વધી રહ્યો હતો. બજરા પરના લોકો આ બે જણને જોઈ રહ્યા હતા.

ત્યાં તો બીજો એક—એક નહિ એક પછી એક એમ બે—આંખો આંજી નાખે એવા બનાવ બન્યા! મછલીબાબાએ તેના હાથમાંની વાંકીચૂંકી ખરબચડા બૉલ જેવી વસ્તુ ઘાટ ભણી ફેંકી અને તે સાથે જ કાબુલીવાલા હાથમાંની લાઠી ફેંકી વિદ્યુતવેગે સામે દોડી ગયો અને વસ્તુ ડાબા હાથમાં ઊંચકી લઈ જમણા ખીસામાંથી રિવૉલ્વર કાઢી બજરા ભણી નિશાન તાકી ઊભો રહ્યો.

એ જ પળે અમે મગનલાલને એક ફૂદકે સીધા થઈ ઊભા રહેતા જોયા. એના હાથમાં પણ રિવૉલ્વર હતી. તેના સાથીદારો પણ સજ્જ થઈ ગયા. એમના હાથમાં પણ હથિયાર હતાં.

ત્યાં તો આ બાજુ અમારી કોટડીના માથા ઉપર પણ ધમધમાટ સંભળાયો. ધડાધડ કરતા સશસ્ત્ર પોલીસ વૈદ્યનાથ સાલસાની પાછળના ચોક પરથી કૂદીને અમારી બે પડખે વહેંચાઈ ગયા! ને પછી શરૂ થયો કાન ફાડી નાખે એવો ગોળીબારનો અવાજ! એક ગોળી અમારી કોટડીની બરાબર પાસેની દીવાલને લાગી. દીવાલના તૂટેલા ભાગનો ચૂરો સીધો આવીને લાલમોહનબાબુના નાકમાં ઘૂસ્યો: 'હાંક્—છી!'

પેલી તરફ મગનલાલના હાથમાંથી રિવૉલ્વર સરી પડી. અને તેની પછી તરત જ એક તાજ્જુબીભર્યો બનાવ બન્યો. એ હિપોપોટેમસ જેવો માણસ બજરાની ઊલટી બાજુ દોડી જઈ, હાથ બંને માથા પર ઊંચા કરી એક જબરદસ્ત ફૂદકો મારી ગંગાનાં પાણીમાં પડ્યો અને ચારે તરફ પાણીની છોળો ઊછળી. પણ એ પોતાની મકસદમાં ફાવી ન શક્યો; કેમ કે એટલામાં તો સશસ્ત્ર પોલીસથી ભરેલી બે હોડીઓએ બંને બાજુથી આવી બજરાને ઘેરી લીધો.

અને મછલીબાબા? એ સૂરજને બગલમાં દાબી પાણીમાંથી ઉપર આવતા હતા. એમણે કાબુલીવાલા તરફ આવી કહ્યું: 'થૅંક યૂ તિવારીજી!' અને કાબુલીવાલાએ મછલીબાબા તરફ હાથ લંબાવી તેમને ખેંચીને પાણીમાંથી બહાર કાઢી કહ્યું: 'થૅંક યૂ મિસ્ટર મિત્તિર!' હું અને લાલમોહનબાબુ તો આ જોઈને પથ્થરવત્ સ્તબ્ધ થઈ ગયા!

સૂરજ એક પોલીસના હાથમાં સોંપાઈ ગયો. ફેલુદા પાસે આવતાં જોયું કે મેક-અપ કેટલો અસાધારણ થયો હતો. જો કે હવે શરીર પરથી કોઈ જગ્યાએથી કાળો રંગ નીકળી જઈ અંદરથી ચામડીનો અસલ રંગ દેખાતો હતો: 'કેવો કોઢિયા જેવો દેખાઉં છું, નહિ તોપસે?'

'વંડરફુલ!'—લાલમોહનબાબુ બોલી ઊઠ્યા.

ફેલુદાએ તિવારી તરફ જોઈ કહ્યું: 'તમારા માણસને કહોને કે જીપમાં ટૉવેલ અને મારાં કપડાં છે તે જલદીથી લઈ આવે.

૨૧

વિજયાદશમી: રાતના પોણા દસ: ઘોષાલના ઘરનો ભોંયતળિયાનો બેઠક ખંડ. જેઓ બેઠા હતા તેમાં હતા—ડિટેક્ટિવ પ્રદોષ મિત્તિર, લાલમોહન ગાંગુલી, સબ ઈન્સ્પેક્ટર તિવારી, અંબિકા ઘોષાલ, ઉમાનાથ ઘોષાલ, ઉમાનાથ બાબુનાં પત્ની, અને પુત્ર રુક્મિણીકુમાર ઘોષાલ, વિકાસસિંહ, અને બીજાં બધાં બહારગામથી આવેલાં મહેમાનો અને હું તપેશરંજન મિત્ર. આ ઉપરાંત ઓરડા બહારથી બારણા પાસે ડોકિયું કરતા દેખાતા હતા ત્રણ જણ: દરવાન ત્રિલોચન પાંડે, બેરા વૈકુંઠ અને બુઢ્ઢો નોકર ભરદ્વાજ.

મળવા કરવાનું પતી ગયું. મીઠાઈ અને ઉપહાર ખલાસ થવા આવ્યાં. જોકે હજુ કોઈ કોઈનાં મોં ધીમેધીમે હાલતાં હતાં. મૂર્તિવિસર્જન પછી ઘરનાં માણસોનાં મન ઉદાસ થઈ જાય છે. અહીં પણ એવું જ થયું હતું. પણ હમણાં જેમ એક પ્રતિમા વિસર્જિત થઈ હતી તેમ

બીજી એક મૂર્તિ પાછી મળવાની આશામાં બધાનાં મોં પર આનંદ અને કૌતુકની ઉત્તેજના દેખાતી હતી; કેમ કે ગણેશ મળ્યા છે કે નહિ એ વાતની હજુ કોઇને ખબર નહોતી પડી. જે જાણવામાં આવ્યું હતું એ હતી મછલીબાબાની ઘટના. આજ સાંજના ચાર વાગ્યે ભક્તોનાં ટોળાં આવી પહોંચે તેની કલાકેક પહેલાં જ અભયબાબુના ઘરના પાછલા બારણેથી દાખલ થઈ પોલીસે મછલીબાબાની ધરપકડ કરી હતી. બાબાજી અસલમાં હતો એ જ રાયબરેલીની જેલમાંથી પલાયન થઈ ગએલો જાલિયાત. તે ઉપરાંત પણ એ હતો મગનલાલનો એક શાગિર્દ, અને તેનું અસલ નામ પુરંદર રાઉત. અસલ વતની પૂર્ણિયાનો. એ માણસ ઘણા સમય સુધી કલકત્તામાં રહેલો. ત્યાં મૉન્યુમેન્ટ નીચે હાથચાલાકીના જાદુઈ ખેલ દેખાડવા શરૂઆતની કરી, અનેક જાતનાં અદ્ભુત કામ કરી અંતે ગિલિંડરી શરૂ કરી.

ધરપકડ પછી એક કલાકમાં તો બૅંગાલ ક્લબમાંથી માગી આણેલા મેક-અપના સરંજામની સહાયથી મછલીબાબાનો વેશ લઈ ફેલુદા ભક્તો સામે હાજર થયો. બીજી બાજુ પુરંદર રાઉતે પોલીસના દબાણથી બધું કબૂલી દીધું. આજ ગંગાને ઘાટે જે ભીષણ નાટક મગનલાલે યોજી રાખ્યું હતું એ પુરંદરે કહી દીધું હતું. અસલમાં મછલીબાબાને મગનલાલે જ ઊભો કર્યો હતો. તેની પાછળ જે ભયંકર શઠતાની જાળ તેણે બિછાવી હતી એની ખબર તો પાછળથી ફેલુદાની વાત પરથી પડી હતી.

બધાં જ હવે ચૂપચાપ ઊંચી ડોકે ફેલુદા સામે જોઈ બેઠાં હતાં. માત્ર લાલમોહનબાબુ શા માટે વચ્ચે વચ્ચે હસતા હતા, ખબર નહિ. વિકાસબાબુએ એમને આગ્રહપૂર્વક ભાંગ પીવડાવી દીધી હતી, એટલે જ એ આવું વર્તન કરતા હતા.

ફેલુદા પાણી પી હાથમાંનો ગ્લાસ ખૂબ સાવધાનીથી પિત્તળના કાશ્મીરી ટેબલ પર મૂકી બોલ્યો: 'મગનલાલ મછલીબાબાનો સર્જક, એ તો મેં તમને પહેલાં જ કહ્યું હતું. મછલીબાબા અંતર્યામી, મછલીબાબા અલૌકિક ક્ષમતા અધિકારી આવી આવી વાતો લોકોમાં ફેલાવી શકાય તો પછી કાર્યસિદ્ધિમાં સરળતા થાય. કેદારઘાટે મછલીબાબાને આણીને ગોઠવતાં પહેલાં અભય ચક્રવર્તી અને લોકનાથ પંડા સંબંધે એકાદ બે વાત જાણી લેવી એ મગનલાલ જેવા માણસ માટે જરાય મુશ્કેલ નહોતું. બાકીનું કામકાજ સંભાળ્યું હતું અભય બાબુની અંધભક્તિના જોરે, અને સ્થાનિક રહેવાસીઓની અંધશ્રદ્ધાના પ્રતાપે.'

ફેલુદા અટક્યો. લાલમોહનબાબુ હસવા માટે માથું પાછળ કરી મોં ખોલવા જતા હતા એવી જ કોણી મારી મેં રોક્યા. ઓરડામાંનો દરેકે દરેક જણ ફેલુદાની વાત મોં વકાસીને જાણે ગળી રહ્યો હતો. ફેલુદા બોલ્યે જતો હતો: 'મગનલાલની સાથે તેના ઘેર બેસી મારે થોડી વાત થઈ હતી. મગનલાલ કહેતો હતો કે ગણેશ એની પાસે જ છે અને ઉમાનાથબાબુએ પોતે જ એ એને વેચ્યા હતા!'

'હેં?!'—આંખો લાલ કરી ખુરશી છોડીને ઉમાનાથ ઘોષાલ ઊભા થઈ ગયા: અને તમે એની વાત માની લીધી'તી?'

'રહસ્યની એક નવીન દિશા તરીકે એ વાત સાંભળતાં ખૂબ જ ખરાબ લાગ્યું હતું, તે વિષે નહિ કહું, પણ બીજી જ ઘડીએ જ્યારે એણે તપાસ બંધ કરવા માટે મને મોટી રકમની લાંચ ઑફર કરી. ત્યારે મનમાં એક ખટકો લાગ્યો. તલાશી બંધ કરવા માટે એક કારણ તો કે મગનલાલે જણાવ્યું હતું ખરું, પણ મને એ ભરોસો કરવા યોગ્ય લાગ્યું નહિ. જો તેની વાત સાચી હોત તો તમે મને તપાસ સોંપત જ નહિ. પણ એ સાથે જ મને પહેલી વાર સંદેહ આવ્યો કે વખતે એ ગણેશ તમારા ઘરમાં જ ક્યાંક રહી ગયા છે, અને મગનલાલ એ કોઈ પણ ઉપાયે કોઈ પણ સમયે એને મેળવવાની આશામાં છે. ઘરમાં છે અને છતાં તિજોરીમાં નથી! તો પછી ક્યાં ગઈ એ ચીજ?! એ સાથે જ બીજી વાત મારા મનમાં એ આવી કે તો પછી મગનલાલને તમારા ઘરના લોકોમાંથી કોઈ એક માણસ સાથે સંબંધ છે. નહિ તો એ ગણેશ મેળવવાની આશા શી રીતે રાખતો હતો?

આ બધું જ્યારે વિચારતો હતો ત્યારે એક કારણે સંદેહ જઈ પડ્યો મિસ્ટર સિંહ પર; કારણ હું જાણી ગયો હતો કે તેઓએ એક જરૂરી સત્ય મારાથી છુપાવી રાખ્યું હતું અને પછી ઊલટતપાસ કરતાં એમણે કબૂલ કર્યું હતું કે તેમણે દસમી ઑક્ટોબરે મગનલાલની ઉમાનાથબાબુ સાથેની વાતચીત સાંભળી હતી. સાંભળ્યા પછીથી એમના મનમાં ગણેશ વિષે એક ઉદ્વેગ શરૂ થયો હતો, ગડમથલ શરૂ થઈ હતી. મિસ્ટર ઘોષાલ જે દિવસે મછલીબાબાનાં દર્શને ગયા તે દિવસે તેઓથી રહી ન શકાવાથી તેમણે પહેલે માળે અંબિકાબાબુના ઓરડામાં જઈ, તેમના ખાનામાંથી ચાવી કાઢી, તિજોરી ખોલી. પણ જોયું તો ગણેશ નહોતા.'

'ગણેશ ત્યારે નહોતા?' આશ્ચર્ય પામી ઉમાનાથબાબુએ પૂછ્યું: 'તેનો અર્થ તો એ જ કે એની પહેલાં જ ચોરી થઈ ગઈ હતી?'

'ચોરી નહિ.' ફેલુદા બોલ્યો, અને ઊઠીને ઊભો થયો ને બંને હાથ પૅન્ટના ખીસામાં નાખી બોલ્યો: 'ચોરી નહિ. એક અત્યંત બુદ્ધિશાળી વ્યક્તિએ ગણેશને મગનલાલના હાથમાં જતા બચાવવા માટે એને સંતાડી રાખ્યા હતા!' ત્યાં તો રુક્મિણીકુમાર બોલી ઊઠ્યો: 'કૅપ્ટન સ્પાર્ક!'

બધાંની નજર રુકુ તરફ વળી ગઈ. ખંડના એક ખૂણામાં બારણા પાસે પરદો હાથમાં પકડી એ ઊભો હતો.

'બરાબર કહે છે. કૅપ્ટન સ્પાર્ક, ઊર્ફે આપણ રુકુબાબુ! અચ્છા, તો કૅપ્ટન સ્પાર્ક, તે દિવસે જ્યારે તમારા પપ્પા સાથે કોઈ એક જાડો માણસ આ ખંડમાં બેસી વાત કરતો હતો—'

રુકુ ફેલુદાની વાત પૂરી થાય તે પહેલાં જ બરાડી ઊઠ્યો: 'ડાકુ ગંડારિયા—કૅપ્ટન સ્પાર્ક એને વારેવારે બુદ્ધુ બનાવે!'

'એ જ્યારે વાત કરતો હતો ત્યારે તું શું આ બાજુના ઓરડામાંથી સાંભળતો હતો?' રુકુએ તરત જ જવાબ દીધો: 'સાંભળ્યું હતું જ તો! અને એટલે તે જ ઘડીએ એ તિજોરી ખોલી ગણેશને સંતાડી દીધા હતા. નહિ તો તો એ લઈ જ જાત ને!'

'વેરી ગુડ!' ફેલુદા બોલ્યો; અને પછી બીજા લોકો તરફ જોઈ કહ્યું: 'મેં કૅપ્ટન સ્પાર્કને જ્યારે ગણેશની વાત પૂછી ત્યારે એણે કહ્યું હતું કે ગણેશ મળશે નહિ, કારણ કે એ છે આફ્રિકાના એક રાજા પાસે. તે વખતે હું એની વાત સમજ્યો નહિ. એ અંતે એકાએક સમજ્યો, જ્યાં મેં એ સમજવાની આશા પણ નહોતી રાખી એવી અસંભવ જગ્યાએથી. પિસ્તાલીસ વર્ષ પુરાણી ટારઝનની એક ફિલ્મ જોવા ગયો ત્યારે.'

ફેલુદા અટક્યો કે ચારેકોરથી 'શું?' 'હેં? ટારઝનનું પિક્ચર?' વગેરે અનેક પ્રશ્નો એકસાથે સંભળાયા. ફેલુદા સીધો ઉત્તર ન દેતાં ફરી રુકુ ભણી જોઈ બોલ્યો: 'કૅપ્ટન સ્પાર્ક, ટારઝનના પિક્ચરમાં એકદમ શરૂઆતમાં શું આવે છે, કહી શકો છો?'

'હા,' રુકુ બોલ્યો: 'મેટ્રોગોલ્ડવિન મેયર પ્રિઝેન્ટ્સ—'

'બરાબર. હવે મિસ્ટર તિવારી! જુઓ તો આપણે મેટ્રો ગોલ્ડવિનનો ખેલ કંઈક દેખાડી શકીએ છીએ કે નહિ?'

તિવારીએ તેમની ખુરશી નીચેથી છાપાના કાગળમાં લપેટેલી એક વસ્તુ ખોલીને બહાર કાઢી અને ફેલુદા સામે ધરી. તેના પર પ્રકાશ પડતાં જ સમજાયું કે એ હતું પાણીથી ખરાબ થઈ ગએલું, માટીમાંથી તૈયાર કરેલું, મોં ફાડેલું સિંહનું માથું. ફેલુદાએ માથું હાથમાં લઈ કહ્યું: 'આ જુઓ આફ્રિકાના પશુરાજ—અને દુર્ગાના વાહનનું માથું. આ સિંહની મોંફાડમાં કૅપ્ટન સ્પાર્કે ગણેશને સંતાડી રાખ્યા હતા. તેની ધારણા હતી કે વિસર્જન પછી ગણેશ તરતાતરતા ચાલ્યા જશે સમુદ્રમાં, ને ત્યાં એક શાર્ક એને ગળી જશે અને કૅપ્ટન સ્પાર્ક ફરી એ શાર્કને હાર્પૂન

વડે મારી ગણેશનો પુનરુદ્ધાર કરશે. ખરું ને કૅપ્ટન સ્પાર્ક ?'

'હા વળી !' રુકુ બોલ્યો.

'અને મછલીબાબાનો પ્લાન હતો કે તેઓ મૂર્તિ વિસર્જન પહેલાં પાણીમાં કૂદી પડશે. એ પછી થોડે દૂર તરીને જઈ, ફરી ડૂબકી મારી પાણીની અંદર જ તરતા તરતા ફરી ઘાટ ભણી આવશે. આવીને નૌકાની આડમાં રહી જોશે. તે પછી વિસર્જનની બીજી જ પળે ડૂબકી મારી સિંહનું માથું તોડી નાખી ચાલ્યો જશે મુન્શીઘાટ અથવા રાજઘાટની વચ્ચે એક નિર્જન જગ્યાએ. એટલી વારમાં મગનલાલનો બજરો પણ ત્યાં આવી જશે. બસ—બાકીનું કામ તો સહેલું હતું.'

ઉમાનાથ બોલ્યો : 'પણ બાબાજીએ દશેરાના દિવસે જ જવું એ તો એમના ભક્તોએ નક્કી કર્યું હતું. ને ગણેશ ક્યાં હતા એ ખબર બાબાજી શી રીતે જાણતા હતા? અને મગનલાલ પણ શી રીતે જાણતો હતો ?'

'બંનેના જવાબ સરળ છે.' ફેલુદા બોલ્યો : 'તૃતીયાને દિવસે બાબાએ ભક્તોને પૂછ્યું હતું કે એકથી દસ સુધીમાંથી કોઈ પણ નંબર કહેવાનો; અને યથારીતિ મોટા ભાગના લોકોનો ઉત્તર હોય છે સાત જ. તેથી પરિણામે થઈ ગયું : ત્રણ ને સાત દસ, એટલે કે દશેરા. અને સિંહના મુખમાં ગણેશ છુપાવવાની વાત કૅપ્ટન સ્પાર્કે બીજા કોઇને નહિ તો પોતાના મિત્ર સૂરજને તો ચોક્કસ કરી જ હશે. કેમ, ખરુંને કૅપ્ટન સ્પાર્ક ?'

રુકુ સ્થિરભાવે ઊભો હતો. તેનાં ભવાં સંકોચાઈ ગયાં હતાં. એણે ધીમેથી માથું હલાવી હા કહી દીધી.

ફેલુદાએ એક લાંબો શ્વાસ મૂકી કહ્યું : 'શયતાનસિંહ સાચે જ શયતાનસિંહ ! સૂરજનું પૂરું નામ સૂરજલાલ મેઘરાજ. એ મગનલાલનો નાનો દીકરો. જેને કહેવાય બાપ કા બેટા. રહેતો હતો માનમંદિર પાસે. મગનલાલનાં બે મકાનમાંથી એકમાં. એમાં જ મગનલાલનું કુટુંબ રહે છે. બીજામાં રહે છે મગનલાલ પોતે. સૂરજે જ ખબર એના બાપને આપ્યા હતા. અને પછી જ મગનલાલે તેનો પ્લાન તૈયાર કર્યો હતો.'

'વિશ્વાસઘાતી!' રુકુ બોલી ઊઠયો ! હવે આટલી વારે અંબિકાબાબુએ મોં ખોલ્યું: 'સિંહનું માથું તો ટેબલ પર મૂકી દીધું; પણ ગણેશ ક્યાં ?'

ફેલુદાએ માથું ફરી હાથમાં ઉઠાવી લીધું. એ પછી તેની મોં-ફાડમાં પોતાનો હાથ નાખી ખેંચ્યું તો જે વસ્તુ બહાર નીકળી તે ગણેશ નહોતા, એ હતી આંગળીને ટેરવે લાગેલી ચીકણી સફેદ વસ્તુ. કૅપ્ટન સ્પાર્કે ગણેશને ચિટકાવી રાખવા એક આશ્ચર્યજનક ઉપાય શોધ્યો હતો... 'ચિકલેટ !' રુક્મિણીકુમાર બોલી ઊઠયો. 'હા, ચ્યૂઇંગ ગમ' ફેલુદા બોલ્યો એ જ ચ્યૂઇંગ ગમનો ટુકડો રહ્યો છે. પણ ગણેશ હવે એમાં નથી.'

ફેલુદાની વાત સાંભળી ઘોષાલના ઘરનાં બધાં માણસોનાં મુખ પર ચાહી ઢળી ગઈ. ઉમાનાથબાબુ કપાલ કૂટી બોલી ઊઠયા : 'તો પછી આટલું કરવાથી ફાયદો શો થયો મિસ્ટર મિત્તિર ? ગણેશ જ નથી ?'

ફેલુદા સિંહનું માથું ફરી નીચે રાખી બોલ્યો : 'હું તમારી બધાની આશા પર ઠંડું પાણી રેડવા અહીં નથી આવ્યો મિસ્ટર ઘોષાલ. ગણેશ છે. પણ એ ક્યાં છે એ કહેતાં પહેલાં તમને એક ઘટના યાદ કરાવી દેવા ઇચ્છું છું: તમારી એક ખૂબ પરિચિત વ્યક્તિના મૃત્યુની વાત: શશીભૂષણ પાલ.'

'એને તો એના દીકરાએ મારી નાખ્યો.' ઉમાનાથબાબુ બોલી ઊઠયા : 'એણે જ ગણેશ લઈ લીધા કે શું?'

'ઉતાવળા ન થાઓ.' ફેલુદા બોલ્યો : 'મારી વાત પહેલાં ધ્યાન દઇને સાંભળો. હું જે કહેવાનો છું એ સપ્રમાણ સાબિતી સાથે કહેવાનો છું, અને એ પ્રમાણ મને મળશે એ મારો વિશ્વાસ છે.'

ઘરની પ્રત્યેક વ્યક્તિ ફરી સ્તબ્ધ થઈ ફેલુદા ભણી જોઈ રહી. લાલમોહનબાબુ હવે મોટેથી હસતા નહોતા, પણ આખો વખત એમના હોઠ પર હાસ્ય લાગેલું જ હતું. અને શા માટે, કોણ જાણે વચ્ચે વચ્ચે પોતાનો જમણો હાથ કપાળે પછાડતા હતા.

ફેલુદા બોલ્યો : 'સિંહના મોંમાં જો ગણેશ સંતાડયા હોય તો પછી એ સૌપ્રથમ જોઈ જવાની વધુમાં વધુ તક શશીબાબુને જ હતી. ખાસ કરીને તે દિવસે, જ્યારે તે સિંહના મોંની બહાર ને અંદર પીંછીથી કામ કરતા હતા—અર્થાત્ પંચમીને દિવસે. અર્થાત્ એ દિવસે જે દિવસે એમનું ખૂન થયું. તે દિવસે તમે બધાં ઘેર નહોતાં—યાદ છે ? ત્રિલોચન કહેતો હતો તમે વિશ્વનાથના મંદિરમાં આરતી જોવા ગયાં હતાં.

ઉમાનાથબાબુએ માથું હલાવી હા પાડી. ફેલુદા બોલ્યો : 'અમે પોલીસ પાસેથી સાંભળ્યું કે શશીબાબુ તે દિવસે ફરી તાવ આવતાં કામ પૂરું કરી વિકાસબાબુ પાસે દવા લેવા ગયા હતા. એ વાત વિકાસબાબુએ જ પોલીસને કરી હતી. શશીબાબુ દવા લઈને ઘેર જતા હતા. અમે ત્રિલોચન સાથે વાત કરીને જાણી લીધું કે શશીબાબુના ગયા પછી થોડી જ મિનિટમાં વિકાસબાબુ પણ બહાર નીકળ્યા હતા. તેઓ શા માટે નીકળ્યા હતા તે હું એમને પૂછી શકું?'

વિકાસબાબુએ ગંભીર અવાજે કહ્યું : 'એ પૂછવાની શી જરૂર છે એ હું સમજી શકતો નથી. ગમે તે હોય. મિસ્ટર મિત્તિરે જ્યારે સવાલ પૂછ્યો જ છે, તો એનો જવાબ છે : હું સિગારેટ ખરીદવા ગયો હતો... બીજું કંઈ પૂછવું છે મિસ્ટર મિત્તિરને ?'

'હા; સિગારેટ ખરીદી ઘેર આવતાં તમને એક કલાકથી વધુ સમય શા માટે લાગ્યો હતો વિકાસબાબુ?'

'એનું કારણ કે હું ગંગાના ઘાટ પર ફરવા ગયો હતો. કયા ઘાટે એ જાણવું હોય તો એ પણ કહી દઉં કે હરિશ્ચંદ્ર ઘાટે. સોનારપુરા રોડના ડાક્તર અશોક દત્તને હું ત્યાં મળ્યો પણ હતો. એમની સાથે દસેક મિનિટ વાત પણ કરી હતી. તેમને પૂછી જોઇ શકો છો.'

'તમારી હરિશ્ચંદ્ર ઘાટે જવાની વાતનો હું અવિશ્વાસ નથી કરતો વિકાસબાબુ. તમારે ત્યાં જવાનું એક ખાસ કારણ હતું. એના પર જ હું આવું છું હમણાં. પણ, તે પહેલાં કૅપ્ટન સ્પાર્કને મારે હજુ એક સવાલ પૂછવાનો છે. કૅપ્ટન સ્પાર્ક, તમે શું તમારા આસિસ્ટંટ ખુદી રક્ષિતને સિંહના મોંમાં ગણેશ છુપાવ્યાની વાત કરી હતી?'

'એણે તો એ વાત પર વિશ્વાસ જ નહોતો કર્યો.' રુકુ બોલ્યો.

'બરાબર. એથી જ તો એ તિજોરી ખોલીને જોવા ગયો હતો કે રુકુની વાત સાચી છે કે ખોટી. જ્યારે જોયું કે સાચી છે ત્યારથી જ એની દાનત બગડી હતી ગણેશ પર. ત્યાં તો એ ગણેશ પોતાની મેળે જ ચાલ્યા આવ્યા હતા એના હાથમાં. જ્યારે શશીબાબુએ ગણેશને જોયા એટલે કાઢીને, ઘરમાં કોઈ નહોતું તેથી, વિકાસબાબુને સોંપવા આવ્યા હતા. પણ વિકાસસિંહ એને એ રીતે મેળવવા ઇચ્છતો નહોતો! શશીબાબુ તો બીજે દિવસે આવીને વાત જાહેર કરી દે, તેથી જો એને ખતમ ન કરે તો પોતાનો ઉદ્દેશ સિદ્ધ ન થાય. તેથી તેણે શશીબાબુનો પીછો પકડયો, જતાં રસ્તામાંથી શ્રીધર વેરાએટી સ્ટોર્સમાંથી એક છરો ખરીદ્યો. તેના વડે ગણેશ મહોલ્લાની અંધારી ગલીમાં શશીબાબુની નિર્મમતાથી હત્યા કરી. એ પછી હરિશ્ચંદ્ર ઘાટે જઈ લોહીયાળ છરો ગંગામાં—.

'જુઠ્ઠી વાત ! બધું જ નરાતાળ જુઠ્ઠું !' વિકાસબાબુ બરાડી ઊઠયા. એમનો આવો વિચિત્ર દેખાવ જોવાની કલ્પના પણ કોઇએ કરી નહોતી: તેમની બે આંખો અને કપાળની નસ જાણે હમણાં બહાર નીકળી પડશે—'ગણેશ જો મેં લીધા હોય તો ગણેશ ક્યાં છે ? ક્યાં છે ગણેશ.'

'જો એક દિવસ વધુ વીતી જાત તો વખતે એ ગણેશ રહેત નહિ. તમે ચોક્કસ મગનલાલને વેચી મારત. પણ પૂજાના કેટલાક દિવસ ઘરમાંથી બહાર નીકળવું બની ન શક્યું. તેથી જ તમારે ગણેશને છુપાવી રાખવા પડયા હતા.' 'જુઠ્ઠી વાત !'

'તિવારીજી !'—ફેલુદાએ દારોગા સાહેબ તરફ હાથ લંબાવ્યો. તિવારીએ ફરી એક વાર બીજી એક વસ્તુ ફેલુદાના હાથમાં (અનુ. પૃ. ૩૪૩)

સાહિત્યસંપર્ક

શબ્દકથા: 'અનાડી'

'અનાડી' શબ્દ ગુજરાતીમાં (૧) મૂર્ખ, ગમાર; (૨) જક્કી; (૩) 'મસ્તીખોર–તોફાની', 'નુકસાન કરનાર' એવા અર્થમાં રૂઢ છે. ગુજરાતીમાં 'અનાડ—અનાઢ' શબ્દ પણ (૧) નુકસાન, બગાડ; (૨) અડચણ, વિઘ્ન—એવા અર્થોમાં જાણવામાં આવ્યો છે. આ શબ્દને તદ્ધિત પ્રત્યય 'ઈ' લાગતાં 'અનાડી' નિષ્પન્ન થાય. ટર્નરે 'નેપાળી કોશ'માં કાશ્મીરી, કુમાઉની, હિંદી, પંજાબી, સિંધીમાં 'અનાડી' તરીકે નોંધ્યો છે, તો મરાઠીમાં 'અડાણી' તરીકે. સ્વાભાવિક રીતે જ તેથી મૂળમાં સં. 'अ-ज्ञान'>પ્રા. 'अन्नाण' (ઉચ્ચારણથી 'अन्नाँड़') પકડી શકાય; અને તે સં. 'अज्ञानी'>પ્રા. 'अन्नाणी' (ઉચ્ચારણથી 'अन्नाँड़ी') પકડી શકાય. અને અજ્ઞાની હોવાથી પછી અર્થવિકાસે 'તોફાની' આવી રહે. 'અનાડી' શબ્દના મૂળમાં સં. 'अनार्य' સર્વથા નથી. 'अ-ज्ञान'નો 'મિથ્યાજ્ઞાન' અર્થ અને તેથી 'अज्ञानी'–'મિથ્યાજ્ઞાની' અને તેથી જ પછી એ તોફાની. **કે. કા. શાસ્ત્રી**

ચાલો રસોડામાં

હજી હમણાં જ થોડા સમય પૂર્વે ચારસો પાનાંમાં તેર સો જેટલી વિધવિધ વાનગીઓ બતાવતું આ દળદાર પુસ્તક પ્રકટ થએલું એની ઓછા સમયમાં આ બીજી આવૃત્તિ પણ પ્રકટ થઈ એ એનાં લેખિકા **માલતીબહેન દલાલ**ના પ્રયાસની સફળતા તથા પુસ્તકની ઉપયોગિતાનું પ્રમાણ છે. વિવિધ ખોરાકની જરૂરિયાત, એની સાચવણી, રસોઈઘરની આધુનિક સાધન-સામગ્રીનો પરિચય, જમણની આકર્ષક ગોઠવણ વગેરે લક્ષ આપવા જેવી અનેક બાબતોની સમજણ સાથે લેખિકાએ એમાં સંખ્યાબંધ પ્રકારનાં મસાલા-અથાણાં, ઠંડાં-ગરમ પેય, રોજિંદાં અને વાર-તહેવાર કે વ્રત-ઉત્સવો નિમિત્તનાં મિષ્ટાન્ન ઉપરાંત આપણા આહારમાં ઉમેરાવા લાગેલાં પરપ્રાંતીય વ્યંજનો, પ્રસંગાનુરૂપ વાનગીઓનાં યોગ્ય આયોજનો, મુખવાસો, માંદા માણસને અનુરૂપ આહાર, ઘરવૈદું ઇત્યાદિનો પણ સમાવેશ કરેલો છે. વળી, જમનારના પ્રમાણમાં વાનગીઓનું પ્રમાણ, કરકસરની રીતો, ખોરાકનાં પોષક મૂલ્યો વગેરે જેવી ઉપયોગી માહિતી ને સૂચનો સાથે આઠ પૂર્ણરંગી ચિત્રો સહિતના આ પુસ્તકમાં રસોઈના ક્ષેત્રમાં ગૃહિણીઓને ઉપયોગી એવી લગભગ બધી જ બાબતોને આવરી લીધેલી હોઈ એ એક વાનગીકોશ સમું સમૃદ્ધ ને એથી કાયમી ઉપયોગિતા ધરાવતું બન્યું છે. (**મુખ્ય વિક્રેતા:** એન. એમ. ત્રિપાઠી પ્રા. લિમિ.; ૧૬૪ સામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૨. પ્લાસ્ટિકના આવરણ સહિતનું પૂર્ણરંગી પાકું પૂઠું, ૪૦૦ પૃષ્ઠ, કિંમત રૂ. ૫૦ યા ૧૧ ડૉલર યા ૫ પાઉન્ડ.)

વોરા ઍન્ડ કંપની

ગાંધી ચૅમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ-૧

જ્ઞાનસંહિતા: આજે જ્ઞાન-વિજ્ઞાનની અવનવી ક્ષિતિજો ઊઘડતી જાય છે અને શિક્ષણનો પ્રસાર વધી રહ્યો છે ત્યારે વિવિધ બાબતો વિષે સામાન્ય જ્ઞાન મેળવવાની જિજ્ઞાસા પણ વધતી જાય તે સ્વાભાવિક છે. આ જિજ્ઞાસાને સંતર્પે એવા દળદાર સંદર્ભગ્રંથનું શ્રી બંસીધર શુકલનું આ સંપાદન ખગોળશાસ્ત્ર, ભૂગોળ, ભૂસ્તરશાસ્ત્ર, સામાન્ય વિજ્ઞાન, વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, ઇતિહાસ, ધર્મ-પુરાણ-તત્ત્વજ્ઞાન, શિક્ષણ-સંસ્કૃતિ, રમતગમત, લલિતકલાઓ, અર્થશાસ્ત્ર, ધારાશાસ્ત્ર, કૃષિશાસ્ત્ર, વેપારક્ષેત્ર, વાહનવ્યવહાર, રાજ્યશાસ્ત્ર, તારટપાલ, તોલમાપ ઈત્યાદિ અનેક વિષયની પ્રાથમિક તબક્કે જાણવા જેવી વિગતોને શ્રદ્ધેયતાથી નિરૂપે છે. આમ, આ ગ્રંથ પુસ્તકાલયો ને શાળા–મહાશાળાઓ માટે ખૂબ જ ઉપયોગી પ્રકાશન બની રહે છે. (પાકું, પૃ. ૪૧૦, રૂ. ૫૦)

ચમત્કારો આજે પણ બને છે: આજના બૌદ્ધિક યુગમાં પણ ચમત્કારો વિષેનું અને એ વિષયના વાચનનું આકર્ષણ ઘટયું નથી ત્યારે બંગાળી વિદ્વાન અને ભક્તકવિ દિલીપકુમાર રાયના મૂળ બંગાળી ગ્રંથ–અઘટન આજો ઘટે–નો રમણલાલ સોનીએ કરેલો આ સુભગ ગુજરાતી અનુવાદ લેખકના ભક્તિભાવભર્યા હૃદયની સાચી અનુભૂતિની અને પરમેશ્વરની અપાર કરુણાની ઝાંખી કરાવે છે. શ્રદ્ધાળુ અને જિજ્ઞાસુ જીવોને આ રોમાંચક અનુભવોની રોમાંચક દાસ્તાન અવશ્ય સંતર્પશે એમાં સંદેહ નથી. (પાકું પૂઠું, પૃ. ૪૬૫, રૂ. ૨૧)

સુદામાએ દીઠી દ્વારામતી! આના લેખક ચંદ્રકાન્ત પંડયાની ઈંગ્લૅંડયાત્રાના આ પુસ્તકમાં ત્યાંના ગુજરાતીઓનાં જીવનની અને યુરોપયાત્રા દરમિયાન એમને થએલા અવનવા અનુભવોની વાત તાજગીભરી લખાવટ દ્વારા કરવામાં આવી છે, જે પ્રત્યેક વાચકને પણ પ્રવાસમાં જ લઈ જઈ મૂકે છે. આપણા પ્રવાસ-સાહિત્યનાં પુસ્તકોમાં, ખાસ કરીને ઇંગ્લૅંડમાં વસતા ગુજરાતીઓના જીવનને પ્રાધાન્ય આપતા આ પુસ્તકથી વિશિષ્ટ ઉમેરો થાય છે. (કાચું પૂઠું, પૃ. ૧૬૨, રૂ. ૭–૫૦)

મારી બારીએથી ભાગ ૧–૨: શ્રી સુરેશ દલાલે 'જન્મભૂમિ' પત્રમાં પ્રસ્તુત કટારમાં લખેલાં ગદ્યલખાણોના આ બે નાનકડા સંચયોમાં એમની ચિંતક, વિવેચક, કવિ તરીકેની છબી ઊપસતી જોઈ શકાશે. પ્રથમ સંચયમાં ૨૩ લઘુ લલિત નિબંધો રજૂ થયા છે, જો કે એ સર્વે લખાણોમાં નિબંધનું સ્વરૂપ એક સરખું સુરેખ કંડારાએલું નથી એ પણ અનુભવી શકાશે. પરન્તુ આ લલિત નિબંધોમાં આત્મલક્ષી અને પરલક્ષી બન્ને દોર વણાએલા છે અને વિવિધ અનુભવો તેમજ વિષયોને આવરી લેવાયા છે, જેને પરિણામે અને ખાસ કરીને કાવ્યમય—ક્યારેક કાવ્યાભાસી પણ—શૈલીને કારણે એ આસ્વાદ્ય વાચનસામગ્રી પૂરી પાડે છે. બીજા સંચયની અંદર ૩૧ લઘુ વ્યક્તિચિત્રો મૂકવામાં આવ્યાં છે. અહીં પણ આ વ્યક્તિઓની પસંદગી વિવિધ ક્ષેત્રોમાંથી વિવિધ કાવ્યખંડોમાંથી તેમજ વિવિધ ભૂમિખંડોમાંથી કરવામાં આવી છે. એટલે એનો ફલક ખૂબ વિશાળ છે. ટૂંકાં ટૂંકાં વાકયો દ્વારા આ વ્યક્તિઓની વિશેષ પ્રતિભાને એમણે સરસ રીતે ઊપસાવી આપી છે અને સાથે સાથે અહીંતહીં એની જે તે શક્તિનું મૂલ્યમાપન પણ કરી લીધું છે. આ બીજો સંગ્રહ આપણાં રેખાચિત્રોના સાહિત્યમાં ગણનાપાત્ર ઉમેરો બની રહે છે. (બન્ને કાચું પૂઠું; પ્રથમ ભાગ પૃ. ૧૧૮, રૂ. ૬–૫૦; બીજો પૃ. ૧૪૮, રૂ. ૭–૫૦)

જવાહરલાલ નેહરુના જીવન પ્રસંગો: ભારતના લોકલાડીલા પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુના વિવિધલક્ષી વ્યક્તિત્વને ઊપસાવી રહે તેવા પ્રસંગો આ પુસ્તિકામાં મુકુલભાઈ કલાર્થીએ કિશોરભોગ્ય શૈલીમાં આલેખ્યા છે, જે ઊગતી પેઢીને પ્રેરણાભર્યું અને વાચનનો આનંદ પૂરો પાડી રહે છે. (કાચું પૂઠું, પૃ. ૧૦૪, રૂ. ૪)

માદામ ક્યુરીના જીવનપ્રસંગો: રેડિયમનાં શોધક વિશ્વવિખ્યાત વિજ્ઞાની માદામ ક્યુરીના જીવનનાં પુરુષાર્થ, ત્યાગ, સંયમ, વિનમ્રતા, નિષ્ઠા, ધગશ આદિ ગુણોને સરળ ભાષામાં સચોટ રીતે આલેખતા આ જીવનપ્રસંગોમાં પણ તેના લેખક મુકુલભાઈ કલાર્થી સમક્ષ આપણી ઊગતી પેઢી સતત હાજર રહેલી છે એ કળી શકાશે. (કાચું પૂઠું, પૃ. ૧૨૪, રૂ. ૫)

વિજ્ઞાની વિભૂતિઓ ભાગ ૩, ૪, ૫: વિજ્ઞાનનું ભણતર અને રસ આજે વધુ વિસ્તરતાં જાય છે ત્યારે વિદ્યાર્થીઓને ઉપકારક થઈ પડે તે માટે વિશ્વના વિવિધ નાનામોટા વિજ્ઞાનીઓની જીવનરેખાઓ ને તેમની શોધો વિષેનો પરિચય આ પુસ્તિકાઓના લેખક ડૉ. કિશોર મોદી અને યોગેન્દ્ર જાનીએ સરળ ભાષામાં કરાવ્યો છે. (પ્રત્યેકનું કાચું પૂઠું, પ્રત્યેકનાં પૃ. આશરે ૧૦૦, પ્રત્યેકની કિ. રૂ. ૫)

ચંદ્રયાત્રા: ચંદ્ર પર જવાના વિજ્ઞાનીઓના પ્રયાસો સહુને માટે રોમાંચક કથા જેવા રહ્યા છે, અને તેમાં ય વળી ચંદ્ર ઉપરનું સફળ ઉતરાણ તો પરીકથા શું રોમાંચક બન્યું છે. આ સંજોગોમાં ચંદ્ર, ચંદ્રયાન, ચંદ્રયાત્રા વગેરેને લગતી શ્રદ્ધેય સામગ્રી સરળ લખાવટમાં પૂરી પાડતું યોગેન્દ્ર જાનીનું આ પુસ્તક વિદ્યાર્થીઓ તેમજ જિજ્ઞાસુઓને પણ ઉપયોગી થઈ પડશે. (કાચું પૂઠું, પૃ. ૧૪૨, રૂ. ૭-૫૦)

મરીમસાલો: ગુજરાતીઓની રસોઈકલામાં મરીમસાલો સ્વાદની દૃષ્ટિએ તો અપૂર્વ આકર્ષણ ધરાવે જ છે, પણ ઔષધિની દૃષ્ટિએ જો એનો સૂઝપૂર્વક ઉપયોગ થાય તો એ ઓર ઉપયોગી નીવડે છે. આપણા જાણીતા મરીમસાલાના ઔષધીય ઉપયોગની સરળ છણાવટ કરતી આ પુસ્તિકા ખૂબ જ ઉપયોગી છે. (લે. માધવ મો. ચૌધરી, કાચું પૂઠું, પૃ. ૧૦૪, રૂ. ૪)

ઋતુઋતુનાં શાકભાજી: પ્રસ્તુત લેખકનું આ પુસ્તક ઋતુએ ઋતુએ આવતાં શાકભાજીના સમ્યક્ ઉપયોગની સરળ છણાવટ કરતું હોઈ પ્રત્યેક ગુજરાતી ગૃહિણી માટે ઉપયોગી બની રહે તેવું છે. (કાચું પૂઠું, પૃ. ૮૬, રૂ. ૪)

કૃષ્ણાન્ત કવિ: ગુજરાતી સાહિત્યના જાણીતા કવિ બાળાશંકર ઉલ્લાસરામ કંથારિયાનાં સમગ્ર કાવ્યોના ઉમાશંકર જોશીએ કરેલા એ ખૂબ જાણીતા ને અભ્યાસયોગ્ય મૂલ્યવાન સંપાદનની બીજી આવૃત્તિ. (પાકું, પૃ. ૩૧૫, રૂ. ૧૨)

આસવ: હરીન્દ્ર દવેના એ નીવડેલા ગઝલસંગ્રહનું પુનર્મુદ્રણ (કાચું, પૃ. ૯૬, રૂ. ૬)

ઢુંઢથપ્પા: બાળકાવ્યોના નીવડેલા કવિ સુરેશ દલાલનાં ૨૩ બાળકાવ્યોનો આ સંપુટ બાળકો હોંશથી માણશે. (કાચું, પૃ. ૩૨, રૂ. ૩)

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ફુવારા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ–૧

પાનખરનાં ગુલાબ: ખ્યાતનામ ન્યાયમૂર્તિ, શિક્ષણશાસ્ત્રી અને મુત્સદ્દી એમ. સી. ચાગલાની અંગ્રેજીમાં લખાએલી આત્મકથા 'રોઝીઝ ઈન ડિસેમ્બર'નો આ ગુજરાતી અનુવાદ કર્યો છે જયા ઠાકોરે. ગ્રંથનાં સત્તર પ્રકરણો-

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



જોરાવરસિંહ જાદવ

જન્મ: તા. ૧૦-૧-૧૯૪૦, ધંધુકા તાલુકાના આકરુ ગામમાં ખેડૂત પરિવારમાં. પ્રાચીન ભારતીય સંસ્કૃતિના વિષય સાથે એમ.-એ. થઈ સેન્ટ ઝેવીઅર્સ કૉલેજ (અમદાવાદ)માં વ્યાખ્યાતા, ઈ. ૧૯૬૪થી ગુજ૦ રાજ્ય સહકારી સંઘમાં પ્રકાશન અધિકારી તથા 'સહકાર' સાપ્તાહિક અને 'ગ્રામસ્વરાજ' માસિકના સંપાદક. વિવિધ પત્રો સામયિકોમાં તથા રેડિયો પર અવારનવાર એમની લોકવાર્તાઓ રજૂ થતી રહે છે. 'આપણા કસબીઓ' નામના એમના પુસ્તકને 'નૅશનલ કાઉન્સિલ ઑવ એડ્યુકેશન રીસર્ચ ઍન્ડ ટ્રેઇનિંગ' તરફથી ૧૯૭૩ના ઉત્તમ ગુજરાતી પુસ્તક તરીકે પ્રથમ પારિતોષિક મળેલું. ગુજરાત રાજ્ય લોકસાહિત્ય સમિતિના સભ્ય.

૧ આપને મન લોકસાહિત્ય એટલે?

■ લોકસાહિત્ય એટલે લોકજીવનનો સ્મૃતિગ્રંથ. જે શબ્દોમાં લોકો ગાય, હસે કે રડે એ લોકસાહિત્ય. માનવીના જન્મથી માંડીને મૃત્યુ સુધી એનો વ્યાપ છે. લોકજીવનનું એ પોતીકું સંસ્કારધન છે.

૨ સૌરાષ્ટ્રના દુહાઓ વિષે કંઈ કહો.

■ સૈકાઓ વર્ષોથી લોકહૈયાંના પ્રમત્ત ભાવોને પ્રકટ કરતો દુહો એ સારગર્ભિત, મિતાક્ષરી, સુગેય કાવ્યસ્વરૂપ છે. પૂર્ણ દુહો, સોરઠો, તુમેરી, છકડિયો (દોઢિયો), સાખી કે બેત એ એના પાંચ પ્રકાર છે. એમાં ઋતુવર્ણન, પ્રેમમસ્તી ને વિરહની વેદના તથા મોતનો મહિમા ગવાય છે.

૩ અને સૌરાષ્ટ્રનાં લોકગીતોની ખૂબીઓ?

■ જેમ સર્વત્ર કથાસાહિત્યનો જન્મ લોકકથાઓમાંથી થયો છે તેમ સમસ્ત શિષ્ટ કાવ્ય લોકગીતોમાંથી પ્રકટયું છે. એમાં લોકહૃદયના ઋજુ ભાવો, આનંદ કે દુ:ખને વાચા મળી છે. ગોરમા ને રાંદલ, રમત ને રાસડા, ગરબા ને કથાગીતો વગેરેમાં લોકસમાજનું સાચું પ્રતિબિંબ જોવા મળે છે.

૪ લોકસાહિત્યના સંશોધનક્ષેત્રે શું થવું જરૂરી છે?

■ સંશોધકે પોતાને સાંપડેલા તમામ લોકસાહિત્યનું સંપાદન રજૂ કરી દેવાને બદલે વિવેકબુદ્ધિ રાખી એમાંથી ઉત્તમ અંશોને તારવવા પ્રયાસ કરવો જોઈએ. અન્યથા લોકજીવનનાં સાંસ્કૃતિક મૂલ્યોની સમજણ વિનાનું ઘણું એમાં ભરાઈ જશે.

૫ સૌરાષ્ટ્રના લોકસાહિત્યમાં નરનારીનાં ઘણાં વર્ણનો છે. એની લાક્ષણિકતા વર્ણવશો?

■ નારી તો નેણે ભલી. એ હાલે તો કેસર કંકુનાં પગલાં પડે; બોલે તો બત્રીસ પાંખડીએ ફૂલડાં ઝરે; પ્રેમના બાંધ્યા ભમરા એની ચારે કોર ગુંજે; સંકેલી નખમાં સમાય, ઉડાડી આભમાં જાય; એવી હામકામ લોચના, ત્રાડી મૃગલી જેવાં નેણ, સૂપી સિંહણ જેવો કેડયનો લાંક, ઊગતો આંબો, રાણ્યનો કોળાંબો, બહારવટિયાની બરછી, હોળીની ઝાળ, પૂનમનો ચંદ્રમા, જૂની વાડયનો ભડકો ને ભાદરવાનો તડકો. અને નર તો કે, પાંચ હાથ પટાધર; ઢાલવા છાતી, હાથીની સૂંઢ જેવી ભુજા; ગરેડી જેવું કાંધ; ખડેડયા આભને ટેકો દે એવો મરદ. યુદ્ધભોગાણે જાતાં ટીપણું કે શુકન જોવા ય ઊભો ન રહે.

૬ લોકસાહિત્યનો નાદ આપને કઈ રીતે લાગ્યો?

■ કૉલેજમાં સ્વ. ઝવેરચંદ મેઘાણીની 'સૌરાષ્ટ્રની રસધાર' ભણવામાં આવતાં, એમાંથી રજાઓમાં લોકગીતો, લોકકથાઓ, ઓઠાં, ઉખાણાં, રામવળાં, સલુકા વગેરે સંઘરવા માંડયાં. એમાંથી પછી લેખન-સંપાદન કરવા માંડયું.

૭ આપના પ્રિય લેખક, કવિ, પુસ્તક તથા સાહિત્ય-સર્જનમાં પ્રિય પાત્ર?

■ લેખક સ્વ. મેઘાણી; કવિ દુલાભાઈ કાગ, પુસ્તક 'સરસ્વતીચંદ્ર' અને પાત્ર જોગીદાસ ખુમાણ.

જોરાવરસિંહ જાદવ

માં આત્મકથાના નાયકની ભૌતિક તેમજ આધ્યાત્મિક વિકાસયાત્રાની સાથેસાથે એમના જીવનનાં વિવિધ પાસાંની અક્ષરછવિ સચોટ રીતે ઊપસી આવી છે. એ એમની લખાવટની બળકટતા અને પારદર્શકતાને આભારી છે. વાચકનો વાચનરસ સતત જારી રાખતી આત્મકથાના અનુવાદની આ કૃતિ પ્રેરણાદાયી અને માહિતીપ્રદ બની રહેશે. (પાકું, પૃ. ૬૭૨, રૂ. ૫૦)

સંદર્ભ: ગુજ. યુનિ.માં બી.એ. કક્ષાએ ગુજરાતીના વિષયમાં જે કેટલાક વિષયો પરના નિબંધો વિદ્યાર્થીએ તૈયાર કરવાના હોય છે તે માટેનો આ સંચય એક આદર્શ સંદર્ભગ્રંથ બની રહે છે. આનું કારણ સ્પષ્ટ છે કે અહીં જુદા જુદા વિષય પર તદ્‌વિદોની પાસે એ નિબંધો તૈયાર કરાવવામાં આવ્યા છે તેની પ્રતીતિ 'લોકશિક્ષણનાં માધ્યમો' પર વાસુદેવ મહેતાના, 'પ્રશિષ્ટ કૃતિ' પર નિરંજન ભગતના, 'લોકસાહિત્યમાં સમાજજીવન' પર કનુભાઈ જાનીના, 'મારો પ્રિય કવિ' પર હીરાબેન પાઠકના નિબંધ જેવા ઉલ્લેખોથી થઈ રહેશે. સંપાદકો સર્વશ્રી ચિમનલાલ ત્રિવેદી ને જયંત કોઠારીએ વિદ્યાર્થીઓના હાથમાં આવું સમુચિત પુસ્તક મૂકી આપી સાચું શૈક્ષણિક કાર્ય કરવા બદલ અભિનંદનના અધિકારી છે. વળી, આ પુસ્તક માત્ર વિદ્યાર્થીઓને જ નહિ પણ અન્ય જિજ્ઞાસુઓને પણ એટલું જ ઉપયોગી થઈ પડશે એવી એની ક્ષમતા છે. (પાકું પૂઠું, પૃ. ૩૦૦, રૂ. ૧૨)

નિબંધ અને ગુજરાતી નિબંધ: આપણી યુનિવર્સિટીઓમાં સાહિત્યના વિષયમાં સાહિત્યસ્વરૂપ ભણવાનું આવે છે ત્યારે નિબંધના સાહિત્યસ્વરૂપ અને સાહિત્યના અભ્યાસ-અધ્યાપનને ન્યાય મળી રહે તે રીતે વિવિધ લેખકોનાં પ્રસ્તુત સ્વરૂપ પરનાં લખાણોને સંપાદક જયંત કોઠારીએ અહીં એકત્ર કરી આપી ઉપયોગી પુસ્તક પૂરું પાડ્યું છે. (પાકું પૂઠું, પૃ. ૨૦૨, રૂ. ૧૦)

સંચય: શ્રીમતી લીલાવતી મુનશીના, લગભગ અર્ધી સદી પહેલાં 'ગુજરાત' સામયિકમાં પ્રકટ થએલા ૧૮ લેખોનો આ નાનકડો સંચય લેખિકાની સ્ત્રી-સ્વાતંત્ર્યની ભાવના અને સ્ત્રીઓની કર્તવ્યનિષ્ઠાની સાથેસાથે રાષ્ટ્રભાવનાનો પણ દ્યોતક છે. એમની લખાવટ તર્કસંગત અને આકર્ષક હોઈ વાચકને તેમની વિચારક તરીકેની તેમજ સર્જક તરીકેની શક્તિઓનો પરિચય કરાવી રહે છે. (પાકું પૂઠું, પૃ. ૧૬૨, રૂ. ૧૦)

અનુભવ: જાણીતા વિચારક લેખક ફાધર વાલેસના આ પુસ્તકમાં સાદી સરળ ભાષામાં એમણે નિખાલસતાથી પોતાના જીવનના વિવિધ અનુભવો ટાંક્યા છે. એ પ્રેરણા આપે છે

અને લેખકની આત્મકથાનો અણસારો પણ આપી જાય છે. (કાચું પૂઠું, પૃ. ૧૬૦, રૂ. ૬.૫૦)

સાધનાનું રહસ્ય: ભૌતિક ઐશ્વર્યની આક્રમકતાની પકડમાં આજના વિશ્વનો માનવી વધુ ને વધુ સપડાતો જાય છે, અને એને સમૃદ્ધિ હોવા છતાં ય અસુખ લાગે છે ત્યારે તે મનની શાંતિ ઝંખે છે. આ શાંતિ અને સુખ માટેનો એક માર્ગ છે સાધના. આ નાનકડી પુસ્તિકામાં એના કર્તા મુનિશ્રી અમરેન્દ્ર વિજયજીએ સામાન્ય માનવી કઈ રીતે સાધનાપથનો પ્રવાસી બની આત્મોન્નતિ કરી શકે ને ભૌતિક જીવનમાં સુખશાંતિ પ્રાપ્ત કરી શકે તેની સરળ શૈલીમાં સમજ આપી છે તે વાચકને પથદર્શક થઈ પડશે. (કાચું, પૃ. ૭૪, રૂ. ૩)

આપણે બધાં: જાણીતા હાસ્યલેખક 'પ્રિયદર્શી' (ડૉ. મધુસૂદન પારેખ)ની 'ગુજરાત સમાચાર' પત્રમાંની કટાર 'હું શાણી અને શકરાભાઇ'માંની ચૂંટેલી સામગ્રીનો આ ત્રીજો સંગ્રહ પણ અગાઉના બે સંગ્રહોની જેમ વાચકોને જરૂર આનંદ આપી રહેશે. (પાકું પૂઠું, પૃ. ૨૯૪, રૂ. ૧૮)

કચ્છડો ખેલે ખલકમેં: કચ્છી સંસ્કૃતિની મહેક વેરતી આ સંગ્રહની ૧૪ ગાથાઓમાં ત્યાંનાં નાનાં મોટાં માનવીઓનાં દિલની અમીરાત સુપેરે આલેખાઈ છે. શૈલી પ્રસંગ ભાવાનુકૂલ બની સમગ્ર ગાથાને જીવંત બનાવે છે. લેખક ઉમિયાશંકર અજાણીની વાર્તાકાર તરીકેની શક્તિઓનો આ ગાથાઓ સારો પરિચય આપી રહે છે. (પાકું પૂઠું, પૃ. ૧૯૮, રૂ. ૯)

ડૉ. હોમી ભાભા: અણુ-શકિત પંચના પ્રથમ અધ્યક્ષ અને ભારતના મહાન વિજ્ઞાની ડૉ. હોમી ભાભાની ડૉ. ઉષા જોષીએ લખેલી આ જીવનકથા ઊગતી પેઢીને પ્રેરણાદાયી બનશે. (કાચું પૂઠું, પૃ. ૧૬૨, રૂ. ૫-૫૦)

આર્યભટ: વિશ્વની વિજ્ઞાનદોડમાં ભારતે 'આર્યભટ'ના પ્રદાનથી જગતનું ધ્યાન ખેંચ્યું છે એ રોમાંચક ઘટના ને આર્યભટની શ્રદ્ધેય સમજ આપતી ઉપર્યુક્ત લેખિકાની ઉપયોગી વિજ્ઞાન-પુસ્તિકા. (કાચું પૂઠું, પૃ. ૬૮, રૂ. ૩-૫૦)

અન્ય પ્રકાશનો

કાવ્યવિશ્વ: અનુવાદની પ્રવૃત્તિ જોખમી છે, અને કાવ્યાનુવાદની તો સવિશેષપણે જોખમી. આમ છતાં ય અન્ય ભાષાના સર્જકોને જાણવા હોય તો કેટલુંક જતું કરવાની પૂર્વ શરત સાથે જ પ્રવેશવાનું અનિવાર્ય બની રહે છે. ભારતની અને જગતની વિવિધ ભાષાઓનાં કાવ્યોના વિવિધ નામી-અનામી અનુવાદકોએ કરેલા અનુવાદો આ પુસ્તકમાં સુરેશ દલાલે સંપાદિત કર્યા છે. અહીં અને સર્વત્ર આવી પ્રવૃત્તિમાં કાવ્ય પસંદગીનો રુચિભેદ ચર્ચાસ્પદ તો રહેવાનો જ. વળી, જે મૂળને આધારે અનુવાદો થયા હોય તે ન અપાયાં હોય ત્યાં સુધી ઉભય ભાષા જાણનારને અનુવાદની સફળતાનો કે સરળતાનો આસ્વાદ માણવાનો વસવસો રહે તે સ્વાભાવિક છે. આમ છતાં બધા કંઈ બધી ભાષા જાણતા ના હોય તે વાસ્તવિકતાને સ્વીકારી લેતાં આ ગુજરાતી અનુવાદો વિશાળ કાવ્યવિશ્વમાં ભાવકને લઈ જાય છે તે આ સંપાદનની ઈયત્તા છે. એમાં ગુજરાતી કાવ્યોને શા માટે પસંદગી—ખાસ કરીને વિવાદાસ્પદ પસંદગી—આપી હશે તે પ્રશ્ન છે કારણ કે આ 'અનુવાદ'નો ગ્રંથ છે, 'બધી ભાષાનાં ઉત્તમ કાવ્યોનો' નહિ. છપાઈ, કાગળ, બંધાઈ, આવરણ દરેક રીતે રળિયામણું આ પ્રકાશન કવિતાચાહકોને જરૂર ગમશે. (પ્ર. ચીમનલાલ લિટરરી ટ્રસ્ટ, મજીઠિયા ચેમ્બર્સ, ૨૭૯, ડી. એન. રોડ, મુંબઈ-૧; પાકું પૂઠું પૃ. ૪૬૨, રૂ. ૪૫)

નવી વાર્તા: સુરેશ જોશીથી પ્રબોધ જોશી સુધીના લેખકોની ટૂંકી વાર્તાના આ સંગ્રહના સંપાદક રાધેશ્યામ શર્માએ મોટે ભાગે વિવેક જાળવીને આ સંપાદન કર્યું હોવા છતાં 'રુચિભેદ'ની દલીલનો આશ્રય લઈ કોઈને પણ કંઈ કહેવાનું,—જુદા પડવાનું મન થાય એ માટેનો અવકાશ પણ રહેવા પામ્યો છે. પ્રારંભે નવી વાર્તાના વિવેચન વિશે એમણે રજૂ કરેલાં પોતાનાં મંતવ્યો સંપાદકની સજગતા સૂચવે છે, તો પુસ્તકને છેડે આપવામાં આવેલા સંગ્રહસ્થ વાર્તાઓના મિતાક્ષરી આસ્વાદો એમની સૂઝના સૂચક બની રહે છે. ગુજરાતી વાર્તાપ્રવાહના વળાંકની દિશા સમજવા-માણવા માટે ચે, જેવા છે તેવા સ્વરૂપે પણ, આવાં સંપાદનો ઉપયોગી થઈ પડશે. (મુખ્ય વિક્રેતા: આર. આર. શેઠની કંપની, અમદાવાદ, પાકું પૂઠું, કિં. રૂ. ૨૦)

સૂરજ ઊગ્યે સાંજ: પ્રણયજીવનના સનાતન વિષયને કાવ્યાભાસી શૈલીએ નિરૂપતી નાનાભાઈ હ. જેબલિયાની સામાન્ય કક્ષાની નવલકથા. (પ્રકા. લોકપ્રિય પ્રકાશન, ૧૧૦-૧૨૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ, પાકું, પૃ. ૪૪૦, રૂ. ૨૦)

અવાવરુ ઓરડા: ગ્રામ અને નગર સભ્યતાનાં કુટુંબોને સંયોજતી આ સુવાચ્ય નવલકથાના લેખક છે મૂળરાજ રૂપારેલ (પ્રકા. ઉપર મુજબ, પાકું પૂઠું, પૃ. ૨૫૮, રૂ. ૨૨)

સરદાર પટેલ: સરદાર પટેલના જીવનની તસવીરોનો આર્ટ કાગળ પર છાપેલો આ સંપુટ સરદારશ્રીના જાહેરજીવનની ઝળહળતી ઝલક પ્રકટ કરી રહે છે. (પ્રકા. પ્રકાશન વિભાગ, પતિયાલા હાઉસ, નવી દિલ્હી, ૧૧૦૦૦૧; પાકું પૂઠું, પૃ. ૯૨, રૂ. ૧૨-૫૦) —ધી. પ.

કલાવાર્તા

સ્વ. ચિત્રકાર ઠાકુરસિંહ

યજ્ઞેશ્વર શુકલ



પંજાબના કલાક્ષેત્રમાં સરદાર એસ. જી. ઠાકુરસિંહનું સ્થાન બહુ માનભર્યું છે. ભારતનાં ઐતિહાસિક અને સુખ્યાત સ્થાપત્ય-સર્જનનાં એમણે કરેલાં ચિત્રોએ ભારત બહાર પણ એમની ખ્યાતિ પ્રસારી છે. પંજાબ તથા હિમાલયના પ્રદેશોની નારીઓનાં પણ એટલાં જ સુંદર ચિત્રો એમણે સર્જ્યાં છે. ચંદીગઢ મ્યુઝિયમમાં એમની અનેક સુંદર કૃતિઓ સંઘરાએલી છે. 'સદ્યસ્નાતા'નું એમનું આ સાથેનું ચિત્ર તો ઘણું પ્રખ્યાત છે. ભીના વસ્ત્રમાં લપેટાએલા સ્ત્રી-દેહનું આલેખન ચિત્રકારની કસોટીરૂપ હોય છે. ઠાકુરસિંહે એમાં જે ખૂબી અને કૌશલથી સ્ત્રી-દેહને મનોહર ઉઠાવ આપ્યો છે એ એમની કલાશક્તિનો દ્યોતક છે. ગયા જુલાઈ માસની બીજી તારીખે એમનું અવસાન થતાં એમના વિના અમૃતસર સૂનું થઈ ગયું એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ ન ગણાય એટલી એમની ત્યાં પ્રતિષ્ઠા હતી. પંજાબમાં કલાના પ્રસારમાં એમનો ઘણો મોટો ફાળો છે.

અમૃતસરમાં એક સુંદર મકાનમાં એમણે 'ધી ઇન્ડિયન ઍકેડેમી ઑવ ફાઈન આર્ટ્સ'ની સ્થાપના કરેલી છે. ત્યાં કલાશિક્ષણ આપવાની પણ વ્યવસ્થા છે. દિલ્હીની 'ઑલ ઇંડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટી'ના તેઓ આજીવન સભ્ય હતા. વર્ષો સુધી તેઓ એ સંસ્થાના ઉપપ્રમુખ પણ રહેલા. કેન્દ્રની 'લલિત કલા અકાદમી'ના તથા તેની કાર્યવાહક સમિતિના સભ્ય પણ તેઓ હતા.



△ 'સદ્યસ્નાતા' અને 'નર્તકી' ▷
ઠાકુરસિંહે ચીતરેલાં બે નારીપાત્રો



ઠાકુરસિંહનું બચપણ બહુ ગરીબાઈમાં વીતેલું. વિધવા માના એ એકના એક પુત્રને એ સમયના નાટક કંપનીઓના વિખ્યાત ચિત્રકાર મહમદ આલમે પોતાની પનાહમાં લઇને ચિત્રકામની તાલીમ આપી હતી. એ જ રીતે એવા જ બીજા ઉસ્તાદ મળ્યા હતા હુસેનબક્ષ. તેઓ પણ નાટક કંપનીઓ સાથે સંકળાએલા હતા. ઠાકુરસિંહ નાટકનાં કામ કરતા ત્યારે ગુજરાતમાં એ ક્ષેત્રના જાણીતા ચિત્રકાર કલ્યાણજી શુકલ(આ લેખકના પિતા)ના પરિચયમાં આવેલા અને એ રીતે એમનો સંપર્ક ઘનિષ્ઠ બનેલો.

નાટક કંપનીઓનું ચિત્રકામ એટલે સેટિંગ્સ અને પર્દાનું ચિત્રકામ. 'ટેમ્પેરા' પદ્ધતિનું એમાં વિશેષ મહત્ત્વ. કદાચ એટલે જ ઠાકુરસિંહે પોતાના કલાસર્જનમાં મુખ્યત્વે એ જ પદ્ધતિ જારી રાખી હતી. એમનાં દશ્યચિત્રોમાં જોવા મળતું ઊંડાણ અને તાદશતા પણ આરંભની એ તાલીમનો જ પ્રભાવ. આજના નવા પ્રકટેલા વિધવિધ કલાપ્રવાહો વચ્ચે તાદશતાભર્યા ચિત્રકામનું ભલે ગમે તે મૂલ્ય અંકાય, પણ એ પ્રકારનું કામ કરવું ને તેમાં ય પોતાની આગવી કલાશક્તિનો પ્રભાવ પ્રકટાવવો એ પણ એક સિદ્ધિ જ છે, અને ઠાકુરસિંહે એ સાધી હતી. આ સાથે આપેલા થોડા નમૂના ઉપરથી એમની એ શક્તિની પ્રતીતિ મળી રહે છે. □



અમૃતસરનું સુવર્ણ મંદિર▷
દશ્યચિત્રમાં ઠાકુરસિંહની સિદ્ધિનું દ્યોતક ચિત્ર

હિંદી ભાષાનાં પ્રસિદ્ધ કવયિત્રી સુભદ્રાકુમારી ચૌહાણના માનમાં ભારતીય ડાક-તાર વિભાગે છઠ્ઠી ઑગસ્ટે એક ખાસ ટિકિટ બહાર પાડી. ઈ. ૧૯૦૪માં એમનો જન્મ. ઈ. ૧૯૨૦ના અરસાથી કવયિત્રી તરીકે ખ્યાત થયાં ત્યારે પતિની સાથે તેઓ રાષ્ટ્રીય આંદોલનોમાં પણ સક્રિય ભાગ લેતાં હતાં. 'સેનાની કા સ્વાગત', 'વીરોં કા કૈસા હો વસન્ત' અને 'ઝાંસી કી રાની' વગેરે જેવાં એમનાં કાવ્યો બહુ પ્રસિદ્ધ છે. 'મુકુલ' એમનો પ્રથમ કાવ્યસંગ્રહ (૧૯૩૧). 'બિખરે મોતી', 'ઉન્માદિની' અને 'સીધે સાદે ચિત્ર' એમના વાર્તા-સંગ્રહો. તેઓ રાજનૈતિક આંદોલનકારી, મધ્ય પ્રાંતની તત્કાલીન વિધાનસભાનાં સદસ્ય ને લોકપ્રિય કવયિત્રી હોવા સાથે એક નિષ્ઠાવાન પત્ની, સ્નેહમયી મા અને વિશ્વસનીય મિત્ર પણ હતાં. ઈ. ૧૯૪૮ની ૧૫મી ફેબ્રુઆરીએ એક કાર-દુર્ઘટનામાં એમનું અકાળ અવસાન થયું. બીજી ટિકિટ ૧૫મી ઑગસ્ટે-સ્વાતંત્ર્ય દિને બહાર પડી. સ્વાતંત્ર્ય પછી ભારત સરકારે પોતાના સેનાનીઓનાં શૌર્ય અને ત્યાગના સન્માનમાં જે શૌર્ય પુરસ્કારો આપે છે એમાં 'પરમ વીર ચક્ર' સર્વોચ્ચ માન છે. સ્વાતંત્ર્યથી માંડી આજ સુધીમાં માત્ર પંદર જ પરમ વીર ચક્ર એનાયત થયા છે, તે એની યોગ્યતાના આકરા માપદંડનું દ્યોતક છે. આ કાંસ્ય-ચંદ્રક જાંબલી રંગની ફીતમાં છાતી પર ડાબી બાજુએ પહેરાય છે. એના વિજેતા તથા તેના પરિવારને ખાસ માસિક ભથ્થાં ઉપરાંત રોકડ રકમ અને ભૂમિનું અનુદાન પણ મળે છે. (પ્રેષક: ડાહ્યાલાલ પરમાર તથા કિરણચંદ્ર જોષી-અમદાવાદ) ◖ જમણી બાજુની ચાર ટિકિટો બ્રિટનની છે. ગઈ ૪થી ઑગસ્ટે એ બહાર પડી. એમાંની ૮½ અને ૧૩ પેન્સની ટિકિટ વેલ્સના ચારણોની મહાસભા 'રૉયલ નૅશનલ એસ્ટેધવડ'ની ૮૦૦મી જયંતી નિમિત્તની છે. એમાંની પહેલી ટિકિટ પર આ મહાસભાના એક વિધિનું ને બીજી પર વેલ્સના પરંપરાગત વાદ્ય 'હાર્પ'નું ચિત્રણ છે. ૧૦ પેન્સની ટિકિટ પર મોરિસ નર્તકોને એમના પરંપરિત પોષાકમાં રજૂ કર્યા છે, તો ૧૧ પેન્સની ટિકિટ પર હાઈલૅન્ડ ગેધરિંગના પાઈપ-વાદકનું ચિત્ર છે. પોતાના સાંસ્કૃતિક જીવનની આ સદીઓ જૂની પરંપરાના અંશોને બ્રિટને આ ટપાલટિકિટો પર બિરદાવ્યા છે.

(પ્રેષક : રમણિકલાલ સોલંકી-લંડન)



ટિકિટ-સંગ્રહ





પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર

સપ્ટેમ્બર ૧૯૫૧ · સળંગઅંક ૩૩૩

'કાયાની કરામત' નામે ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની બહુ માહિતીપ્રદ અને એથી ઘણી લોકપ્રિય બનેલી લેખમાળા 'કુમાર'માં ત્યારે પ્રકટ થતી. બરાબર પચ્ચીસ વર્ષ પહેલાંના એના હપતામાંથી થોડી રસિક માહિતી તારવીએ:


હોજરીની પાછળ અને કલેજાની નીચે, છ ઇંચ લાંબી ને દોઢ ઇંચ પહોળી, ભૂખરા રંગની સ્વાદુપિંડ ગ્રંથિ આવેલી છે. તે લાખ્ખો કોષો ને નલિકાઓની બનેલી છે. એ કોષો પાચકરસ પેદા કરે છે, અને તે નલિકાઓ દ્વારા એકત્ર થઇને ગ્રહણીમાં રેડાય છે. સ્વાદુપિંડ-ગ્રંથિનો રસ દિવસભરમાં સાત અધોળ જેટલો જ સ્રવે છે, પણ તે ખોરાકના ત્રણે ય ઘટકો ઉપર રાસાયનિક ક્રિયાઓ કરે છે. આથી ખોરાકનું અંતિમ પાચન થઈ તેનું એવું તો રૂપ બને છે કે તે સહેલાઈથી આંતરડાંમાં શોષાય છે.


આ ઉપરાંત સ્વાદુપિંડના થોડાક કોષોના જૂથોમાંથી એક અતિ ઉપયોગી રસ ઝરે છે કે જે નલિકા દ્વારા આંતરડાંમાં જતો નથી, પણ કોષોની આસપાસ વહેતી રક્તવાહિનીઓ દ્વારા પરબાર્યો લોહીમાં દાખલ થાય છે. આ રસનું નામ ઈન્સ્યુલીન. તેનું કામ લોહીમાં રહેલી ખાંડને ક્રિયાશક્તિના રૂપમાં પલટાવતી વેળા બળવામાં મદદ કરવાનું છે. શરીરમાં જ્યારે આ ઈન્સ્યુલીનનું પ્રમાણ ખૂટે છે ત્યારે મધુમેહ-મીઠી પિશાબનો રોગ ડાયાબિટિસ થાય છે.

કાળજું

કાળજું—કલેજું કે યકૃત (liver) એ આખા શરીરમાં મોટામાં મોટી ગ્રંથિ છે: કદ, વજન ને કામગીરી ત્રણે રીતે. તે છ ઇંચ પહોળું ને આઠ ઇંચ લાંબું છે. વજન ત્રણ-સાડાત્રણ રતલ. તેના નીચલા ભાગમાં રીંગણ આકારનું પિત્તાશય છે, જેમાં પિત્તનો સંગ્રહ થાય છે.

નક્કર દેખાતું કલેજું લોહીની સૂક્ષ્મ શિરાઓ, બારીક પિત્તનલિકાઓ ને કોષોની બનેલી વાદળી જેવું છે. નાના આંતરડાની નળીઓમાં તૈયાર થએલું લોહી આ કલેજામાં જ આવે છે. એ લોહીમાં પ્રોટીન ને કાર્બોહાઇડ્રેટ ખોરાકનાં





જ્યાં આપણી પાચનક્રિયા ચાલે છે તે પેટમાંનાં, એ ક્રિયા કરનારાં બધાં અંગોને આ મોટા ચિત્રમાં બતાવ્યાં છે. અન્નનળીમાંથી ખોરાક 'હોજરી'માં આવે છે, જ્યાં તે પચીને તેનો 'આમરસ' બને છે. પછી એ આમરસ મુદ્રિકાદ્વાર વાટે ગ્રહણીમાં જાય છે. ત્યાં તેને 'સ્વાદુપિંડ' (પૅન્ક્રીઆસ) અને 'કલેજા'માંથી નીકળતા પાચકરસો તથા 'પિત્તાશય'માંથી પિત્ત આવીને વિશેષ પચાવે છે. અન્નપાચનની બધી ક્રિયા આ જ ભાગમાં થાય છે. આમ, અહીં સંપૂર્ણ પાચન થયા બાદ ખોરાક ગ્રહણીમાંથી નાના આંતરડામાં ચાલ્યો જાય છે, જ્યાંથી તે શરીરમાં લોહી વગેરે રૂપે શોષાય છે, અને કૂચા મોટા આંતરડામાં થઈ મળ રૂપે બહાર નીકળી જાય છે. પાચનક્રિયાનાં આ બધાં અંગો જે રીતે પેટમાં ગોઠવાયાં છે તે અહીં બતાવ્યું છે. મોટા આંતરડાનો ભાગ ગ્રહણી તથા હોજરી ઉપર થઇને જતો હોવાથી, એટલો કાપીને દર્શાવ્યો છે. પાચનતંત્રની આ જ રચનાને બાજુના નાના ચિત્રમાં તદ્દન સાદી રીતે આલેખીને બતાવી છે.

પાચનદ્રવ્યો, ખોરાક તથા શરીરના ઘસારામાંથી ઊપજેલાં વિષ અને વ્યયદ્રવ્યો, તેમજ જીવાણુઓ હોય છે. એ કલેજામાં પ્રવેશીને હજારો કેશવાહિનીઓ રૂપે સર્વત્ર ફેલાય છે. લોહીમાં સમાએલાં વ્યય દ્રવ્યો માંથી યકૃતના કોષો પિત્ત બનાવે છે. એ પિત્તનો સ્રાવ સતત ચાલ્યા જ કરે છે: ઉપવાસ વખતે ઓછો ખાધા પછી વધારે. કલેજામાંથી તે પિત્ત પિત્તાશયમાં જાય છે. ઉપરાંત, એક સામાન્ય પિત્ત નલિકા દ્વારા તે સીધું ગ્રહણીમાં પણ જાય છે.

પિત્ત પીળા-લીલા રંગનો ચીકણો પ્રવાહી, સ્વાદમાં કડવો પાચકરસ છે. તેના બંધારણમાં પાણી, શ્લેષ્મ, પિત્તરંગો, પિત્તઅમ્લો, લેસીથીન અને ચરબીવજું કોલેસ્ટેરોલ છે. કોલેસ્ટેરોલ પાચનક્રિયામાં જરા પણ ઉપયોગી નથી; ઊલટું એને લીધે પિત્તાશયમાં પિત્તની પથરી થાય છે. કલેજાની ક્રિયા વધારે પડતા બોજાને અંગે ખોટકાય ત્યારે વ્યય દ્રવ્યો પિત્તાશય કે ગુદામાંથી પસાર થતાં એ અવયવોમાં સોજો ઊપજાવે છે. પરિણામે એ અવયવોમાંથી ચીકણો સ્રાવ પુષ્કળ પ્રમાણમાં છૂટે છે. આ સ્રાવ ગુંદર જેવું કામ બજાવી ખોરાકના ક્ષારોને એકઠા બાંધે છે, કે જે ધીમે ધીમે નિર્જળ બની પથરી રૂપે પરિણમે છે.

પિત્તાશયમાં પથરી એક નહિ પણ અનેક હોય છે. પિત્તાશયમાં તે કશો ઉપદ્રવ કરતી નથી, પણ જ્યારે તે પિત્તનલિકામાં આવે છે ત્યારે અસહ્ય પીડાવાળા ચૂંક ઊપડે છે. ત્રીસથી પિસ્તાલીસના વયે દેખા દેતું આ દર્દ મોટે ભાગે બહુ બાળકોવાળી સ્ત્રીઓમાં હોય છે. પિત્તનલિકામાં પથરી આવતાં પિત્ત-વહનમાં અવરોધ ઊભો થતાં તે કલેજામાં જ સંઘરાય છે ને ત્યાંથી લોહીમાં ભળી ચામડીનાં પડોમાં જમા થાય છે. આવું થાય ત્યારે કમળાની બીમારી આવી પડે છે પથરી ઉપરાંત કૅન્સરથી, મૅલેરિયા તાવ પછી, ને મીઠા ચરબીવાળા તેલ્નાહાર પદાર્થો તથા દારૂના ખૂબ સેવનથી કલેજામાં થતા ભરાવાને લીધે કમળો થાય છે. કમળામાં ચામડી, આંખના ડોળા ને પેશાબ પીળા રંગનાં હોય છે.

પિત્ત અમ્લો ચરબીના પાચનમાં અગત્યનો ભાગ ભજવે છે. જો પિત્ત આંતરડાંમાં આવતું અટકે તો ગમે એટલો સપ્રમાણ ખોરાક લેવા છતાં શરીર સુકાય છે, કારણ કે દેહને હૃષ્ટપુષ્ટ બનાવનારી ચરબીનું પાચન જ થતું નથી. આથી જ કમળાના રોગીને ચરબીવાળા પદાર્થો આપવાની મના હોય છે. પિત્તથી આંતરડામાં ખોરાકનો સડો થતો અટકે છે. વળી પિત્તના શ્લેષ્મની ચિકાશ ખોરાકને આંતરડાંમાં આગળ વધવા માટે લાયક લ્યુબ્રિકન્ટ નીવડે છે. પિત્તમાં રેચક ગુણ પણ છે. તે આંતરડાની ગ્રંથીઓનો સ્રાવ વધારે છે અને તેમના મારે આગળ ધકેલવામાં ઉત્તેજે છે. કમળામાં સામાન્ય રીતે કબજિયાત રહે છે તે પણ આથી જ. પિત્ત અમ્લ (ખાટા) આમરસને આલ્કલી બનાવવામાં મોટો ભાગ ભજવે છે. જો આમરસનો આલ્કલી ન બને તો સ્વાદુપિંડ રસોનાં આથવણો તેના ઉપર ક્રિયા જ ન કરી શકે

સોમલ, પારો વગેરે જ્યારે દવા કે ઝેર રૂપે શરીરમાં ગયાં હોય ત્યારે તેની ઝેરી અસરો પેશીઓ ઉપર ના થાય તે માટે કલેજું ઘણી ભારે કામગીરી ઉઠાવે છે અને કદીક તો તે જો ખમાય પણ છે. ઝેરથી મરણ પામેલાના કલેજામાંથી ઝેર મળી આવે છે. આથી જ શંકાભરી રીતે ગુજરી ગએલ માણસના કલેજાની પોલીસ તપાસ કરાવે છે. લાંબા સમયના દારૂના વ્યસનથી થતા સિરૉસિસ ઑવ લીવર નામના ગંભીર રોગ વખતે, તેમજ ટાઇફૉઇડ, મૅલેરિયા, મરડો, ચાંદી વગેરે જંતુઓથી થતા રોગોમાં પણ કલેજામાં સોજો આવવાથી તેનું કદ વધે છે.

આપણે જે કાર્બોહાઇડ્રેટ ખોરાક ખાઇએ છીએ તેનું પાચન થઈ તેમાંથી ખાંડ પેદા થાય છે. જીવનક્રિયાઓ ચલાવવામાં તેનો પળે પળે વપરાશ થાય છે. શરીરની ગરમી ને શક્તિ પણ તેનાથી જ જળવાય છે. લોહીમાં ખાંડનું પ્રમાણ ઘટે તો આપણે શક્તિ-વિહીન બનતા બનતા ઠંડા પડતા જઇએ અને યોગ્ય ઉપચારના અભાવે મરણ પણ આવી પહોંચે. અને જો તેનું પ્રમાણ વધી પડે તો પણ બેચેની, શિથિલતા, શરીરમાં બળતરા વગેરે ચિહ્નો દેખા દે છે. આ રોગાવસ્થા તે જ મધુમેહ—મીઠી પેશાબ. આંતરડાં તરફથી આવતા લોહીનાં ખાંડનું જે કંઈ પ્રમાણ વધુ હોય તે તરત જ કલેજું સંઘરી રાખે છે; ને પછી શરીરની માગ પ્રમાણે જ એ ગ્લાઇકોજેન ગ્લુકોઝમાં ફેરવાઈ લોહીમાં આવ્યા કરે છે. ખોરાકમાંના પ્રોટીન પદાર્થો પચી ગયા પછી નત્ર પદાર્થો વ્યયદ્રવ્યો રૂપે રહે છે. તે જો લોહીમાં રહે તો પેશીઓને ઈજા કરે એવાં છે. આ બધાંને યકૃત પકડી લઈ તેમને યૂરિયા અને યૂરિક ઍસિડના રૂપમાં ફેરવી નાખે છે અને તે પેશાબ તથા પરસેવા વડે શરીરની બહાર ફેંકાય છે.

આ ઉપરાંત આખા અન્નમાર્ગમાંથી લોહી જે નિકોટીન, કેફીન, મોરફીન વગેરે ઝેરી પદાર્થોને ખેંચી લે છે તે બધાને નિષ્ક્રિય કે દૂર કરવાનું કામ કલેજું કરે છે. તે જીવાણુઓને ગાળી જુદા તારવે છે, જેને કલેજાના કોષો ખાઈ જાય છે. વળી લોહીના ફરવામાં જે રાતા કણો ભાંગી તૂટી કે મરી જાય છે તેને દૂર કરીને લોહીના પ્રવાહને નિર્મળ રાખવાનું કામ પણ કલેજાનું છે, એટલું જ નહિ, એ રાતા કણોમાં રહેલા કીમતી લોહને તો પાછું કલેજું સંઘરી રાખે છે. આમ, આંતરડાંમાંનું ચિત્રવિચિત્ર ભેળસેળથી ભરપૂર લોહી કલેજાની જ ગળણીમાં ગળાઈ, નિર્મળ બની હૃદય ભણી જાય છે. આંતરડાં અને હૃદય વચ્ચે કલેજાનું સ્થાન ગળણીનું છે. આ રીતે શરીરના કુલ જથ્થાના ચોથા ભાગનું લોહી એકલા કલેજામાં હોય છે. આથી તેના ઉપરનો કોઈ પણ ઘા, ઈજા કે ઑપરેશન જીવલેણ નીવડે છે. કલેજાનો દવા તરીકે ઉપયોગ તો ઘરઘરનો જાણીતો છે. ડાક્ટરો 'લીવર એક્સ્ટ્રૅક્ટ' લેવાની ખૂબ ભલામણ કરે છે. તેમાં લોહ સંઘરાએલું છે તેથી નહિ, પણ શરીરની લોહી બનાવવાની ક્રિયાને પુષ્ટિ આપવાનો ગુણ છે તેથી.

હોજરી અને લાળપિંડોની જેમ કલેજું પણ માનસિક વૃત્તિઓની અસર નીચે છે. કોઈ પણ સરસ વાની નજરે પડતાં જેમ મોંમાં પાણી છૂટે છે ને હોજરીમાં જઠરરસ છૂટે છે. તે જ રીતે કલેજામાંથી તાજું પિત્ત સ્રવીને પિત્તાશયમાં આવે છે. પિત્તનો સ્રાવ આનંદાવસ્થામાં તો હોય જ, પણ ગ્લાનિ વખતે તે ઊલટો વધુ હોય છે. અને ક્રોધ ચડયો હોય ત્યારે સંપૂર્ણ બંધ થાય છે. હોજરી પાચનક્રિયાનું મુખ્ય અંગ મનાય છે, પણ એ ખોટું છે. તેમાં સ્ટાર્ચ અને ચરબીનું પાચન થતું નથી. જો ઑપરેશનમાં હોજરી કાઢી લેવાય તો પણ પ્રવાહી રૂપમાં આપેલા ખોરાકનું કલેજા અને સ્વાદુપિંડના રસોથી ગ્રહણીમાં મોટાભાગે પાચન થઈ શકે છે.

અનુસંધાન] તોરણ [પૃ. ૩૨૭થી

વિનાનાં તોરણો મંદિરના મંડપમાં ને ગોખલયુક્ત તોરણો મંદિરના પ્રવેશદ્વારે કે પ્રવેશ ચોકીઓમાં હોય છે. તેમજ આવાં ગોખલયુક્ત તોરણો ગામ કે નગરના પ્રવેશદ્વારે કંડારવાનો પણ પ્રાચીન કાળે રિવાજ હતો. વળી, આવાં તોરણો અન્ય સ્થાપત્યોમાં, જેમકે વાવ-કૂવા કુંડ, ગામના ચોરે, કિલ્લાના પ્રવેશદ્વારે યા રાજમહાલયે પણ કંડારવામાં આવતાં આધુનિક જમાનામાં ગોખલયુક્ત તોરણો મોટા મકાનના કંપાઉન્ડમાં, સરકારી મકાનોમાં કે રાજમાર્ગે પ્રવેશદ્વારરૂપે કંડારવાં જોઈએ. એથી શહેરને મકાનની શોભા વધે. એના ગોખલામાં જે તે સ્થાનનું સૂચક શિલ્પ મૂકી શકાય.

અનુસંધાન] ગણેશમૂર્તિની ચોરી [પૃ. ૩૩૬થી

મૂકી. એ હતો વિકાસબાબુનો રેડિયો. ફેલુદાએ રેડિયોને ઊંધો કર્યો અને બૅટરી મૂકવાની જગ્યાનું ઢાંકણું ખોલી તેની અંદર હાથ નાખી બહાર કાઢી એક અઢી ઇંચ લાંબી રત્નજડિત સોનાની ગણેશમૂર્તિ!'

બીજી જ પળે અંબિકાબાબુના વિશાળ તલતલાની એક સપાટ જઈને જોરથી અફળાઈ પડી વિકાસબાબુના ગાલ પર! અને પછી સંભળાયો રૂકનો રણકતો ચિત્કારઃ 'વિશ્વાસઘાતી! વિશ્વાસઘાતી! વિશ્વાસઘાતી!'.

ઘોષાલને પેટથી તારીફ અને પેટભરીને જમવા ઉપરાંત જે બીજી એક વસ્તુ મળી એ અત્યારે ફેલુદાના ખીસામાં કવરમાં પડી છે. □

વૃક્ષ-વેલ-પરિચય [૪૯] કુસુમ



ઉત્તર ભારતમાં સતલજથી નેપાલ, મધ્ય પ્રદેશ અને તેથી નીચેના દક્ષિણના ઉચ્ચ પ્રદેશોમાં થતું કુસુમ વૃક્ષ મોટું, ઘટાદાર, પાનખરી ઝાડ છે. ભૂખરી લીસી છાલવાળું એનું થડ ટૂંકું હોય છે. એની શાખાઓ પર નાની એકાદ વેંત લાંબી કૂણી ડાંખળીઓ પર બે થી ચારની જોડમાં રામસાનાં પાન ઊગે છે. એમાં નીચેની જોડ કદમાં નાની હોય છે. પાનખરમાં એ ખરી જાય ખરાં, પણ થોડા જ દિવસોમાં નવી ફૂટ પ્રકટે છે. આરંભમાં એ નવાં પાન રતૂમડાં હોય છે.

માર્ચ એપ્રિલમાં નવાં પાન ફૂટે ત્યારે એનાં ફૂલ પણ ખીલે છે. અમુક વૃક્ષ પર નર-ફૂલ જ હોય છે, તો કોઈ પર નર માદા બંને પ્રકારનાં. પીળા લીલા રંગનાં અને કદમાં બહુ નાનાં આ ફૂલનું દીંટું પણ એકાદ દોરા જેટલું જ હોય છે. આ ફૂલને પાંખડીઓ નથી હોતી પણ બાવળનાં ફૂલ જેવાં એ દડાદાર હોય છે.

જૂન-જુલાઈના અરસામાં પાકતાં લગભગ વેઢા જેવડાં ઇંડાકાર એનાં ફળના મથાળે કચ રેક ચીંગોડી જેવી કાંટાળી ગાંઠો પણ હોય છે. તાજાં હોય ત્યારે એની છાલ ચવડ લાગે. અંદર ખટમડા રસદાર ગરની વચ્ચે એક બદામી રંગનાં બે બીજ હોય છે. કુમળાં ફળનું અથાણું થાય છે. બીજનું તેલ ઔષધોમાં તથા વાળ માટે ઉપયોગી છે. ઉગાડવા માટે તાજાં જ બી વપરાય છે.

કુસુમનું લાકડું સખત અને ટકાઉ ગણાતું હોઈ પૈડાં, ઘરી ને શેરડી પીલવાના કોલુ બનાવવામાં વપરાય છે. બાગ બગીચામાં શોભા અને છાયા માટે પણ આ એક સુંદર વૃક્ષ છે.

પણ કુસુમની મુખ્ય ઉપયોગિતા તો એના પર થતી લાખને કારણે છે. આ લાખ બીજી લાખની સરખામણીમાં સર્વોત્તમ ગણાય છે.



આપણું ઝવેરી

તમા ન જરી યે મને મુજ સમૃદ્ધિ લુટાય, ને
બનું ઘરવિહીન, વસ્ત્રહીન, હીન સર્વસ્વથી;
અમી ઉરનું કિન્તુ પ્રાણપ્રદ, દુઃખ સંતાપના
સુતપ્ત રણમધ્ય, પ્રેમળ, કદી સુકાશો નહિ.

—ગોવિંદ સ્વામી

ઇંગ્લૅન્ડ માટે જંગી જહાજો બાંધનાર સૂરતના લવજી વાડિયા અને વંશજો

અઢારમી સદીના પૂર્વાર્ધ દરમિયાન સૂરત જહાજ ઉદ્યોગ માટે એટલું જાણીતું હતું, કે અંગ્રેજો અને બીજા પરદેશીઓ પણ પોતાના નૌકાસૈન્ય માટે અહીં વહાણો બંધાવતા. આ યુદ્ધ જહાજો અને વેપારી જહાજો બાંધનાર સૂરત જિલ્લાના પારસી વાડિયાઓ હતા. સૂરતમાં ધનજીભાઈનો જહાજવાડો વખણાતો. તેનો ફોરમૅન લવજી નસરવાનજી વહાણ બાંધવામાં સિદ્ધહસ્ત ગણાતા. તેમનો જન્મ ઈ સ. ૧૭૦૦ (૧૭૧૦?)માં થયો હતો તેર વરસની વયે સોરાબજી સબીઆના હાથ નીચે પાંચ રૂપિયાના પગારથી વહાણ સમારકામની ગોદીમાં તે જોડાયા. પછી અંગ્રેજ મનવારમાં ધાપત અટકાવવા મુંબાઈ ગયા હતા સૂરતમાં તેમનો પગાર રૂ. ૨૫ હતો. મુંબાઈની અંગ્રેજી ઈસ્ટ ઇન્ડિયા કંપનીને નવ 'ગુરાબ' બાંધવા માટે સારા કારીગરોની જરૂર હતી. આ કારીગરોને રૂ ૩૦૦ અગાઉથી આપીને ૧૭૩૬માં મુંબઈ મો લવામાં આવ્યા. મુંબાઈમાં લવજીનો પગાર રૂ. ૧૦૦ નક્કી કરાયો. મુંબાઈ આવીને લવજીએ 'જ્યૉર્જ બીજા' જહાજનો નાનો નમૂનો બનાવી અંગ્રેજ સુપરવાઈઝર ડડલીને બતાવ્યો. આ વહાણ તેણે એક લાખને ખર્ચે છ માસમાં બનાવી આપવા બાંહધરી આપી ઇંગ્લંડમાં બને તો એ વહાણનો ખર્ચ એથી ચાર ગણો થાય. નવસારીથી લાકડું મગાવ્યું અને લોખંડી કામ તથા સઢ વણવા માટે એમણે સૂરતથી કારીગરો બોલાવ્યા, અને માત્ર ચાર માસમાં લવજીએ વહાણ બનાવી આપ્યું! પાદશાહી મનવારોનું સમારકામ પણ એ કરતા ત્યારે તેમનો પગાર રૂ. ૨૦૦ હતો. મનવાર 'ઇન્વિન્સિબલ' જોઈને તેનો નમૂનો બનાવ્યો. એમાં તૂતક ઉપર બંને બાજુ છ તોપો, કૂવાસ્થંભ ઉપર બખ્તરવાળું પાંજરું તથા ઍડમિરલ અને અન્ય અફસરોની કૅબિનો ઉપરાંત દારૂગોળો અને રેતી રાખવાના ભંડારો વગેરેની જોગવાઈ પણ એમાં કરી. આ પરથી ઈંગ્લૅન્ડમાં બનતી મનવારના કરતાં ત્રીજા ભાગના ખર્ચમાં એ હિંદમાં બની શકે તેમ જણાતાં અહીં મનવાર બાંધવાની શરૂઆત કરવામાં આવી લવજીએ કુલ ૨૦ મનવારો અને ૧૪ નવાં વેપારી જહાજો બાંધ્યાં હતાં. અસંખ્ય વેપારી અને યુદ્ધ જહાજોની તેમણે મરામતો કરી હતી મુંબાઈમાં આવીને તેમણે રૂ. ૧૨,૦૦૦ના ખર્ચે સુકી ગોદી બંધાવી હતી એ ગોદીનું ૧૭૫૭માં વિસ્તરણ કરાયું હતું. આ જહાજવાડો ને પછી ૧૮૮૦માં ભાંગી પડયો ત્યાં સુધીમાં તો હિંદ । આ વાડિયાઓની ખ્યાતિ દુનિયાભરમાં પ્રસરી ગઈ હતી. લવજી નિવૃત્ત થયા ત્યારે તેમનો પગાર રૂ. ૫૦૦ સુધી પહોંચ્યો હતો અને ૩૯ વરસ સુધી તેમણે 'માસ્ટર બિલ્ડર'નો હોદ્દો ભોગવ્યો હતો. ઈ. ૧૭૪૦માં સુંદર કામ માટે તેમને રૂ. ૩૦૦ અને બે શાલ ઈનામમાં અપાયાં હતાં ઈ ૧૭૫૪માં ચાંદીનો ફૂટ અને અન્ય સાધનોની પેટી ભેટ અપાઈ હતી ઈ. ૧૭૭૨માં પણ ફરી ચાંદીનો ફૂટ ભેટ અપાયો. ઈ. ૧૭૭૧માં તેમણે પોતાના પૌત્રો ફરામજી માણેકજી અને જમશેદજી બમનજીને આ ધંધામાં દાખલ કર્યા હતા. ૧૭૭૪માં લવજીનું મૃત્યુ થતાં તેમના પુત્રો માણેકજી અને બમનજી ૧૭૭૪ થી ૧૭૭૪ સુધી આ જહાજવાડામાં માસ્ટર બિલ્ડર તરીકે કામ કરતા હતા ઍડમિરલ એડવર્ડ હ્યુજિસ તેમના કામના પ્રશંસક હતા

લવજીના પૌત્રોએ ૯૦૦ ટનનાં બે જહાજો બાંધ્યાં હતાં ત્યાર બાદ રૉયલ નેવી માટે તેમણે ૬ ફ્રીગેટો, ૯ યુદ્ધ જહાજો અને ૬ નાનાં જહાજો બાંધ્યાં હતાં. યુદ્ધજહાજ બાંધનાર તરીકે જમશેદજીની ખ્યાતિ છેક ઇંગ્લૅન્ડ સુધી હતી. માણેકજી અને બમનજીને તેમની શ્રેષ્ઠ કામગીરી માટે સોનાના ચાંદ અપાયા હતા. ઈ. ૧૮૯૦ની ૨૫મી એપ્રિલે બમનજીનું મૃત્યુ થયું. માણેકજી

ઈ. ૧૯૭૫ના સપ્ટેમ્બર થી ૧૯૭૬ના ઑગસ્ટ સુધીના 'કુમાર'ના અંકોમાં પ્રકટ થએલા લેખો પૈકી 'ભારતીય સંસ્કારપરંપરાને પોષક અને જીવન-ઘડતરમાં સહાયક' થાય તેવા શ્રેષ્ઠ લેખ માટે

શ્રી સોમાભાઈ ભાવસાર (હરિઃ ૐ આશ્રમ - નડિયાદ) તરફથી તેમની પુત્રી દીપ્તિના સ્મરણાર્થે વર્ષોવર્ષ અપાતું રૂ. ૫૧/–નું

દીપ્તિ-સ્મૃતિ-પારિતોષિક

'નવયુગ ધર્મ'ના લેખો માટે ફાધર વાલેસને મળે છે.

૧૭૯૨ની ૮મી એપ્રિલે મૃત્યુ પામ્યા. જમશેદજી અને ફરામજીએ પણ ૧૪ તોપોથી ૫૬ તોપ ધરાવતાં ૧૬ યુદ્ધજહાજો બાંધ્યાં હતાં. જમશેદજીએ બાંધેલી ફ્રીગેટ 'સાલસેટ' એક વાર બાલ્ટિક સમુદ્રમાં બરફમાં ફસાઈ પડી ત્યારે તેની સાથેનાં પાંચ યુદ્ધજહાજો અને બાર વેપારી જહાજો એ બરફની ભીંસથી ભાંગી પડ્યાં હતાં, પણ 'સાલસેટ'ને જરા યે આંચ આવી ન હતી. હિંદી વહાણો સામે વિલાયતમાં ઊઠેલી જેહાદ સામે જમશેદજીએ વળતો ઘા કરીને પોતે બાંધેલા 'કૉર્નવૉલિસ' નામના યુદ્ધજહાજ ઉપર 'આ વહાણ કાળા માણસે બાંધ્યું છે' એવું લખાણ લખ્યું હતું. તેમણે બાંધેલું સૌથી મોટું જહાજ 'ધ ગૅન્જિઝ' ૨,૨૮૯ ટનનું હતું. ૭૪ તોપોવાળું 'મિન્ડેન' જહાજ પણ એણે બાંધેલું. સને ૧૮૧૭માં એણે બાંધેલું 'ત્રિંકોમાલી' જહાજ તો આજે યે 'ફાઉન્ટ્રૉયન્ટ' નામ ધારીને ટકી રહ્યું છે. આ જહાજના ચાહકોએ આ નામની સોસાએટી સ્થાપીને આ વહાણને અમરત્વ આપ્યું છે. જમશેદજીએ ૧૮૧૦ થી '૨૭ દરમિયાન ૧૩ વહાણો બાંધ્યાં હતાં. તે પૈકીનાં પાંચ ઉપર ૭૪ તોપો હતી. તેણે બૉમ્બે ડૉકયાર્ડમાં ૫૦ વરસ કામ કર્યું હતું. સને ૧૭૩૬ થી '૮૫ સુધીમાં લવજીના કુટુંબમાંથી જેટલા 'માસ્ટર બિલ્ડર' થઈ ગયા, તેમનાં નામ આ મુજબ છે: લવજી નસરવાનજી (૧૭૩૬ થી '૭૪), બમનજી લવજી (૧૭૭૪ થી '૯૦), ફરામજી માણેકજી (૧૭૯૨ થી ૧૮૦૪), જમશેદજી બમનજી (૧૭૯૨ થી ૧૮૨૧), નસરવાનજી જમશેદજી (૧૮૨૧ થી '૪૪), ખુરશેદજી રુસ્તમજી (૧૮૪૪ થી '૫૭), જહાંગીરજી નવરોજજી (૧૮૫૭ થી '૬૬), જમશેદજી ધનજીભાઈ (૧૮૬૬ થી '૮૪), અરદેશર ખુરશેદજી (૧૮૨૨ થી '૪૦) અને મદદનીશ બિલ્ડર ને મશીનરીના ચીફ ઈન્સ્પેક્ટર (૧૮૪૧ થી '૫૭).

લવજીને અપાએલો 'માસ્ટર બિલ્ડર'નો ખિતાબ જમશેદજી ધનજીભાઈ નિવૃત્ત થયા ત્યારે રદ કરવામાં આવ્યો. ઈ. ૧૮૭૭માં 'બૉમ્બે મરીન' બંધ થતાં વાડિયાના જહાજવાડાની અગત્ય પણ ઘટી ગઈ અને અંગ્રેજ સરકારની ભારતીય જહાજી હિતોની અવગણના કરવાની નીતિના કારણે આ જહાજવાડો અદૃશ્ય થઈ ગયો! ઈ. ૧૭૩૬ થી ૧૮૮૪ના ગાળામાં ૩૫૦ ઉપરાંત સ્કૂનર, ગુરાબ, સ્લૂપ, પાયલોટ વહાણો, ફ્રીગેટ, ગનબોટ અને સ્ટીમરો આ જહાજવાડામાં બંધાયાં હતાં. તે પૈકી લડાયક અને બીજાં મળીને ૧૭૦ જહાજો 'ઈસ્ટ ઇન્ડિયા કંપની' માટે, ૩૪ જહાજો રૉયલ નેવી (ઇંગ્લૅંડ) માટે, ૮૭ વ્યાપારી જહાજો ખાનગી પેઢીઓ માટે અને ૬ મસ્કતના ઈમામ માટે બંધાયાં હતાં. ઈ. ૧૮૨૯માં વાડિયાના જહાજવાડામાં 'હ્યુલિન્ડસે' નામની સ્ટીમર બંધાઈ હતી. તેનાં વરાળથી ચાલતાં યંત્રો ઇંગ્લૅંડથી મંગાવીને બેસાડવામાં આવેલાં.

વાડિયાનો મુંબાઇનો જહાજવાડો અદૃશ્ય થયો તે સંબંધે ટીકા કરતાં શ્રી અશોક મહેતાએ જણાવ્યું છે કે 'સરકારે પૂરતું પ્રોત્સાહન આપવાની કાળજી લીધી હોત તો આ જહાજવાડામાં સઢવાળાં વહાણોને બદલે વરાળથી ચાલતી લોખંડી સ્ટીમરો પણ બંધાવા લાગી હોત અને ભારતનો આ ઉદ્યોગ જીવતો રહ્યો હોત.'

આમ, લવજી અને તેના કુટુંબીઓએ દોઢ સૈકા સુધી ભારતીય વહાણવટાની યશપતાકા ઉન્નત રાખવામાં ખૂબ મહત્ત્વનો ફાળો આપ્યો હતો. હવે હજીરામાં જહાજવાડો સ્થપાતાં આ પરંપરા ચાલુ રહેશે એ આશા અસ્થાને નથી. —શિવપ્રસાદ રાજગોર

સંતરાં કરતાં તેની છાલ વધુ ગુણકારી

આપણો સમાજ સંતરાંનો રસ ઉપયોગમાં લે છે અને એની ઉપરની છાલને ફેંકી દે છે. ફેંકી દેનારને એનો ભાગ્યે જ ખયાલ હોય છે કે સંતરાંના રસમાં જે ગુણશક્તિ ભરી છે એના કરતાં ઘણી ગુણશક્તિ એની છાલમાં રહી છે. ગાંધીજીને આ ગુણશક્તિનો ખયાલ આવ્યો ત્યારથી વર્ધાના આશ્રમજીવનમાં સંતરાંની છાલનો એક ખોરાક તરીકે ઉપયોગ થતો હતો એવું આજે આશ્રમના અંતેવાસીઓ પાસેથી જાણવા મળે છે. આંતરરાષ્ટ્રીય ખોરાક સંશોધન કેન્દ્ર તરફથી સંતરાંનું જે પૃથક્કરણ થયું છે તે અનુસાર પણ આઠ જાતના વિવિધ ક્ષારો અને પ્રોટીન, ચરબી, સાકર, શક્તિ તથા વિટામિનો જેવાં પોષક તત્ત્વોની દૃષ્ટિએ પણ સંતરાંના રસ કરતાં તેની છાલમાં તેનું પ્રમાણ વધુ છે. આથી સહજ રીતે સંતરાંની છાલનો ઉપયોગ કરવાનું સૂચન અર્થભર્યું લાગશે.

છાલનો મુરબ્બો: તાજાં સંતરાંની છાલ રતલ ૧ લઈ એને વરાળમાં બાફી લ્યો. એના નાના નાના કટકા કરી બે રતલ ખાંડની ચાસણી બનાવી, મુરબ્બા જેમ એમાં ડુબાડી દો. ઉપરથી એલચી, કેસર, લવિંગ, તજ, જરૂર પૂરતાં નાખી પાંચથી સાત દિવસ રાખી મૂકો અને પછી એનો ઉપયોગ કરો. નીચેના રોગો ઉપર એ હિતકર બનશે.

૧) લોહીવિકાર, રક્તપિત્ત, દાંતનાં નાનાંમોટાં દરદો ઉપર. ૨) પોષણની ખામી હોય તેવાં, હાડકાંની નબળાઈ (રિકેટ) જેવાં નાનાં બાળકોના રોગોમાં હિતકર બનશે. ૩) આંતરડાંની નબળાઈ, ઝાડા, મરડો, સંગ્રહણી જેવા રોગોમાં નિયમિત થોડો થોડો લેવામાં આવશે તો એની દીપન પાચનની શક્તિ વધશે. આંતરડાંનું સંકોચન થશે. ૪) ક્ષય, પાંડુ, કમળો, લિવર-બરોળનાં દરદો ઉપર ખૂબ જ ગુણપ્રદ બને છે. ૫) ટાઈફૉઈડ કે એવા જ બીજા ઉગ્ર રોગો પછી આવેલી નબળાઈમાં આ મુરબ્બો ઝડપી જીવનશક્તિ વધારે છે. ૬) પ્રદર, આર્તવદોષ, રતવાની ગરમી, વારંવારની કસુવાવડમાં પણ હિતકર બનશે. ૭) પેશાબની ગરમી, બહુમૂત્રતા, પેશાબમાં જતા પોષક ક્ષારોને અટકાવી જીવનશક્તિ વધારે છે. ૮) માનસિક થાક, જ્ઞાનતંતુની નબળાઈમાં એક પૂરક શક્તિ આપે છે. ૯) ઉનાળાની ગરમી ને ગરમીના રોગોમાં એક ઔષધીય ખોરાક બને છે.

(જન્મભૂમિ-પ્રવાસી) —ચિકિત્સક

ઢાંક

ગુજરાતના રાજકોટ જિલ્લામાં ઉપલેટા તાલુકામાં આલેચના ડુંગરની ટેકરીના અગ્નિ ખૂણામાં ઢાંક ગામ આવેલું છે. આ અતિ પ્રાચીન ઐતિહાસિક ગામ છે, જ્યાંની બૌદ્ધ ગુફાઓ જાણીતી છે. એ ઉપરાંત તેના પુરાતત્ત્વીય અવશેષોમાં સૂર્યમંદિર તથા મુંજેશ્વરી વાવ છે, જે ગુપ્તકાલીન સમયનાં હોવાનું મનાય છે. જૂના વખતમાં તે ધૂમલી (બરડાના ડુંગરમાં માણવડ પાસેનું)ના જેઠવા રાજપૂતોના તાબામાં હતું. અને તેનું નામ પેહ પાટણ હતું. વળી ડુંગર ઉપર ડુંગરેશ્વર મહાદેવનું મંદિર ઉપરાંત ફાડેશ્વર, કામનાથ, ગણપતિ, કરણેશ્વર, મૂલેશ્વર મહાદેવનાં મંદિર તથા ખોડિયાર માતાજીનું મંદિર વગેરે મંદિરો આવેલાં છે. અહીંનું સ્થાપત્ય તથા કોતરકામની કલા-કારીગરી જોવાલાયક છે.

મુંજેશ્વરી નામ કેમ પડ્યું? બૌદ્ધકાળમાં ઢાંકમાં એ સાધુઓના વિહારો હતા. મંજુશ્રી તે બૌદ્ધ દેવી હતી. સમય જતાં બૌદ્ધ ધર્મનું મહત્ત્વ ઓછું થઈ હિંદુ ધર્મનો ફેલાવો વિશેષ થયો. દેવીને સ્થળે શિવલિંગની સ્થાપના થઈ અને તે ઉપરથી હાલનું મુંજેશ્વર મહાદેવનું મંદિરનું નામ પડ્યું હોય. મુંજેશ્વર મહાદેવના મંદિરની બાજુમાં જ વાવ, જે મુંજેશ્વરી વાવ છે. ગામની વસ્તી આઠેક હજારની છે. —રમણિકલાલ કુંડલિયા



તાજેતરમાં બહાર પડેલા ભારતના ચાર ખાસ સિક્કા. એ બધા સિક્કા પર એક તરફ ઉપર પહેલી આકૃતિમાં આપેલા સૂત્રને અનુરૂપ એવું, અનાજની ડૂંડીઓ, ટ્રૅક્ટર, ટ્રાન્સમિશન ટાવર, કારખાનાં અને દફતરના મકાનનું અંકન છે. જ્યારે બીજી તરફ ઉપર દર્શાવ્યા પ્રમાણે રાષ્ટ્ર-ચિહ્ન સાથે જે તે સિક્કાનું મૂલ્ય દર્શાવ્યું છે.

સીસાનું ઝેર

સીસું એ ઝેરી ધાતુ છે એ તો સુવિદિત છે. ઔદ્યોગિક કામદારોના આરોગ્યને સીસા દ્વારા એક યા બીજી રીતે વિશેષ હાનિ પહોંચે છે. પણ કેટલાંક બાળકોના લોહીમાં પણ સીસાનું વધુપડતું પ્રમાણ જોવા મળ્યું છે. આ વધુપડતું સીસું એમના શરીરમાં કઈ રીતે દાખલ થાય છે તેની ખબર પડતી નથી, પણ એનો અભ્યાસ બહુ મહત્ત્વનો છે. રંગ, માટી, મોટર અને કારખાનાંઓના ધુમાડા વગેરેથી દૂષિત થતું વાતાવરણ એ સહુથી વધુ ગંભીર પ્રદૂષણ છે. સીસાના ઝેરથી જોવા મળતાં, સ્વભાવનું ચીડિયાપણું, પેટનો દુખાવો અને ઍનીમિયા જેવાં લક્ષણો બીજી માંદગીમાં પણ હોય છે, એટલે ખાસ કરીને બાળકોની બાબતમાં આ અંગે ચોક્કસપણે જાણવું મુશ્કેલ છતાં જરૂરી છે. માટે પોતાનાં બાળકો ક્યાં ને કઈ વસ્તુઓ સાથે રમે છે એ માબાપોએ જોવું અગત્યનું છે.

પૂ. મોટા પ્રેરિત વિદ્યાર્થી-જીવન ગુણ-વિકાસ ટ્રસ્ટ

ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરતાં યુવક-યુવતીઓમાં સાહસ, ધૈર્ય, ખડતલપણું, સમૂહભાવના, હૈયાઉકલત, સ્વાશ્રય જેવા ગુણો ખીલે તથા કોઈ પણ પરિસ્થિતિમાં પોતાનો માર્ગ કરવાની વૃત્તિ જન્મે તે હેતુસર 'હરિઃ ૐ આશ્રમ પ્રેરિત સમગ્ર ગુજરાત વિદ્યાર્થી-જીવન ગુણ વિકાસ હરિબા ભાઈલાલભાઈ પટેલ (નડિયાદ) સ્મારક ટ્રસ્ટ' રચવામાં આવ્યું છે. આ ટ્રસ્ટ માટે હરિઃ ૐ આશ્રમે રૂપિયા ચાર લાખ એકઠા કરી સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભવિદ્યાનગરને સોંપ્યા છે.

ટ્રસ્ટની રકમના વ્યાજનો ઉપયોગ ગુજરાતની બધી યુનિવર્સિટીઓનાં યુવક-યુવતીઓ માટે પ્રતિવર્ષ નીચેના જેવી પ્રવૃત્તિઓ યોજવામાં કરવાનો છે, જેમાં યુનિવર્સિટી-વયનાં અન્ય યુવક-યુવતીઓને પણ દસ ટકા જેટલી સંખ્યામાં મળી આવે તો સામેલ કરાશે. સામાન્ય રીતે ગુજરાત રાજ્યની બધી યુનિવર્સિટીઓના સહિયારા કાર્યક્રમો યોજાય છે, પરંતુ વિશેષ સંજોગોમાં અલગ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે પણ નીચેના જેવા કાર્યક્રમો યોજી શકાય છે:

૧) નર્મદા જેવી નદીઓમાં હોડી-સફર સાહસ; ૨) કેડીહીન પર્વતો-ડુંગરો પર શોધ-સાહસ પ્રવાસ; ૩) હિમ-હાવણી, રણ-હાવણી; ૪) યુવક-પ્રવૃત્તિ, ગ્રીષ્મ-શિબિર; ૫) નદી-સરોવરમાં લાંબા અંતરની તરણી-હરીફાઈ; ૬) લાંબા અંતરના સાઈકલ-પ્રવાસ; ૭) હિમાલયી આરોહણો; ૮) યુવક-તાલીમ વર્ગો જેવા કે, તરવાની તાલીમ, પર્વત-આરોહણની તાલીમ, હોડી ચલાવવાની તાલીમ, ૯) યુવકસેવા શિબિર. ઉપરાંત યુનિવર્સિટીઓના કોઈ વિદ્યાર્થીએ અતિ નોંધપાત્ર સાહસ, હિંમત કે પ્રામાણિકતા દાખવ્યાં હોય તો એની કદરદાની રૂપે એને ચંદ્રક આપવામાં પણ આ ટ્રસ્ટની આવકનો ઉપયોગ થઈ શકશે.

ગુજરાત પૂજ્ય મોટાનું ઋણી છે; કેમ કે પૂજ્ય મોટાએ આપણાં યુવક યુવતીઓમાં સાહસિકતા અને ખડતલપણું વિકસે એ માટે અભૂતપૂર્વ કહી શકાય તેવી યોજનાઓ ઘડી છે. એવી એક યોજનાનો વહીવટ સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રીના અધ્યક્ષપદે કાર્ય કરતી આંતર યુનિવર્સિટી યોજના સમિતિ કરી રહી છે.

ગુજરાત રાજ્યની જે કૉલેજોને વિદ્યાર્થી-જીવન ગુણ-વિકાસ ટ્રસ્ટ હેઠળની આ યોજનાનો લાભ લેવો હોય તેમણે ટ્રસ્ટના હેતુઓ ધ્યાનમાં રાખી પોતાની યુનિવર્સિટી મારફત સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રીને વિગતવાર કાર્યક્રમ વિચારણા અર્થે મોકલી આપવાનું આમંત્રણ છે.

શ્રી જ્યોતીન્દ્ર દવે અમૃત મહોત્સવ નિમિત્તે હાસ્યપરિષદ

આવતા ઑક્ટોબરની ૨૧મીએ ગુજરાતના લબ્ધ પ્રતિષ્ઠ હાસ્ય-લેખક શ્રી જ્યોતીન્દ્ર દવે ૭૫ વર્ષ પૂરાં કરે છે એ નિમિત્તે ૨૯, ૩૦ અને ૩૧મી ઑક્ટોબર દરમિયાન 'હસાહસ' માસિક એક હાસ્ય પરિષદ યોજી રહ્યું છે. આ પ્રસંગે શ્રી જ્યોતીન્દ્ર દવેના હાસ્યરસની વિવેચના સહિત ગુજરાતી સાહિત્યક્ષેત્રે હાસ્યરસના વિવિધ ખેડાણ પર પરિસંવાદ વગેરેનું આયોજન વિચારાયું છે. પ્રસંગની સફળતા માટે માર્ગદર્શનથી માંડી આર્થિક સહાય અપેક્ષિત છે. વધુ વિગત માટે લખો: 'હસાહસ' કાર્યાલય (સંપાદક 'ઊટમ'), ૧૮૮ ખેતવાડી બૅક રોડ, ૧૧મી ગલી સામે, મુંબાઈ ૪

અનુસંધાન] રૂડૉલ્ફ ન્યૂરેવ [પૃ. ૩૨૪થી

છે. ગાલનાં ઊપસેલાં હાડકાંવાળો, નાકની ફૂલેલી ફણાઓવાળો તેનો ચહેરો ભાવની અનેક છટાઓ દાખવી શકે છે. સદીઓ વીત્યે ક્યારેક જ આવો વિરલ કલાકાર જન્મે છે. જ્યારે પ્રેક્ષકો ન્યૂરેવનાં નૃત્યો વધાવે છે ત્યારે જે રીતે તે પ્રેક્ષકોની દાદ ઝીલે છે તે જોતાં લાગે છે કે રંગભવનના પ્રત્યેક પ્રેક્ષકની તે અદબ જાળવે છે. તેની સાથીદાર નર્તકીઓને તે પોતાનાં નૃત્યોથી ઉઠાવ આપે છે અને તેમનું યોગ્ય સન્માન કરે છે.

ન્યૂરેવે કોરીઓગ્રાફી–નૃત્યસંકલના પર પણ હાથ અજમાવ્યો છે ને ગયે વર્ષે લંડનમાં 'ધ સ્લીપિંગ બ્યૂટી' કિરોવની પ્રણાલિ અનુસાર રજૂ કર્યું હતું. છતાં એ માને છે કે આ વર્ષો નૃત્યો કરવામાં ગાળવાં જોઇએ. નૃત્યમંડળીઓ ચલાવવી અઘરી છે. વળી પોતાના નૃત્ય–પ્રવાસોમાંથી એને સમય પણ ઓછો મળે છે, એટલે જે ભૂમિકાઓ ભજવવાની હોય તેને સંપૂર્ણ ન્યાય આપવા તરફ જ તે લક્ષ કેન્દ્રિત કરે છે. તેને પ્રશિષ્ટ–ક્લાસિકલ–બૅલે કે આધુનિક મૉડર્ન ડાન્સ બન્ને વચ્ચે કશો સંઘર્ષ જણાતો નથી. બન્નેનાં ઊજળાં પાસાંનો એ પુરસ્કર્તા છે. તેના શબ્દોમાં 'કળાકારે તો પક્ષીની જેમ ઊડવું જ જોઈએ. એક યુવાન કળાકાર દેશ-વિદેશમાં પ્રવાસ કરે તેમાં કશી રાજકીય પક્ષાપક્ષીની ગંધ મને જણાતી નથી. જોવું, સરખાવવું, ગ્રહણ કરવું અને નવા અનુભવોથી કળાજગતને સમૃદ્ધ કરવું અનિવાર્ય અને આવશ્યક છે. પક્ષીએ તો ઊડવું જ રહ્યું, પડોશીના ઉદ્યાનનું સૌંદર્ય પણ માણવું રહ્યું, પર્વતની પેલે પાર શું છે તે પણ જોવું રહ્યું અને આ બધા અનુભવોથી પોતાના લોકોને વાકેફ કરી કળાજગતના સીમાડા વિસ્તારવા રહ્યા.' આજે તો 'વસુધૈવ કુટુમ્બકમ્' ન્યાયે તેનું કળા-વિશ્વ નવી નવી ક્ષિતિજો આંબતું રહ્યું છે. આપણે આશા રાખીએ કે ક્યારેક ન્યૂરેવ ભારતની પણ મુલાકાત લઈ શકે અને આપણે તેનાં નૃત્યોનો આસ્વાદ માણી શકીએ. □

અનુસંધાન] સંધ્યાના રંગ [પૃ. ૩૨૫થી

વધાવી લીધો. બાકી આપણે તો એક વસ્તુ જોઈ, કે કૉલેજમાં ભણતા ત્યારે હોસ્ટેલમાં રહેતા એના જેવી જ મઝા વૃદ્ધાશ્રમમાં આપણને આવે છે.' ફરી પાછું એ જ જુવાનીના સ્મિતનું પૂર્ણવિરામ. વૃદ્ધ તો શાંતિકાકાની વાત સાંભળી જ રહેલા. તરત એમને મૃત પત્નીની છેલ્લી યાદ આવી ગએલી: 'હું જાઉં છું. સમતા રાખી બાકીના દિવસો પૂરા કરજો. ભૂલચૂક માફ કરજો.' આ શબ્દો યાદ રાખી વૃદ્ધ ગમે તે પ્રસંગે સમતા રાખતા. અને પત્નીના આ છેલ્લા શબ્દોના સહારે જ જિંદગી પૂરી કરવાનું તેમણે નક્કી કરેલું.

એટલે શાંતિએ જ્યારે વૃદ્ધાશ્રમની વાત કરેલી ત્યારથી વૃદ્ધના દિલમાં એક ફડકો પેસી ગએલો: 'જો મારો દીકરો વૃદ્ધાશ્રમની વાત કરશે તો હું શી રીતે સમતા રાખી શકીશ? પણ છોકરો ને વહુ એવાં તો નથી. બંને મારું બહુ માન રાખે છે.' વિચારી પાછું મન વાળી લેતા.

લાવ, રમણિકને ત્યાં આંટો મારતો આવું. મનને કંઈક શાંતિ મળે. એ વિચારે વૃદ્ધ ઘરે ન જતાં જૂના વકીલ મિત્રને મળવા ઊપડ્યા.


વકીલ મિત્રને ઘરે પહોંચતાં જ તેનો દીકરો વૃદ્ધના પગે પડ્યો: 'કાકા, મારી અને તમારા દીકરાની બદલી થઈ ગઈ. હું હવેથી અહીં આવી ગયો ને તમારો મહેશ મારી જગ્યાએ જાય છે. મહેશે જાતે જ બદલી માગેલી. તેથી બધું તરત પતી ગયું.'

ફરી હૈયું હચમચી જાય તે પહેલાં વૃદ્ધે સમતુલા જાળવી લીધી: 'ચાલ દીકરા, તો મોં મીઠું કરાવ.' 'જરૂર, કાકા.'

વૃદ્ધ મીઠું મોં કરી, બહાનું કાઢી તરત નીકળ્યા. એમને થયું કે પોતે ગાંડા બની જશે. એક જ વમળ તેમના મગજને ડહોળી નાખતું હતું કે 'મહેશે જાતે બદલી માગી...ને મને કહ્યું પણ નહિ!'

તે બાજુની હૉટેલમાં પેઠા અને આજ સુધી લૉટરીની ટિકિટ માટે સાચવી રાખેલા રૂપિયામાંથી અરધી ચા મંગાવી રકાબીમાં ઠંડી થવા કાઢી.

માસમાસના આકાશમાં : સપ્ટેમ્બર-ઑક્ટોબર



ગયા માસમાં દક્ષિણ આકાશના એક તેજસ્વી તારા 'નદીમુખ' (Achernar)ની ઓળખ આપણે કરી. જેના મુખસ્થાને આ તારો છે એ 'વૈતરણી' નદી (Eridanus)નું વહેલી રાત્રે પૂર્ણ દર્શન થવાને હજી વાર છે, પણ હમણાં આ નકશાને આધારે એ સમગ્ર નદીને ઓળખી લઇએ તો પછી મોટે ભાગે ઝાંખા તારાઓની એ હારને આકાશમાં શોધવી સરળ થશે. 'મૃગ' તારામંડળના 'બાણરજ' (Riged) તારા પાસેથી શરૂ થઈ વળાંક લેતી એ આકાશ વીંધી છેક દક્ષિણ ક્ષિતિજ સુધી લંબાએલી છે. એના મૂળ-સ્થાન પરનો પ્રથમ તારો Cursa નામે ઓળખાય છે.

આ વૈતરણીની આજુબાજુ દક્ષિણાકાશનાં કેટલાંક નાનાં તારામંડળો છે : મૃગની નીચે 'શશક' (Lepus), તેની નીચે 'કપોત' (પારેવું Columba), એથી યે આગળ 'અસિમીન' (Dorado–the goldfish=સોનેરી માછલી) અને એની પાસે 'જાલ' (Reticulum).

અસિમીનની પૂર્વે એક બહુ તેજસ્વી તારો દેખાય છે તે છે 'અગસ્ત્ય' (Canopus). આકાશમાં નરીઆંખે દેખાતા તારાઓમાં સૌથી વધુ તેજસ્વી તારા 'વ્યાધ' પછી આ અગસ્ત્યનો ક્રમ આવે છે. આપણાથી ૬૫૨ પ્રકાશવર્ષ દૂરનો અગસ્ત્ય સૂર્ય કરતાં ૧૯૦૦ ગણો તેજસ્વી તારો છે. અસિમીન પણ છે તે નાનકડું તારામંડળ, પણ એમાંનો એક તારો આપણા સૂર્ય કરતાં પાંચ લાખ ગણો તેજસ્વી હોવાથી આ મંડળનું મહત્ત્વ છે. અસિમીન અને અગસ્ત્યની વચ્ચે એક નાનું મંડળ Pictor (the painter's easel) નામે ઓળખાય છે એ પરથી આપણે એને 'ચિત્રકાર' નામ આપ્યું છે.

વૈતરણીની પશ્ચિમમાં 'ભઠ્ઠી' નામનું એક તારામંડળ છે. પશ્ચિમના દેશોમાં એ Fornex એટલે કે the Furnace નામે ઓળખાય છે એ પરથી જ કદાચ આપણે ભઠ્ઠી નામ ઊપજાવ્યું હશે. આમાંનાં અમુક નામો તો તરજુમિયાં અને એથી આપણી દૃષ્ટિએ કંઈક અસંબદ્ધ લાગે છે, પણ એમાંનાં અમુક તો સહેતુક છે અને અરસપરસ સંબંધ ધરાવે છે, જે આપણે આગળ જતાં જોઈશું.

સારણીસ'દોહ : ત્રેવડી સદી નોંધાવતા ક્રિકેટરો

૧) એ. સૅન્ધામ	૩૨૫......	ઇંગ્લૅન્ડ વિ. વે. ઇન્ડીઝ ૧૯૨૯–૩૦	૬) હનીફમહમદ	૩૩૭......	પાકિસ્તાન વિ. વેસ્ટ ઇન્ડીઝ ૧૯૫૮
૨) ડૉન બ્રેડમૅન	૩૩૪......	ઑસ્ટ્રેલિયા વિરુદ્ધ ઇંગ્લૅન્ડ ૧૯૩૦	૭) ગૅરી સોબર્સ	૩૬૫ નૉ. આ.	વેસ્ટ ઇન્ડીઝ વિ. પાકિસ્તાન ૧૯૫૮
૩) વૉલ્ટર હૅમંડ	૩૩૬......	ઇંગ્લૅન્ડ વિ. ન્યૂ ઝીલૅન્ડ ૧૯૩૨-૩૩	૮) બૉબી સિમ્પસન	૩૩૧......	ઑસ્ટ્રેલિયા વિરુદ્ધ ઇંગ્લૅન્ડ ૧૯૬૪
૪) ડૉન બ્રેડમૅન	૩૦૪......	ઑસ્ટ્રેલિયા વિરુદ્ધ ઇંગ્લૅન્ડ ૧૯૩૪	૯) જૉહન ઍડ્રીચ	૩૧૦......	ઇંગ્લૅન્ડ વિરુદ્ધ ઑસ્ટ્રેલિયા ૧૯૬૪
૫) લેન હટન	૩૬૪ નૉટ આઉટ	ઇંગ્લૅન્ડ વિ. ઑસ્ટ્રેલિયા ૧૯૩૮	૧૦) બૉબ કાઉપર	૩૦૭......	ઑસ્ટ્રેલિયા વિ. ઇંગ્લૅન્ડ ૧૯૬૫ ૬૬
			૧૧) લૉરેન્સ રોવ	૩૦૨......	વેસ્ટ ઇન્ડીઝ વિરુદ્ધ ઇંગ્લૅન્ડ ૧૯૭૪

ગણિત-ગમ્મત

૧૨૩૪૫૬૭૮૯ એ એક એવી રકમ છે કે જેને ૨, ૪, ૫, ૭ અને ૮ (૩ વડે અવિભાજ્ય) અંક વડે ગુણવાથી જે જવાબ આવે તે પણ આડા-અવળા છતાં ૧ થી ૯ સુધીના બધા આંકડાવાળો જ હશે. દા. ત. ૧૨૩૪૫૬૭૮૯×૭=૮૬૪૧૯૭૫૨૩. પણ આ તો એક જાણીતી ગમ્મત છે. પરંતુ નવાઈ તો એ છે કે આવી મૂળ રકમ અને ઉપર પ્રમાણે એનો ગુણાકાર કરતાં આવતા જવાબની રકમ અથવા આવા કોઈ પણ બે ગુણાકાર કરતાં આવેલા જવાબોની રકમના સરવાળામાં યે જવાબમાં ૧ થી ૯ સુધીના બધા અંકો જ આવે છે.

(૧) ૧૨૩૪૫૬૭૮૯+(૧૨૩૪૫૬૭૮૯×૪) એટલે કે ૧૨૩૪૫૬૭૮૯+૪૯૩૮૨૭૧૫૬=૬૧૭૨૮૩૯૪૫

(૨) ૧૨૩૪૫૬૭૮૯+(૧૨૩૪૫૬૭૮૯×૭)=૯૮૭૬૫૪૩૧૨

(૩) (૧૨૩૪૫૬૭૮૯×૨)+(૧૨૩૪૫૬૭૮૯×૫)=૨૪૬૯૧૩૫૭૮+૬૧૭૨૮૩૯૪૫=૮૬૪૧૯૭૫૨૩.

અને આ પણ જુઓ કે આમાં નં. ૧નો જવાબ ૬૧૭૨૮૩૯૪૫ એ ૧૨૩૪૫૬૭૮૯×૫ બરાબર છે. એ જ રીતે નં. ૨નો જવાબ ૧......૯×૮ તથા નં. ૩નો જવાબ ૧......૯×૭ બરાબર છે.

—કિશોર ન. ગોરધનદાસ

પરદેશનાં પત્રમિત્રો

(1) Miss Sonali Fernando, 23/2 School Avenue, Nawala, Rajagiriya, Shri Lanka. (Age–12) Reading, music stamps, view-cards. (2) Joaquin Rubio Salazar, LaFama, Uruguay 157–A, Mexico-1, Do Fo, Mexico. (Male-aged–14) Stamps, flags, coins. (3) Geoffery Kustka, 226 Hampdon Road, Hollywood 6009, W. Australia. (M–9) Sports, coins, stamps. (4) Charles Germann, 2386, Robindale, stockton, Calif. 95205, U. S. A. (M–13) Scouting, fishing, stamps, postcards. (5) Miss Chan Kid Fung, 1061–D, Jalan Nong Chik, Johor Baru, Johor, W. Malaysia. (aged–16) Corresponding, sewing. (6) Miss Sandi Haney, Rout 1, Box 164, Ottsville, Pa. 18942, U. S. A. (aged–18) Traveling, music, animals, water-sorts. (7) Carlos A. Centurion, Calle 6, 520 (altos), entre 23 y 21, Ved do, Habana 4, Cuba. (M–17) Reading, stamps, view-cards.

આ માસ (સપ્ટેમ્બર) ઇતિહાસમાં

તા. ૩ ચાર્લ્સ પહેલાંના વધ પછી પોતાના દક્ષ અમલ વડે ઇંગ્લૅન્ડનું સામર્થ્ય વધારી તેને 'સમુદ્રની મહારાણી' પદે પહોંચાડનાર ઑલિવર ક્રૉમવેલના જીવનની શુકનવંતી તારીખ ઈ. ૧૬૫૦માં એ આ તારીખે ડનબરની લડાઈ તથા ઈ. ૧૬૫૧માં વૂસ્ટરનું યુદ્ધ જીત્યો હતો. ઈ. ૧૬૫૮માં આ તારીખે તેનું અવસાન થએલું. અને...

તા. ૧૨/૧૭૯૨ 'કચ્છના ક્રૉમવેલ' તરીકે ખ્યાત જમાદાર ફત્તેહમહમદે કચ્છનું શાસન પોતાને હાથ લીધું. કચ્છના યુવાન રાવ રાયધણ બીજાના બિફામપણાને કારણે અંજારના કારભારી મેઘજી શેઠે એમને કેદ કરીને રાજવહીવટ માટે 'બારભાયા' મંડળ સ્થાપ્યું હતું. પણ એમાં અંદરોઅંદર ફાટફૂટ પડતાં રાયધણ મુક્ત થયા ત્યારે ફત્તેહમહમદે એમને ફરી કેદ કરી પોતાને હાથ સત્તા લઈને રાજવહીવટમાં વ્યવસ્થા આણી. એણે વાગડમાંથી લુટારુઓને તગડયા, માંડવીના વ્યાપારીઓને ચાંચિયાઓ સામે રક્ષણ આપ્યું, રાધણપુરના નવાબને નમાવ્યો, હાલાર ઓખા ને બરડામાં ચડાઈ લઈ જઈ જામ-ભાણવડમાં થાણું નાખ્યું ને ઘોળમાં કિલ્લેદાર બેસાર્યો. કચ્છનો વેપાર ને હકૂમત વધારવા એણે તૂણા બંદર વિકસાવ્યું ને વાગડમાં બે નવા કિલ્લા તથા લખપતનો ગઢ કરાવ્યો. કચ્છની પ્રતિષ્ઠા દૂર દેશાવર સુધી વધારીને એણે છેક મ્હેસૂરનાં ટીપુ સુલતાન સાથે મૈત્રીસંબંધો બાંધ્યા હતા.



તા. ૫/૧૯૨૪ મુસ્લિમ છતાં તુર્કસ્તાને પોતાને ત્યાંથી બહુ પત્નીત્વનો રિવાજ દૂર કર્યો.

તા. ૯/૧૯૪૮ વ્યક્તિને નાત બહાર મૂકવાના કાર્યને ગુનો ઠરાવતો કાયદો થયો.

તા. ૧૦/૧૬૪૫ તાજમહાલનું બાંધકામ પૂર્ણ થયું. મુઘલ સલ્તનતની જાહોજલાલી શાહજહાં જ્યારે ગાદીએ આવ્યો ત્યારે શિખરે પહોંચેલી હતી. જગવિખ્યાત મયૂરાસન, આગ્રાની મોતી મસ્જિદ, દિલ્હીની ભવ્ય જુમ્મા મસ્જિદ અને લાલ કિલ્લામાંના દીવાને આમ અને દીવાને ખાસ વગેરે એની ઉત્કૃષ્ટતાના દ્યોતક નમૂનાઓ છે. પણ આ બધાંમાં શિરમોર સમો તો તાજમહાલ જ. શાહજહાં ગાદીએ આવ્યા પછી થોડા જ સમયમાં એની પ્રિયતમ બેગમ અર્જુમન્દ બાનુ મુમતાજ મહલનું અવસાન થયું. એ બેગમની યાદમાં શાહજહાંએ સંગેમરમરમાં આ ભવ્ય સુંદર મકબરો બનાવરાવ્યો. મુમતાઝના અવસાન પછી તુરત શરૂ થએલું આ કાર્ય વર્ષો પછી આ તારીખે પૂરું થયું. આ મકબરાનું જગવિખ્યાત કલાકૌશલ આજે સૈકડો વર્ષ પછી યે આજની દુનિયાના સાધનસંપન્ન કારીગરો ને ઈજનેરોને પણ બેજબાં કરી દે છે.

તા. ૧૫/૧૮૩૦ લિવરપુલ અને માંચેસ્ટર વચ્ચે રેલવે ચાલુ થતાં રેલમાર્ગના યુગનો આરંભ થયો. સ્ટીફન્સનના વિખ્યાત ઍંજિન 'ધ રૉકેટ' વડે ચાલતી એ પહેલી રેલગાડી આરંભમાં કલાકે ૨૯ માઈલના વેગે ચાલતી. આગળ જતાં એ ગતિ ૫૩ માઈલ સુધી પહોંચેલી. એમાં ઉપલા વર્ગના ડબા એ સમયની બંધ ઘોડાગાડી જેવા પણ વધુ લાંબા હતા ને પ્રવાસીઓનો સામાન એના છાપરા પર મુકાતો. જ્યારે નીચલા વર્ગના ડબા આજના ખુલ્લા ભારખાના જેવા હતા.

તા.૧૮/૧૯૨૪ કોમી દાવાનળ સામે ગાંધીજીએ પ્રથમ એકવીસ દિવસના ઉપવાસ આદર્યા.

તા. ૨૨/૧૯૨૧ ધોતીયું પહેરણ છોડી દઈ ગાંધીજીએ માત્ર કચ્છ પહેરવાનો નિર્ણય લીધો.

તા. ૨૩/૧૬૬૮ દર વર્ષે ૩૦મી સપ્ટેમ્બરે સોનાના ૧૦ પાઉન્ડ આપવાની શરતે ચાર્લ્સ બીજાએ ઈસ્ટઇંડિયા કંપનીને મુંબાઇનો ટાપુ ભાડે આપ્યો. આ ટાપુ એનીરાણીને દાયજામાં મળ્યો હતો.

તા.૨૮/૧૮૩૭ અકબરશાહ બીજાના અવસાન પછી એના પુત્ર મુહમ્મદ બહાદુરશાહ બીજાની દિલ્હીમાં તખ્તનશીની. ઈ. ૧૮૫૭ના બળવા વખતે અંગ્રેજોએ આ જ માસની ૧૪મી તારીખે દિલ્હી પર હુમલો કર્યો, ૧૫મીએ શહેર પર તોપમારો ચલાવ્યો, ૧૬મીએ ૧૭૦ તોપો કબજે કરી, ૨૦મીએ કૅપ્ટન હડસને દિલ્હીમાં પ્રવેશ કરી રાજગઢ હાથ કર્યો અને, ત્યાંથી નાસીને હુમાયુના મકબરામાં છુપાએલા મુઘલ બાદશાહને એક દરબારી મિરઝા ઈલાહીબક્ષની દગાખોરીથી તા. ૨૧મીએ બેગમ ઝિન્નતમહાલ તથા શાહજાદા જામબખ્ત સાથે કેદ કર્યો.
તા. ૨૩મીએ એ જ મકબરામાંથી હડસને બહાદુરશાહના બીજા બે પુત્રો અને એક પૌત્રને પણ પકડયા ને દિલ્હી લાવતાં માર્ગમાં ગોળીથી એમને ઠાર કર્યા.



શેઠાણી : તું તો મારી ડોર બેલ (ઘંટડી) રીપેર કરવા કાલ આવવાનો હતો ને?

રીપેરર : હું આવ્યો'તો બાઈ સાહેબ—ને ચાર વાર ઘંટડી વગાડી'તી; પણ કોઇએ બારણું ઉઘાડયું જ નહિ. એટલે જતો રહ્યો.'

~

શિક્ષક : કનુ, તેં કૂતરા ઉપર લખેલો નિબંધ મનુના નિબંધમાંથી ચોરી કરીને લખ્યો છે ને?

કનુ : ના સાહેબ.

શિક્ષક : તો પછી બંનેના નિબંધ એક સરખા કેમ છે?

કનુ : કારણ કે અમે બંનેએ એક જ કૂતરા ઉપર નિબંધ લખ્યો છે.

~

એક ઘડિયાળીની દુકાને 'પડતર કરતાં પણ ઓછી કિંમતે ઘડિયાળો' એવી જાહેરાત વાંચીને એક માણસે તેના વેપારીને પૂછ્યું : 'તમે આ પડતર કરતાં પણ ઓછી કિંમતે વેચો છો તો તમારો નફો ક્યાંથી નીકળે છે?'

'એના રીપેરિંગની કમાણીમાંથી.' વેપારીએ ઠંડકથી જવાબ આપ્યો.

~

એક ચીકણી બાઈ સ્ટોરમાં જોડા લેવા ગઈ. પચાસેક જોડ કઢાવ્યા બાદ તેને અંતે એક જોડ પસંદ આવી અને આનંદ વ્યક્ત કરતાં બોલી : 'તમને ખબર છે? હું અહીં સ્ટોરમાં આવી ત્યારે મારું માથું સખત દુખતું હતું. હવે એ દર્દ કોણ જાણે ક્યાંય અદૃશ્ય થઈ ગયું છે.'

કંટાળેલા સ્ટોરવાળાએ ઠાવકાઈથી કહ્યું : 'એ કશે ગયું નથી, બાનુ. એ મારા માથામાં પેઠું છે!'



('જનસત્તા'માં 'શિવ')

—શે'ર—

જે બન્નેઉ બળિયા, એ સાચું છે કિંતુ
પ્રયત્નોથી કિસ્મત હમેશાં ડરે છે.

—અસદ સૈયદ—

એક યહૂદી સ્ત્રી હજરત મહમ્મદ પયગંબર સાહેબ પર, તેમના ઈસ્લામના પ્રચારથી એટલી ગુસ્સે હતી કે પોતાના ઘર પાસેથી તે નીકળતાં રોજ તેમના માર્ગમાં કાંટા નાખતી, ને ઉપરથી રાખ તથા કચરો ફેંકતી. એક દિવસ આવું કશું ન બનવાથી પયગંબર સાહેબે પડોશમાં તપાસ કરતાં જાણવા મળ્યું કે એ બીમાર હતી. તરત હઝરત મુહમ્મદ સાહેબ તેને ઘેર જઈ પ્રેમથી તેના ખબર પૂછ્યા. આથી તે બાઈ પર એટલી અસર થઈ કે તેણે ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો.

કહેવતો : 'કટકના પગ અવળા'—લશ્કરની વ્યૂહાત્મક હીલચાલ કદી એકધારી હોતી નથી, એકાએક દિશા બદલવી પડે. એ દૃષ્ટાંત ઉપર, જે કામ (અથવા વ્યક્તિ)નું પરિણામ (કે હીલચાલ) ધાર્યા પ્રમાણે ઊતરે એવું ન લાગતું હોય તેના સંદર્ભમાં વપરાતી કહેવત.

અનેકાર્થી શબ્દ ચૂક = ભૂલ અથવા કસૂર; ખામી કે ત્રુટી; એ નામનો એક ખટાશવાળો છોડ; ખાટું; લીંબુ અને દાડમના રસ ઉકાળીને બનાવેલી દવા.

ગણિતગમ્મત

૨, ૩, ૪ અને ૫ એ અંકોમાંથી બનતી નીચેની સંખ્યાઓ એવી છે કે જેને ૭ વડે સંપૂર્ણપણે નિઃશેષ ભાગી શકાય.

૨૩૪૫ ÷ ૭–શેષ ૦
૨૫૩૪ ÷ ૭– „ ૦
૩૫૪૨ ÷ ૭– „ ૦
૪૨૩૫ ÷ ૭– „ ૦
૫૨૪૩ ÷ ૭– „ ૦
૫૪૩૨ ÷ ૭– „ ૦ (મ. ના. ખત્રી)

અંકસંદર્ભ : ચાર—તુલનાના ચાર અલંકાર : ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક, અપહ્નુતિ : ચાર દેહ : સ્થૂલ, સૂક્ષ્મ, કારણ, મહાકારણ; ચાર ઉત્પત્તિ : અંડજ, જરજ, સ્વેદજ, ઉદ્‌ભિજ્જ; ચાર મુખ્ય ધર્મ : હિંદુ, બૌદ્ધ, ઈસ્લામ, ખ્રિસ્તી; ચાર લલિતકલા: નૃત્ય, નાટ્ય, ગાયન, વાદન. શંકરાચાર્યના ચાર મઠ: ઉત્તરે બદ્રિકાશ્રમમાં જ્યોતિર્મઠ, પૂર્વે જગન્નાથપુરીમાં ગોવર્ધન મઠ, પશ્ચિમે દ્વારકામાં શારદા પીઠ, દક્ષિણે શૃંગેરી મઠ.

શરીર પર કરોળીઆ જેવા ડાઘ પડે છે તે ચામડીનો રોગ કેળના પાણીથી ધોવાથી થોડા દિવસમાં મટી જાય છે. —પુ. હ. પટેલ

जामाता जठरं जाया
जातवेदो जलाशयः।
पूरिता नैव पूर्यन्ते
जकार पंच दुर्भराः॥

જમાઈ, જઠર (પેટ), જાયા (પત્ની), જાતવેદ (અગ્નિ) અને જળાશય (તળાવ) એ પાંચ જકારને ગમે તેટલું ભરતા રહીએ, તો પણ પુરાતાં-ધરાતા નથી.



ટિકિટ-કથા : બ્રિટનની ટપાલ-ટિકિટ પર છપાતી રાણી વિક્ટોરિયાની છબિ એના સમગ્ર શાસનકાળ દરમિયાન બદલાઈ નહોતી. ઈ. ૧૮૪૦માં 'પેની-બ્લૅક' પર એની જે છબિ હતી એ જ છેક ૧૯૦૦ની ટિકિટો પર પણ છપાતી હતી. પણ કૅનેડાની ટિકિટો પર રાણીની વયના વધવા સાથે ટિકિટો પરની છબિ બદલાતી રહેલી. જેમાંની છેલ્લી ૧૮૯૭ થી ૧૯૦૦ દરમિયાનની ટિકિટો પર એના શાહી ગૌરવવાળી છબિ હતી. આમાં સહેજ ફેરફાર તથા રંગફેર સાથે વિવિધ મૂલ્યની ૨૯ ટિકિટો હતી. નગર વપરાએલી એ ટિકિટોની આજે લગભગ ૩૦૦ પાઉન્ડ જેટલી કિંમત અંકાય છે.

ફરસબંધી પર બાટલી યા કાચની કોઈ વસ્તુ ફૂટી જઈ કાચના બારીક ટુકડા વેરાઈ પડયા હોય ત્યારે તેને હાથ યા ઝાડુથી એકઠા ન કરતાં કપડાને પાણીથી ભીંજવી તેને એ જગ્યા પર ધીરેથી ફેરવી લો એટલે કાચના કણ તેમાં ચોંટી જશે. પછી તે કપડાને વહેતાં પાણીમાં ધોઈને સૂકવી દો.

તમે જાણો છો ? ✆ શેક્સપિયરે રચેલાં બધાં પાત્રોમાં સૌથી વધારે બોલકું પાત્ર હૅમલેટનું છે. તે કુલ ૧૫૬૯ લીટીઓ બોલે છે.

રેશમની બનાવેલી રંગીન વસ્તુઓને ધોળા કાગળ કદી વીંટાળવો નહિ. કારણ એ છે કે ધોળા કાગળમાં સફેદાઈ લાવવાને ચૂનો વાપરવામાં આવે છે. વખત જતાં ચૂનાની અસર વસ્તુના રંગ ઉપર થાય છે. એને બદલે રંગીન કાગળ અથવા બ્રાઉન પેપર વાપરવો એ વધારે સારું છે. તેથી નુકસાન નહિ થાય.



કૅનેડાની રાષ્ટ્રીય સંશોધન સંસ્થાએ શોધ્યું છે કે ૭૦° ફે.ના વાતાવરણમાં સ્વસ્થતાથી બેઠેલો માણસ જે વસ્ત્રો પહેરે એ જ વસ્ત્રો જો એ ૪૦° ફે. જેટલા વાતાવરણમાં ચાલી રહ્યો હોય ત્યારે યા ઘન્યથી નીચે ૫° જેટલા વાતાવરણમાં દોડી રહ્યો ત્યારે એટલી જ હૂંફ આપે છે.



કલાકણિકા : અઢારમી સદીનું એક પાત્ર. માનવચહેરાને તેમાં અનોખા રૂપે સંયોજીને કરેલી કલાચાતુરીનું એક દૃષ્ટાંત.

દાંતની નબળાઈ અને પાયોરિયા જેવા દરેક પ્રકારના રોગમાં બોરસલીની છાલનો ભૂકો અને મીઠું મેળવી મંજન કરવાથી રાહત મળે છે.

'અનિલ'લહરી — રતિલાલ 'અનિલ'

હોદ્દાની સવારી ન કાઢી શકે તે ચગડોળના હાથી પર બેસે.
પોતાની મૂછ આમળી ન શકે તે બીજાનું પૂછડું આમળે છે.